અંક ૨૩

વર્ષ ૨ અંક ૧૧
કારતક ૧૯૮૨

કુમાર

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી
રવિશંકર રાવળ



કુમાર કાર્યાલય
૨૭૦૭ રાયપુર : અમદાવાદ

ફોટો : રવા છબા પરમાર : જામનગર

કુમારનો રસિયો



ধ্রুব

কার্তিক'৫২



નૂતનશ્રી

ભયંકર ગાજવીજ, ઉન્મત્ત તોફાન અને મૂશળધાર વરસાદ પછી પ્રશાન્ત ઉઘાડ નીકળે છે. ભયાનક સ્વપ્નો અને ઉદ્વેગ ચિંતાઓભરી ભીષણ કાળરાત્રી પછી પ્રકાશનું રંગીન પ્રભાત ફુટે છે. એ વેળા અંતરમાં કેવી પ્રફુલ્લતા અને શાતા પ્રગટે છે !

પાનખરના ભુખરમાં ઝરડાઈ ગએલી વનસ્પતિ ફુટડી વસંતની પહેલી જ નજરે પાંગરવા માંડે છે, ઠુંઠવાઈ બેઠેલાં પંખીઓના કંઠ ખુલી જાય છે અને વાતાવરણમાં ચેતન ચડે છે.

વિનાશક દુકાળ, જીવલેણ રોગચાળા, યુદ્ધના પ્રલય કે અનેક મુશ્કેલીઓ અને ખોટ-હાનિઓ;—એ સૌ વચ્ચે આખું યે વરસ ભલે વીત્યું હોય છતાં નવા વર્ષનું અરુણદર્શન જગત-ભર અપૂર્વ મોહ ઉપજાવે છે.

એવી એ કયી વરદાયિની શક્તિ છે જે એ શાતાના શેરડા પાડે છે, વાસંતી નવપલ્લવતા લાવે છે અને અંતરતર મોહ ઉપજાવે છે ? . . . નૂતનશ્રી.

શોકાડંબરમાંથી એ શ્રદ્ધા જન્માવે છે, આંસુના ઓટ કરી આશાનો જુવાળ ભરે છે; કાળના જખ્મો રૂઝવી સાન્ત્વન અર્પે છે. માતાની ગોદમાં અને બાળકના ગાલમાં ગરીબની રાબમાં ને અનાથની ભુખમાં અવનવ માધુરી એ રેડે છે. પ્રતિપલ એની વિરાટ કાયા સંસારનું પ્રાણચક્ર ચલાવી રહી છે.

એનું પગલું પડે ને સૃષ્ટિ પલટાઈ જાય છે; એની મીટ મંડાય ને વાતાવરણ રંગાઈ જાય છે.

આશાની એ યોગિની છે, આનંદની અધિષ્ઠાત્રી છે, ચેતનની દેવી છે; . . . રે, જગત-આખાની એ સંજીવની છે.

આપણે એને પ્રાર્થીએ કે

અભિનવ ઉડયંતી બાલ્યની કલ્પના તું,
પરમ ગહન દૈવી યૌવને ભાવના તું;
વિકળ જડ જરાની સૌમ્ય સંજીવની તું,
ભગવતી પ્રિય વંદું પ્રાણની નૂતનશ્રી.

દેશળજી પરમાર



દીવાળી અને દીવાળું

દીવાળીનાં પર્વ તો વીતી ગયાં, પણ તેનાં સંભારણાં રૂપે લગભગ દરેક માસિક, અઠવાડિક અને દૈનિક પત્રે દીવાળીના અંકો બહાર પાડ્યા છે તે જોઇને આપણા દીવાળીના ઉત્સવનું—ગુજરાતની કલાનું–દીવાળું ખુલ્લું થાય છે.

અત્યારના તંત્રીઓએ પોતાના અંકો માટે કલાનાં વિશેષાંગોનો એવડો મોટો ભંડાર શોધી કાઢ્યો છે કે કોઇને એ વાંચતાં એમ જ લાગે કે આપણે કળાની સંપૂર્ણતાએ પહોંચી ગયા છીએ. તેમણે કળાની જરૂરિયાત લખાણથી અથવા કળા પરના લેખોથી જ પુરી પાડ્યાનો હર્ષ માની લીધો છે. તેમના દીવાળીના અંકો દીવાળીના ઉત્સવ રૂપે નીકળતા હોત તો, જે કાળજી અને ચીવટથી ઉત્સવની રસોઇ બનાવવામાં આવે છે એટલી પણ એમણે બતાવી હોત. ઉત્સવને દિવસે રસોઈ બગડે તો મહેમાનોની શી દશા થાય, ઘરની આબરૂ કેમ કરીને રહે, વગેરે વિચાર એક સામાન્ય ગૃહિણીને જેટલા ખટકતા હોય છે એટલી યે લાગણીઓ આપણા તંત્રીઓ ભાગ્યેજ રાખતા લાગે છે.

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' પત્ર અંગ્રેજોને હાથે ચાલતું હોવા છતાં તેના નાતાલના અંકોમાં હિન્દુસ્તાનની કલા, અને તે સંબંધેનાં ચિત્રો, લેખો, શણગાર-સુશોભન વગેરે જે કાળજી અને જહેમતથી મેળવી સ્વચ્છ અને સુંદર રીતે છાપવામાં આવે છે તે જોઈ આપણા દીવાળીના અંકોનો વિચાર કરીએ તો આપણે હજી ક્યાં છીએ તેનો ખ્યાલ આવશે.

એ પત્ર હાલનાં છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનો ધરાવતું હોવા છતાં તેના

મહત્વાકાંક્ષી જરૂર થજો
સ્વપ્નાં ઘડજો
અને તે પાર પાડવા મથજો
માત્ર શેખચલ્લી બની બેસી ન રહેતા

નાતાલના અંકની તૈયારી લગભગ છ માસ પહેલાં થઈ ગઈ હોય છે. ચિત્રો ને સુશોભનો માટે તો તેના તંત્રીએ કાયમનો એક મોટો સંગ્રહ સિલિક રાખ્યો હોય છે.

પણ આ બધું કરવાની કલાદૃષ્ટિવાળા તંત્રીઓ ક્યાં ? કલાની દૃષ્ટિ નથી, તાલીમ નથી, છતાં કલા અને કલાકારો પર લેબલ લગાવી ડિગ્રિઓ આપવાને તૈયાર એવા આપણા એ વિદ્વાન મિત્રોની આ બધું લખવા માટે ક્ષમા માગીશું અને તેમને વિનંતિ કરીશું કે દવાના જ્ઞાન વિના દરદીને ગમે તેવા ફાંટા પાવાનું કૃપા કરીને બંધ કરો !

નરી હરીફાઇને ખાતર અંકો કાઢનારાઓ કળા પાછળ જોઇતી ઉપાસના, ધીરજ કે સમય આપી જ શક્તા નથી. દોડધામ અને તાર-ટપાલના સપાટાથી લેખકો અને ચિત્રકારોને દોડીને કલા મેળવી લેવાતી નથી. કલા કોઇને માટે ઉતાવળી થતી નથી અથવા તે બજારની તેજીમંદી કે હરીફાઈના પારાની ચડઉતર સામે પણ જોતી નથી. કલા જ્યાં હોય ત્યાં, તેની ઈચ્છાને આધીન થવાથી જ તે મળે છે. કલા માટે જોઇતાં આદર અને માન જ્યાં સુધી પ્રજામાં નહિ હોય ત્યાં સુધી કલા દેશને બારણે ઢુકવાની પણ નથી.

*

'કુમારે' ખુલ્લી મુકેલી રંગોળીની હરીફાઇમાં જોઇએ એવા નમુના આવ્યા નથી એ વાત લખતાં પણ અપાર ખેદ થાય છે, કારણકે એમાં પણ પાછું કલાનું જ દીવાળું દેખાય છે. નીશાળની ચલણી આકૃતિઓની અચોક્કસ નકલો, અવિચારી રંગો અથવા કંઇ પણ ઈરાદા વિનાનાં ભૂમિતિનાં ચિત્રો એ રંગોળી ન કહેવાય. મને તો એ ચિત્રો જોઈ કામ કરનારની મનોદશા માટે શોક થયો.

પોતાની જ બનાવેલી, પોતાની જ શોધેલી, પોતાની જ ગોઠવેલી એવી મૈ.લિક – મુળ – અસલ વસ્તુઓને ચાહનારા આપણા દેશમાં બહુ ઓછા છે. રંગોળીમાં આ જાતની સ્વતંત્રતા, સ્વાધીનતાને ઘણો જ અવકાશ હોવા છતાં કોઇ પણ આકૃતિ નવીન અથવા સ્વતંત્ર ભેજાનું પરિણામ ભાગ્યે જ લાગી છે. રંગોળી કરનારમાં આનંદનો ઉછાળો ન હોય તો રંગોળી સારી નથી થતી એ ઘણી વાર દેખાયું છે. આપણા આનંદ ઉપરછલ્લા કેમ છે ? ઉત્સવો ઉજવતાં આપણા હાથપગ ઢીલા કેમ પડે છે ? પ્રજાના પ્રાણ શું ઓસરી ગયા છે ?

આપણી દેશી બનાવટો-આપણા દેશની વસ્તુઓનાં રૂપો તથા ઘાટો પાછળ, મકાનો ને તેના શણગાર પાછળ આપણા પહેરવેશ, રહેણીકરણી ને ઉત્સવો પાછળ અનેક કલામય ભેજાંઓ ખતમ થયાં છે. તમે તાજી આંખે એ બધાંને જુઓ, પુનઃપુનઃ નીરખો, સરખાવો, અભ્યાસ કરો તો તેની કલ્પના ને સુંદરતા જોઇ તમને આશ્ચર્ય થશે.

આપણા દેશની સુંદર ઇમારતી કોતરણીઓ પરદેશ ચડી જાય; આપણાં ત્રાંબાપિત્તળનાં સુંદર વાસણો ભંગારમાંથી યે યુરોપવાસીઓ ખરીદી જાય; આપણાં દેવદેવીઓની અદ્ભુત મૂર્તિઓ જર્મની અને ફ્રાન્સનાં મ્યુઝિયમો સંઘરે; હિન્દુસ્તાનનું કાંઈ પણ સારું, અને સુન્દર

હોય તેની કદર પરદેશીઓ કરે એ આપણું દીવાળું નહિ તો બીજું શું ?


આપણાં આંખ–કાન તો માત્ર બાંકોરાં રૂપ બની ગયાં છે. નથી તેને સ્વરની સૂક્ષ્મતાની ખબર, કે નથી તેને રૂપરંગના સુંદર સંગીતની અસર. આવાં અપંગ માનવ પ્રાણીઓથી આપણો સંસાર ચોપાસ ઉભરાય છે. વરઘોડા અને જમણવારોમાં ગાંડા ખર્ચ કરનારા આપણે કલા અને કારીગીરીઓમાં તદ્દન અંધ અને બેખબર રહ્યાછીએ. દેશનો દ્રવ્યપ્રવાહ ગટરમાં જાય છે, અને કલાસંપત્તિ પરદેશ ઘસડાય છે. આ આપણા સંસ્કારનું દીવાળું.

પાટણના જુના અપાસરાના અદ્‌ભુત કોતરકામવાળા પાટડા ચોકીદારોની ચલમ સળગાવવા માટે છોડિયાં થતા પડ્યા છે; ભરૂચનો કબીર વડ જે સૃષ્ટિ આખીના ચમત્કારરૂપ, તેને થોડા કપાસની ખાતર બાંડોખાંડો કરવામાં આવે છે; સરકારી બાંધકામખાતાંવાળાઓ જુનાં સુંદર મકાનો તોડી નાખી આપણાં શહેરો કદરૂપાં બનાવે છે; ફરજિયાત કોટપાટલુનના બંગલા પોષાક આગળ આપણા ભદ્દે લાગતા નાગરિક પોષાકની અવગણના—બહિષ્કાર થાય છે. સૌન્દર્યપ્રેમની વાતો તો ઘણી યે થાય છે. પણ કોઇએ આપણાં દિન પર દિન કુરૂપ થતાં જીવન, રહેણી, પોશાક, વસ્તુઓ, મકાનો, શહેરો માટે ઝુંબેશ ઉઠાવી છે ? યુગની ધનસંપત્તિ અને ભંડાર રહેશે કે જશે એ કોણ જાણે છે ? પણ યુગની સ્મૃતિ રૂપ કલાકૃતિઓ તો જરૂર રહેશે. એથી જ દેશનો તાગ ગણાશે; એ પર જ યુગનું મહત્ત્વ અંકાશે. આ બધાં ઉપર વિચાર કરવાનો વખત દેશના સંસ્કારી માણસોને છે ?

એમને ન હોય તો પછી આ સાદ પાડવાનું એક જ ઠેકાણું છે; અને તે દેશની તારણહાર આવતી કાલની પ્રજા.

એક મહીના પછી

'કુમાર'નું બીજું વર્ષ પુરૂં થશે. ત્રીજા વર્ષથી 'કુમાર' એક નવું પગલું આગળ ભરશે તેને મક્કમ બનાવવા તમે મક્કમ રહેજો. ત્રીજા વર્ષ માટે અમારી શી શી ભાવનાઓ છે તેનું સૂચન આવતા અંકમાં જોજો.



લલાટના લેખ

આપણામાં માન્યતા છે કે માણસ લલાટે જે વિધિના લેખ લખાવીને જ જન્મે છે, તે કોઇ મિથ્યા કરી શકતું નથી. વિધિના લખેલા એ ભવિષ્ય પ્રમાણે જ હર પળે માણસની જીંદગી વીતે છે, અને એમાંનો પ્રારબ્ધનો એક આંકડો સરખો યે ફેરવવાની માણસની ગુંજાશ નથી. પ્રારબ્ધ આગળ પુરુષ પામર છે.

ખરે જ, ભરી માનવજાતના મનુષ્યત્વને બટ્ટો લગાડનારાં આ વેણ છે. એ માન્યતા, એ કહેવત પુરુષોના પુરુષાતનને કલંક રૂપ છે. આપણી પડતીનો, આપણી નામર્દાઇનો એ ધ્વજગરો છે.

આપણામાં કોઇ બાળ વયે, કે ભરજુવાનીમાં મરી જાય તો લોકો કહેશે 'એ તો પ્રારબ્ધના જેવા લેખ !'. કોઇનો વેપાર ભાંગે, કોઈની નોકરી તુટે, કોઇને અકસ્માત થાય, કાંઇ મંદવાડ આવે, ઘરમાં આગ લાગે, કંઇ અણચિંતવી આફત આવી પડે કે લોકો એ જ નીસાસાનાં વેણ કાઢવાનાં: 'જેવા લલાટના લેખ, ભાઈ! પ્રારબ્ધ આગળ આપણું શું ચાલે ?'

આપણી પડતીનું અરધું કારણ આપણો આ પ્રારબ્ધવાદ છે. માણસને પ્રભુએ પ્રાણનું ઐશ્વર્ય બક્ષ્યું છે. એ પ્રાણ બતાવ્યા વિના, પુરુષાતન દાખવ્યા વિના, નિર્માલ્ય બાયલાની પેઠે કપાળે હાથ દઇ પ્રારબ્ધને દોષ દેતા બેસવું એ આપણી મર્દાઈનું કલંક છે, ભયંકર પાપ છે, આત્માનો ને પ્રભુનો દ્રોહ છે.

જગતમાં જેટલા પુરુષો મહાન બન્યા છે તે બધાની જીવનમાળાના મણકા ફેરવીફેરવીને ગણી જાઓ. તમને જણાશે કે તેમાંનો એકેએક જણ પ્રારબ્ધને થપ્પડ મારીને જ મહાન બન્યો છે. સત્તાને સિંહાસને ચડનાર, લક્ષ્મીની ગોદમાં આળોટનાર, સરસ્વતીને પોતાની જીભ પર રમાડનાર, આત્માનું સામ્રાજ્ય જીતનાર કે ઇશ્વરને પોતાની તહેનાતમાં ખડે પગે રાખનાર દરેક મહાન સત્તાધીશ, શ્રીમંત, વિદ્વાન, જ્ઞાની કે ભક્તે પ્રારબ્ધની સામે બંડ જ ઉઠાવ્યું છે.

તમે જો તમારી જાતને માણસ કહેવડાવતા હો, તમે પુરુષ હો, મર્દ હો, તો બાંહ્ય ચડાવી અંતરમાં ઇશ્વરને રાખી તેની શ્રદ્ધારૂપી દીવાદાંડી પર અચલ નજર ઠેરવી વિધાતાની સામે જંગ માંડજો, ઝુઝજો — આમરણાન્ત ઝુઝજો, અને વિજય તમારો જ છે.

આપણામાં અકાળે મૃત્યુ પામનાર પોતાની ભુલોને લીધે જ મરણને વહેલું નોતરે છે. ખાનપાન અને રહેણીકરણી સંયમશીલ હોય તો મંદવાડ કે મૃત્યુની મગદૂર છે કે આગળ આવીને ઉભાં રહે ? ભાંગેલો વેપાર કે તુટેલી નોકરી પ્રાણવાન માણસ ઘડીના છઠ્ઠા ભાગમાં સજીવ કરી શકે છે. અકસ્માતો ને આફતો મર્દની મર્દાઇ આગળ મગતરાં સમાન છે. ખરી વાત તો એ છે કે તમારામાં પાણી કેટલું છે ? પુરુષાતન કેટલું છે ?

શ્રદ્ધા અને પુરુષાતન આગળ પ્રારબ્ધ પાણી ભરે છે.

મારા વિહારો

: ઇન્દ્રવજ્ર :


આકાશી રંગો મુજ અંગ રોળે,
ને લાખ સૂર્યો નિજ તેજ ઢોળે;
વાયુ ઝુલાવે વળી હીંચકામાં,
મારા વિહારો પ્રિય ! એ કળામાં.

માથે ઉડે વાદળછાંયડાઓ,
પૃથ્વીપડોની પડતી શિલાઓ;
વાસો થશે કૈં રણ ને ગુહામાં,
મારા વિહારો પ્રિય ! એ કળામાં.

જ્યાં ના જરા ચેતનશ્વાસ ચાલે,
ચંડી તમિસ્રા પુર ઘોર મ્હાલે;
હોઇશ સ્ફુલિંગ સમી દશામાં,
મારા વિહારો પ્રિય ! એ કળામાં.

ત્યારે તરુની ટોચોએ રહીશ,
ને ધુમ્મસે નૃત્ય કરી રમીશ;
સુણીશ ગીતો જલતારલામાં,
મારા વિહારો પ્રિય ! એ કળામાં.

દેશળજી પરમાર



સર જગદીશચંદ્ર બોઝ

આપણા પર કેટલીકવાર એવા આરોપ આવ્યા છે કે આપણને આપણાં માણસોની જ કિંમતને ખ્યાલ નથી. આ વાત સાચી પણ છે. રવીન્દ્રનાથ ટાગોરને અત્યારે આપણે મોટા કવિ કહીને પૂજીએ છીએ પણ એમની પહેલી કિંમત તો વિલાયતે કરી હતી. સર જગદીશચંદ્રની શક્તિ પણ વિલાયતે આપણને કહી ત્યારે આપણે જાણી.

હવે તો ઘણા જાણે છે કે સર જગદીશચંદ્ર બોઝ એક મહાન શોધક છે. ઝાડપાનમા પણ જીવ છે એવું એમણે સાબીત કરી આપ્યું છે. છતાં યે એ શોધક કેમ થયા ને બધી શોધો એમણે કેમ કરી એ તો ઘણાથી અજાણ્યું છે. તો હવે એ જાણીએ.

બાળપણ

સર જગદીશચંદ્ર બોઝનું મૂળ વતન બંગાળમાં પૂર્વે આવેલા વિક્રમપુર જીલ્લાના એક નાના ગામમાં છે. એમનો જન્મ સને ૧૮૫૮ના નવેમ્બર માસની ૩૦મી તારીખે થયો હતો. આ સમયે એમના પિતા ભગવાનચંદ્ર બોઝ ફરીદપુરમાં સબ ડિવિઝનલ મૅજિસ્ટ્રેટ હતા. જગદીશ બાબુનું બાળપણ અહીં જ પસાર થયું હતું. એમના બાળપણની વાતો એમના પોતાના જ શબ્દોમાં સાંભળીએ :

"તમે પુછો છો કે મેં જીવનમાં આ બધું બળ કયાં મેળવ્યું ? તમે જાણવા ઇંતેજાર છો કે મારા માર્ગમાં પથરાએલાં એ અસંખ્યાત અંતરાયોને હું કેમ જીતી ગયો ? મારા જીવન ઉપર મોટામાં મોટી અસર મારા પિતાની છે. મારૂં આ જીવન તેમની દુરંદેશીનો પ્રતાપ છે. મારા બાળપણમાંથી જ તેમણે મને સામાન્ય જનસમાજની સાથે મહોબ્બત શીખવી. સાથે

સાથે તેમણે મને ભૂતકાળના એ વીર્યવાન ભારતનું અને ભવ્ય આદર્શોનું દર્શન કરાવ્યું. તે જ્યારે જીલ્લાના સર્વશ્રેષ્ઠ દરજ્જાના અમલદાર હતા, જ્યારે તેમના હાથ નીચેના નોકરો પોતાનાં બાળકોને શ્રીમંતો માટેની અંગ્રેજી શાળામાં મોકલતા, ત્યારે મારા પિતાએ મને ગામડી નીશાળે મોકલ્યો. ત્યાં દિવસરાત કાળી મજુરી કરનાર મજુરોનાં અને આજે જેમને હલકાં વર્ણો

ગુરુજીને ચરણે

[ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે સર જગદીશચંદ્ર બોઝને ૪૦ વરસ પુરાં થયાનો ઉત્સવ આઠદસ મહીના પહેલાં કલકત્તામાં ઉજવાયો હતો. એ વેળા ત્યાંની કૅાલેજના વિદ્યાર્થીઓએ એમને આપેલા માનપત્રનો નીચેનો ભાગ, જગદીશ બાબુનું સુંદર ગુણવર્ણન કરી આપણને એમની સાચી પિછાન આપતો હોવાથી આ નીચે ઉતાર્યો છે.]

ગુરુજી,

આપનું કાર્યક્ષેત્ર એટલું વિશાળ છે કે આપને વર્ણવવાને પણ અમે અસમર્થ છીએ. આપને શું કહીએ ? આપને ઉદ્ભિજ્જશાસ્ત્રી કહીએ ? કે ભૌતિકશાસ્ત્રી ? આપની અર્ચના પ્રાણીશાસ્ત્રી તરીકે કરીએ ? કે માનસશાસ્ત્રી તરીકે ? એ સૌ આપને પોતાના હોવાનો દાવો ધરાવે છે. એશિયાના એ વિજ્ઞાનચક્રચુડામણિ ! આપની યુગપ્રવર્તક શોધો જગતભરની પ્રશંસા પામી છે. આપના વિજ્ઞાનમંદિરની સ્થાપના એ ભારતના ઇતિહાસને ઉજ્જવળ બનાવનારી ઘટનાઓ છે. વૈજ્ઞાનિકની તીક્ષ્ણ મર્મદ્રષ્ટા દૃષ્ટિની સાથે આપનામાં કવિની મુગ્ધકર કલ્પનાનું મિલન થયું છે.

વયોવૃદ્ધ અને માનતૃપ્ત આપને અમે પ્રણામ કરીએ છીએ. મારકોનીના પ્રતિસ્પર્ધી, ન્યૂટનના સ્વજન, આપનામાં અમે ગર્વ ધરીએ છીએ. વિજ્ઞાનશાસ્ત્રી તરીકે મહાન અને મનુષ્ય તરીકે તો એથી યે વિશેષ મહાન, આપનાં ચરણમાં અમારાં પ્રીતિપુષ્પો ભેટ કરીએ છીએ. પ્રકાશના એ ફિરિસ્તા, વિજ્ઞાનની દુનિયાના એ પુરુષવર, આપનું અમે સ્વાગત કરીએ છીએ.

આપના પ્રેમપાત્ર શિષ્યો

ગણવામાં આવે છે તેમનાં સંતાનો મારા સાથીઓ થયા. તેમની પાસેથી હું ખુબ શીખ્યો. માછીમારોના છોકરાઓ પાસેથી મોટી મોટી નદીઓના ભીતરમાં વસતા વિચિત્ર મગરોની હું વાર્તાઓ સાંભળતો. તેમના સહવાસથી હું કુદરતનો પ્રેમી બન્યો. અને જે ભાવનાવાદ યુવકોને કુદતા બનાવી મુકે છે, તે મને વીર ભારતના એ મહા વીરકાવ્ય મહાભારતના દૈનિક પાઠથી મળ્યો. તેમાંથી હું શીખ્યો કે જીવન એટલે સંગ્રામ;—પ્રેમશૌર્યના ઉચ્ચતમ કાનુનોની મર્યાદામાં રહીને ચાલ્યે જતું અવિરત યુદ્ધ.



સર જગદીશચંદ્ર બોઝ

એ ગામડી નીશાળમાંથી મને શહેરની નીશાળે મુકવામાં આવ્યો અને પછી જીન્દગીની એથી યે મોટી શાળામાં જીન્દગીની લડત લડવાને ઉભો રાખવામાં આવ્યો. 'કલકત્તાની એ ' હેઅર સ્કુલ 'માં મારા જેવો અજાણ્યો છોકરો આવે,' એ ત્યાંના વિદ્યાર્થીઓને અઘટિત લાગ્યું. તેમણે તેમના નાયકની સાથે યુદ્ધ કરવાને મને બીડું મોકલ્યું. મારે એ સ્વીકાર્યે જ છુટકો હતો. સદ્ભાગ્યે હું જીત્યો. અમે બંનેએ હાથ મિલાવ્યા અને ત્યારથી સાચા મિત્રો બનીને રહ્યા."

શાળાનો અભ્યાસ પુરો કરી વધુ કેળવણી માટે તેઓ કલકત્તા ગયા. અહીં દરેક વર્ષમાં સારી રીતે પસાર થયા અને તેમના શિક્ષકોના આગ્રહને અંગે વિલાયત જઈ આઈ. સી. એસ.નો અભ્યાસ કરવાની તેમને ઇચ્છા થઈ. પણ એમના પિતાની સ્થિતિ ન પહોંચવાને લીધે એ વિચાર માંડી વાળવો પડ્યો.

વળી પાછો વિલાયત જવાનો એમને વિચાર થયો. એમની આતુરતાને આ વખતે એમનાં માતાની સંમતિ મળી, અને જોકે પૈસા સંબંધે હજુ જેવી ને તેવી સ્થિતિ હતી છતાં યે ઘરેણાં વેચીને પણ એમને વિલાયત મોકલવા એમનાં માતા તૈયાર થયાં. પ્રભુની કૃપા કે આ સમયમાં જ એમના પિતાની બદલી વધુ સારી જગ્યા પર થઇ અને જવાનો માર્ગ સાવ સરલ થઇ ગયો.

પણ ઇન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષામાં બેસવાનો વિચાર એમણે છોડી દીધો હતો. કારણ એમના પિતાનું એવું માનવું હતું કે એ હોદ્દેદારોના મગજમાં ધંધાની એવી તુમાખી આવી જાય છે કે જેથી તેઓ પોતાના દેશબંધુઓ સાથે હળીમળીને રહેવાનું પણ ભુલી જાય છે. હવે તો તેમણે દાક્તર થવાનો નિશ્ચય કર્યો હતો. આથી તેઓ લંડન ગયા. અહીં તેમની તબિયત સારી ન રહી એટલે તેઓ વિજ્ઞાનનો અભ્યાસ વધારવા કેમ્બ્રિજ ગયા અને ક્રાઇસ્ટ કૉલેજમાં દાખલ થયા.

શોધક તરીકે શરૂઆત

આ વખતે આકાશમાં ફરતાં વીજળીનાં મોજાંઓ સંબંધી શોધ ચાલતી હતી. પ્રકાશનાં કિરણોની જેમ વીજળીનાં કિરણો પણ આકાશમાં ફર્યાં કરે છે એવી વાતો ચાલતી હતી. આ વીજળીનાં મોજાંને આકર્ષણથી નીચે લાવવાનું કામ એડવર્ડ બ્રેનલી નામના એક ફ્રેંચ પુરુષ કરતા હતા. એક નાની કોઠીમાં લોઢાની કરચો ભરીને તેમાં વીજળીનાં મોજાંની અસર મપાતી. સર ઑલીવર લૉજે આ કોઠીનું નામ 'કોહીરર' આપ્યું હતું. આવે વખતે વિજ્ઞાનના એક વિદ્યાર્થી તરીકે જગદીશ બાબુએ પણ આ શોધખોળમાં રસ લેવા માંડ્યો. ' કોહીરર 'માં એક અગત્યનો સુધારો કરીને ' વાયરલેસ રીસીવર '—તારની મદદ વિના સંદેશા

મેળવનાર યંત્રની શોધને એમણે એક ડગલું આગળ પહોંચાડી. આથી અત્યારે આપણે દુનિયાના એક ખુણાથી બીજા ખુણા સુધી ગમે તે સંદેશો માત્ર થોડા સમયમાં પહોંચાડી શકીએ છીએ. પચાસ પોણોસો વર્ષ પહેલાં જે વાત કોઈના માન્યામાં પણ ન આવે એ વાત આજે પુરેપુરી સિદ્ધ થઇ છે. તેમાં જગદીશ બાબુએ પણ નાનકડો પરંતુ સુંદર ફાળો આપ્યો છે.

પણ તેઓ ચોખ્ખું કહે છે કે તેમનું મુખ્ય કામ આ નથી. આપણે જે વસ્તુને જડ અને ચેતન એમ જુદી જુદી ગણીએ છીએ એ ખરૂં જોતાં એક જ પ્રકારની છે એમ સિદ્ધ કરી આપવાનો તેઓ આગ્રહ રાખે છે.



બોઝ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ

ને આ માટે તેમણે કેટલાક યત્ન પણ કર્યા છે. એક વાર જગદીશ બાબુએ એક ટીનના પતરાને, એક છોડને અને એક માંશપેશીને સરખું ઝેર આપ્યું. બધાંને એની અસર થઇ અને બધાં પોતાનું કામ આપતાં અટકી ગયાં ! આ ઉપરથી તેઓ કહે છે કે આપણે જેને જુદી જુદી વસ્તુઓ માનીએ છીએ એમના ઉપર જ્યારે એક જ વસ્તુની એકસરખી અસર થાય છે ત્યારે એમને જુદા જુદા પ્રકારની વસ્તુઓ કેમ કહી શકીએ ?


બોઝ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ

પોતાની શોધખોળ ચાલુ રાખવા એમણે 'બોઝ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ' નામનું વિદ્યાલય ખોલ્યું છે. અહીં તેઓ ઝાડપાન ને વેલાઓમાં રહેલી શક્તિ વિષે શોધ કરે છે. ઝાડને હૃદય છે, માણસની જેમ ઝાડની નાડીમાં ધબકારા થાય છે અને ઝાડમાં પણ અમુક પ્રકારનો રસ વહે છે એમ એમણે વીસ વીસ વર્ષોના સતત પ્રયત્નો પછી સિદ્ધ કરી આપ્યું છે.



જગદીશ બાબુના ઘરની અંદરનું દીવાનખાનું

રીસામણી કે લજામણીનો છોડ તમે જોયો છે? એને અડશો કે એનાં પાંદડાં સંકોચાઈ જશે. એટલું જ નહિ પણ આખો છોડ જાણે શરમાઈ ગયો હોય એમ ઢળી પડશે! આ તીવ્ર લાગણીવાળા છોડથી જગદીશ બાબુએ એમની શોધ શરૂ કરી હતી. બધાં ઝાડની શક્તિ જાણવા માટે તેમણે એક નાનું યંત્ર શોધી કાઢયું છે. આથી ઝાડપર થતી નાનામાં નાની અસર પણ આપણને ચોખ્ખી દેખાય છે. છોડ થાકી જાય છે, કોઈવાર એ ભર ઉંઘમાં હોય છે, કોઈવાર એ સાવ જાગૃત હોય છે એ બધું આ યંત્રથી જોઇ શકાય છે. વળી થોડા વખત પહેલાં તેમણે 'ક્રેસ્કોગ્રાફ' નામનું યંત્ર શોધ્યું છે. આનાથી છોડની અંદરની ક્રિયાઓ દસ ક્રોડ ગણી મોટી દેખાય છે. વળી વીજળી અડતાં જ પાંદડું ધ્રુજી ઉઠતું પણ જોઈ શકાય છે. અરે, એ વડે છોડને વધતો પણ જોઇ શકાય છે!



ક્રેસ્કોગ્રાફ

આ બધી શોધો કરતાં અને તેને જગત આગળ રજુ કરી સિદ્ધ કરતાં જગદીશ બાબુને અસંખ્ય મુશ્કેલીઓ વેઠવી પડી છે. નીચેના એમના પોતાના જ શબ્દો એનો થોડો ખ્યાલ આપશે.

"મને જીન્દગીમાં કશું જ સરળ કે સુગમ નથી લાગ્યું. ડગલે ને પગલે મારે લડાઇ લડીને અને જીત મેળવીને જ આગળ વધવું પડતું. અને આ લડાઇઓએ જ મારામાં બળ પૂર્યું છે. જ્યાં જ્યાં મારે લડાઇમાં ઉતરવું પડયું છે ત્યાં ત્યાં લડાઇને અંતે એકકેય પક્ષમાં જરા યે કડવાશ અમે નથી રહેવા દીધી. મારા પ્રતિપક્ષીઓ હતા તે મારા સર્વોત્તમ મિત્રો બન્યા છે.

ભૌતિકશાસ્ત્રીઓની દુનિયામાં પણ મારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કોઈ અજાણ્યો તેમના ટોળામાં પેસી જાય એ તેમને નહોતું પાલવતું. મારી વૈજ્ઞાનિક શોધો વિજ્ઞાનના સ્વીકૃત સિદ્ધાંતોને ખોટા ઠરાવનારી અને કોઈ ન માની શકે એવી હતી. એટલે મારા યંત્રો કામ કરતી સ્થિતિમાં જાહેરમાં બતાવવાનું મને આમંત્રણ થયું. હું સાધનો લઇને વિલાયત ગયો, પણ મજુરની બેદરકારીથી એ નાજુક યંત્ર નંદવાઈ ગયું, અને એ વખતે તો પુરેપુરો પરાજય પામીને તથા મોટું આર્થિક નુકશાન સહીને હું પાછો ફર્યો.

બીજી વખતે મેં વધારે મજબુત યંત્ર બનાવ્યું અને મારી સાથે જ રાખીને હું વિલાયત ગયો. તે યંત્રનું નામ મૅગ્નેટિક ક્રેસ્કોગ્રાફ કે જે વસ્તુને દસ કરોડ ગણી મોટી કરીને બતાવી શકે છે. આ સિદ્ધાંત તરીકે પણ અસંભવિત છે એમ વિજ્ઞાનશાસ્ત્રીઓ માનતા. મેં તો મારી પ્રયોગશાળા કોઇપણ વૈજ્ઞાનિકની મુલાકાત માટે ખુલ્લી મુકી દીધી. પરંતુ એક હરીફે 'ટાઇમ્સ' માં મને આવ્હાન કર્યું કે મારે મારા યંત્રનો અખતરો એકાદ બહારના સ્થળે કરી દેખાડવો. જાણે કે મારા યંત્રથી થતા પ્રયોગ પાછળ કાંઇ જાદુ જેવી નજરબંધી ન હોય! ખરૂં જોતાં તો મારો હરીફ મને મુશ્કેલીમાં જ મુકવા માગતો હતો, કેમકે એ બરાબર જાણતો હતો કે મારા યંત્રનો અતિ મહત્ત્વનો ભાગ વાળ કરતાં પણ પાતળા દોરાને આધારે હતો. એટલે યંત્રની હેરવફેરવમાં એ દોરો જ તુટી જાય. પણ મારે તો આવ્હાન સ્વીકાર્યા સિવાય છુટકો જ નહોતો. ડોવર સ્ટ્રીટમાં આવેલી યુનિવર્સિટી કૉલેજમાં મારા યંત્રની પરીક્ષા કરવા—એટલે આ પ્રયોગ જોવા જગતના મોટા મોટા વિજ્ઞાનશાસ્ત્રીઓ લંડનમાં ભેગા થએલા. હું એ યંત્રને એક સારી મોટરમાં સહીસલામત લઈ ગયો. પણ ઉતારતી વખતે સ્હેજ ધક્કો લાગવાથી પેલો ઝીણો દોરો તુટી ગયો! સારે નસીબે મારી પાસે એ દોરાના બે છેડા જોડવાને

એક સારી ખોળી હતી. પણ એ ખોળીનો ભાર એ દોરાને એટલો ખેંચતો હતો કે એ ક્યારે તુટી જાય એનો ભરોસો જ નહિ. પરંતુ પંદર મિનિટ સુધી બંને બાજુના દોરા ટકી રહ્યા અને એટલી વારમાં તો આખો પ્રયોગ સંપૂર્ણ કરી દેખાડી શકાયો. વર્તમાનપત્રોમાં તેના અહેવાલો અસામાન્ય ઉત્સાહથી પ્રગટ થયા. આ રીતે મુશ્કેલ પરિસ્થિતિમાંથી ઇશ્વરની કૃપાથી હું પાર ઉતર્યો અને ભલભલા વૈજ્ઞાનિકો તેમ જ અસંખ્ય સામાન્ય મનુષ્યો પણ મારા મિત્રો બની ગયા. આ બધા ઉપરથી તમને સ્પષ્ટ દેખાશે કે સામાન્ય અજ્ઞાનની સામે ઝુઝીને માન્યતા મેળવવી કે સફળતા સાધવી એમાં કેટલી ધીરજ અને કેટલો સતત પરિશ્રમ જોઇએ છે. ”

એમણે છેલ્લું શોધેલું યંત્ર વીજળીક સળીઓ (ઇલેકટ્રિક પોલ) છે. ઝાડમાં ચાલતી શ્વાસોચ્છ્વાસની ક્રિયા આ યંત્રની મદદથી સિદ્ધ થઇ છે. વનસ્પતિ ઉપર છેલ્લાં ૨૫ વરસ સુધી પ્રયોગો કરી એમણે પુરવાર કર્યું છે કે વનસ્પતિ એ ઉગી નીકળતા લાગણી વગરના પદાર્થોનો સમુહ નથી પરંતુ તેમાં મનુષ્ય અને પ્રાણીની માફક લાગણી રહેલી છે. તેના હૃદયના ધબકારા આપણે નોંધી શકીએ છીએ. તેના જીવનમાં આવતી મંદતા કે તેજી પ્રમાણે આ ધબકારામાં મંદી કે તેજી આપણે જોઈ શકીએ છીએ. વળી તેના મૃત્યુ સાથે આ ધબકારા બંધ થાય છે તે પણ આપણે જાણી શકીએ છીએ.

વનસ્પતિ સંબંધી ડો. બોઝની હમણાંની છેલ્લામાં છેલ્લી શોધ તો એ છે કે વનસ્પતિનાં જુદાં જુદાં અંગોમાં પ્રાણીની માફક જ જ્ઞાનતંતુઓ ફેલાએલાં છે. વનસ્પતિને અડકતાં કે ટાંકણી ભોકતાં સ્પર્શ અને દર્દની લાગણીઓ વિદ્યુત વેગે આ જ્ઞાનતંતુઓ મારફતે આખા છોડમાં ફેલાઇ જાય છે અને તેમાં પ્રાણીના શરીર માફક ધ્રુજારીઓ વછુટે છે. આ રીતે છોડ ચેતનવંતુ અને લાગણીવાળું જીવન જીવે છે અને પોતાનો બચાવ કરે છે. મનુષ્ય અને પ્રાણીઓનાં દુઃખો ઓછાં કરવામાં આ શોધો બહુ જ ઉપયોગી નીવડશે. એમણે એ પણ પુરવાર કર્યું છે કે ઝાડનો ખોરાક ઑક્સિજન અને કાર્બન ડાયો-



જગદીશ બાબુના ઘર પાછળનો સુંદર ભાગ.
ખીલતાં કમળોવાળો અર્ધ-વર્તુળાકાર હોજ.

કસાઈડ છે : અને ઝાડ પણ જરૂર પ્રમાણે પોતાના ખોરાકમાં વધઘટ કરે છે.

મોટાં માણસોમાં એક અવગુણ ઘણીવાર જોવામાં આવે છે. પોતાથી જે નાનું હોય એની શક્તિ તેઓ ભાગ્યે જ કબુલ કરે છે. પણ જગદીશ બાબુમાં આવું અભિમાન નથી. આટઆટલી શોધો કર્યાં છતાં પણ જગદીશ બાબુ માને છે કે તેમણે હજુ ઘણું થોડું કર્યું છે. ખરા મહાન પુરુષોનાં લક્ષણ જ આવાં હોય છે. એમનું કામ તો ચોક્કસ પાયા પર શરૂઆત કરવાનું છે. એને પુરૂં કરવાનું કામ તો એમના શિષ્યોનું છે.

જગદીશ બાબુ હવે જુવાન નથી. છતાં યે જે જુસ્સો આપણે જુવાનીમાં ધારી શકીએ એ હજુ એમનામાં છે. આવા પુરુષને તો પુરુષ તરીકે આપણે ગણીએ એ પણ અયોગ્ય. એમને તો ઋષિ કહીએ. પ્રભુ એમને લાંબું આયુષ્ય આપે.

[જગદીશ બાબુના બાળપણની પ્રેરક અને રસમય વાતોનો પ્રોત્સાહક લેખ આવતે મહીને.]

ભેદી મોહન

'ફરવા જવાનો વખત થઇ ગયો છે; જઇશું?' સુરેશે ખુરશીમાંથી ઉઠતાં કહ્યું.

'ચાલો; કેટલા વાગ્યા? ઓહો! સાડા છ?' મહેશે ચોપડી બંધ કરી.

સુરેશ ને મહેશ પીતરાઇ ભાઇ હતા. બંને છોકરાઓની ઉમર લગભગ સરખી ૧૫-૧૬ વરસની હતી. મહેશના પિતા ઇન્દુપ્રસાદ ઉત્તર હિંદુસ્તાનમાં મહેન્દ્રનગરના રાજ્યની નોકરીમાં હતા. બંને જણ અહીં ઉનાળાની રજા ગાળવા આવ્યા હતા.

'કઈ તરફ જઇશું?' દરવાજામાંથી બહાર નીકળી મહેશે પુછ્યું.

'ચાલોને છાવણી ભણી.'

સૃષ્ટિસૌન્દર્ય જોતાં બંનેને ચાલવા માંડ્યું. બપોરે થોડો વરસાદ પડેલો એટલે બધે મીઠાશભરી ભીનાશવાળી શાંતિ હતી. તેલે છાંટ્યાં હોય એવાં ઝાડપાન અને લીલોતરી તાજગી ફોરતાં હતાં, અને ખુશનુમા હવામાં પક્ષીઓનો કલ્લોલ માધુરી રેડતો હતો. વાતોના રસમાં ત્રણ માઇલ કેમ નીકળી ગયા તેની એમને ખબર પણ ન પડી.

સૂર્યાસ્ત થઇ ગયો હતો, પણ બીજી તરફ પૂનમનો ચંદ્ર ઉગતો હતો એટલે ચાંદનીના આનંદમાં વળી એકાદ માઇલ બીજો નીકળી ગયો. ઉગતી ચાંદનીમાં ઝાડના પડછાયા અદ્દ્ભુત નીરવતા લાવતા હતા.

'ઓ હો હો! સાડાચાર માઇલ ચાલ્યા આજે તો!' મહેશે માઇલના પથ્થર સામું જોતાં કહ્યું.

'હવે તો પાછા જ વળીએ.' સુરેશ બોલ્યો.

એટલામાં ઓચિંતો ગડગડાટ થયો. બંનેએ આકાશ તરફ જોયું તો વાદળાં ઝપાટાબંધ ભેગાં થતાં હતાં, તેઓ આવ્યા એ છાવણીનો રસ્તો, વચ્ચેનાં મોટાં અણખેડાઉ ખેતરોના પ્લોટને ફરતો ગોળાકારે આવેલો હતો; એટલે સડકે સડકે પાછા જવાને બદલે આ મેદાનને ચીરી ઘરની દિશામાં આડફાંટે ચાલે તો એકાદ માઇલનો ફેર પડે તેમ હતું. આથી વરસાદ પડતાં પહેલાં ઘેર પહોંચવાને લોભે બંને છોકરાઓએ એ ખેતરોની જાળાંઝાંખરાં ને ખાડાટેકરાવાળી જમીનમાં જ ઝંપલાવ્યું.

ઘરની દિશા તરફના ગામના દીવાઓનું લક્ષ્ય રાખી બંનેએ ઝપાટાબંધ ચાલવા માંડ્યું. અરધોએક માઇલ ચાલ્યા હશે ત્યાં તો વાદળાં બધે ફેલાઇ ગયાં અને બધું ઘનઘોર થઈ ગયું. પવન સખત ફુંકાવા લાગ્યો, વીજળીના કડાકા થવા લાગ્યા. હવે જમીન નીચાણવાળી આવી એટલે ઝાંખા ઝાંખા દેખાતા હતા તે દીવાઓ પણ દેખાતા બંધ થયા. પોણોએક કલાક ચાલ્યા હશે તો યે ગામ આવ્યું લાગ્યું નહિ. એવામાં જરા ઉંચાણ આવ્યું અને જુએ તો પોતે ખેતરમાં બીજી જ દિશામાં નીકળી ગએલા! હજી દીવા આશરે ત્રણ માઇલ દૂર દેખાતા હતા. ઠંડા વાતા પવનથી સખત વરસાદ આવશે એમ લાગતું હતું. એવામાં તો છાંટા પડવા માંડ્યા. વીજળીનો એક ચમકારો થયો અને એના અજવાળામાં થોડે દૂર કંઇક મકાન જેવું ધોળુંધોળું દેખાયું.

થોડીવાર ક્યાંક આશરો તો લેવો જ જોઇએ એ ઇરાદે તેઓ એ મકાનની દિશામાં ચાલ્યા. ખેતરમાં બોરડીનાં જાળાં ઠેરઠેર ઉગી નીકળેલાં અને કેડી સરખી તો હતી નહિ, એટલે બંને જણ ઠેકતા-ઠેકતા પગે ઉઝરડાતા ચાલ્યા અને થોડીવારે ત્યાં પહોંચ્યા તો આઠ દસ પડતર ઓરડીઓની હાર તેમને જણાઈ. ધીમા ધીમા છાંટા પડતા હતા. વીજળીના ચમકારામાં તેમણે એક ઓરડીનું બારણું ઉઘાડું જોયું. ઘડી આશરો લેવા બંને અંદર ગયા ત્યાં તો વરસાદ ધોધમાર તુટી પડ્યો.

૨

ઓરડીની ડાબી તરફની ભીંતમાં ફાટ પડીને પાંચેક ફુટ ઉંચે એક નાના બાંકોરા જેવું બની ગયું

હતું. તેમાંથી કાંઇ ધીમો અવાજ તથા દીવાનું ઝાંખું અજવાળું આવતું તેમણે જોયું. ક્ષણભર બંને ચમક્યા, પણ પછી સાવધાન થઈ સાવચેતીથી એ બાંકોરા પાસે ગયા અને પગની પાની પર ઉભા થઇ અંદર નજર નાખી.

'અરે !' એકાએક ચોંકીને મહેશ પાછો પડી ગયો અને બોલ્યો, 'આ તો મોહન લાગે છે !'

'ધીમે !' નાક પર આંગળી મુકી સુરેશે તેના કાનમાં કહ્યું, આપણે અજાણી જગ્યાએ છીએ. બરોબર સાવચેત રહીને શાંતિથી જે થાય તે જોઇએ.

'પણ અત્યારે એ અહીં ક્યાંથી ? એ તો કહેતો હતો ને કે હું ગામમાં રહું છું ?' મહેશ બોલ્યો.

'માટે જ તો આપણે છુપા રહેવાનું છે. કાંઇક ભેદ લાગે છે.'

ફરી બંને જણે ફાટ પાસે જઇ નજર નાખી. ઓરડી બહુ ઉંચી નહોતી. ચારેકોર બાવાં બાઝી ગયાં હતાં. સામેના એક ખુણામાં એક નાનો ખાડો હતો. પડખે ધૂળ ચડી ગએલું એક પાટિયું હતું. ખાડામાંથી ઝાંખો પ્રકાશ આવતો હતો અને અંદર ઉતરતી એક નીસરણીનું સૌથી ઉપલું પગથીઉં દેખાતું હતું. ઓરડીની વચ્ચોવચ થોડી કિંમતી વસ્તુઓ પડી હતી. એક બાજુ સખત ચહેરાનો, ક્રૂર દેખાતો, ચાળીસેક વરસનો, સાધારણ કદનો પણ મજબુત બાંધાનો એક માણસ ઉભો હતો. સામેની બાજુએ એક ઉંચો ૧૮ વરસનો છોકરો ઉભો હતો. એનું મોં જરાક જમીન તરફ નમેલું હતું, પોપચાં થોડાં ઢળેલાં હતાં અને તેનો ચહેરો ગમગીન લાગતો હતો.

'શાબાશ, છોકરા !' પેલો માણસ બોલ્યો. તેના ખરબચડા ચહેરા પર બોલતી વખતે પડેલી કરચલીઓ ઉપરથી લાગતું હતું કે તે આજે તેના પર ખુશ થયો હતો.

પણ પેલો છોકરો તો આ સાંભળીને એમ ને એમ ઉભો જ રહ્યો. પોતાની કદર થતી જોઇને પણ ન કંઈ તેના હાવભાવમાં ફેર પડ્યો કે ન તેના મોં ઉપર પ્રસન્નતાનું ચિહ્ન સરખું યે જણાયું.

'ચાલ, હવે આ આપણે નીચે અંદર મુકી આવીએ.' તે માણસે પેલી કિંમતી ચીજો તરફ આંગળી ચીંધી કહ્યું. 'પછી થોડું ખાઈ લઇએ.'

પેલો છોકરો તો યંત્રવત્ હુકમનો અમલ કરવા લાગ્યો. બંને જણ એ ચીજો તથા દીવો લઇને પેલા ખાડા વાટે ભોંયરામાં ઉતર્યા.

એ છોકરાનું નામ મોહન હતું. પાંચેક દિવસથી એ ઇન્દુપ્રસાદને ત્યાં નોકર રહ્યો હતો. તેની રીતભાત બહુ વિચિત્ર હતી. એ કાયમ ઉદાસ, ગમગીન, ગંભીર રહ્યા કરતો; છતાં દરેક કામ બહુ ચીવટથી અને સંતોષકારક બજાવતો. ઇન્દુપ્રસાદનું કુટુંબ પણ તેના તરફ ભલમનસાઈ રાખતું; અને આવી ભલમનસાઇના પ્રત્યુત્તર રૂપે ક્યારેક ક્યારેક તે પણ આભારી થયો હોય એવો ઓશિયાળો દેખાતો.

સુરેશ ને મહેશ એને અહીં જોઇને ઉંડા વિચારમાં પડી ગયા, અને ભીંતથી દૂર ઓરડીને ખુણે જઇ મસલત કરવા લાગ્યા.

'શું કરીશું ? કંઇક પગલું તો લેવું જોઇએ.' મહેશ બોલ્યો.

'હા, કંઇક ભારે ભેદ લાગે છે. . . . અને આપણે કાંઈ બાયલા નથી. પત્તો તો મેળવ્યે જ રહેવું.'

અનેક યુક્તિઓની ઘડભાંગ પછી એવું ઠર્યું કે એકે સપાટાબંધ ઘેર જઇ, ઇન્દુપ્રસાદને હકીકતથી વાકેફ કરી, મદદ લઇ જેમ બને તેમ જલદી આવી પહોંચવું; દરમ્યાન બીજાએ પેલા માણસોની હીલચાલ પર નજર રાખી ભેદ જાણવા યત્ન કરવો. બંને કામ સરખાં જ અઘરાં હતાં; બંને જણ પોતાને વધારે અઘરૂં કામ મળે એમ ઇચ્છતા હતા. છેવટે સુરેશે મદદ લેવા જવું એમ ઠર્યું.

સુરેશ ઉપડ્યો. ધોધમાર વરસાદ ચાલુ હતો એટલે તેનાં બધાં કપડાં જોતજોતાંમાં તરબોળ થઇ ગયાં. પવન જોરથી ફુંકાતો હતો અને ભયાનક કાટકા સાથે વીજળીની તીણી જીભો લબકારા કરતી આકાશને વધુ ભીષણ બનાવતી હતી. ખાડાટેકરા અને બોરડીનાં જાળાંઝાંખરાંમાં અથડાતાં પીટાતાં તેના પગ ઉઝરડાઇને લોહીલોહાણ થઇ ગયા હતા. પણ કશાની પરવા કર્યા વિના સુરેશ છાતી કાઢીને ઝપાટાભેર ઘર ભણી ધપ્યે જતો હતો.

૩

ઇન્દુપ્રસાદ આજ સવારથી કંઇક ઉંડી ચિંતામાં પડેલા દેખાતા હતા. એમની ખાનગી બેઠકમાં તે તથા બીજા બે જણ કંઇ ગંભીર મસલત કરતા બેઠા હતા. એમાં એક તો મહેન્દ્રનગરનો બાહોશ ડિટેક્ટિવ નિરંજન હતો.

'અત્યારે—આટલું અસુરૂં શું કામ પડ્યું ?' નિરંજન બોલતો હતો.

'કામ જરૂરી છે અને પ્રસંગ ગંભીર છે. આજે સવારે ચાર અને પાંચની વચ્ચે મારા ઘરમાંથી કિંમતી ઝવેરાતની ચોરી થઇ છે. તે બધું રાજ્યનું ઝવેરાત હતું. પંદર દિવસ પહેલાં રાણીસાહેબ દાર્જીલિંગ હવા ખાવા ગયાં ત્યારે હું સાથે ગયો હતો. રસ્તામાં દિલ્હીથી જ કેટલુંક ઝવેરાત પાછું મોકલવાનું ઠર્યું; અને એ કામ મારે માથે આવ્યું. અહીં આવીને મારે રાણી સાહેબના ખાનગી કારભારીને તે સોંપી દેવાનું હતું. પણ સંયોગવશાત્, હું અહીં આવ્યો ત્યારે કારભારી બહારગામ ગએલા. કુંચીઓ તેમની પાસે રહે છે, એટલે તે દરમ્યાન ઝવેરાત મારે ત્યાં રાખવું પડ્યું. મને કાંઇ ખાસ ભય નહોતો એટલે તેમ કરવામાં મને કાંઇ વાંધો ન જણાયો. કારભારી સાહેબ ગઈ કાલે જ આવી ગયા. આજ તો રજા હતી, એટલે કાલે ઑફિસમાં એમને સોંપી દેવાનું વિચાર્યું હતું. પણ હવે આવતી કાલે મારે શી રીતે મોં બતાવવું ? જાહેર પોલિસથી તો મેં આ વાત ગુપ્ત જ રાખી છે:— નકામી હોહા થાય. તમારી શક્તિમાં મને શ્રદ્ધા છે, એટલે આ કામમાં હવે તમારી જ સહાય માગું છું. મને લાગે છે કે કારભારી સાહેબને સમજાવીને કે કોઇ પણ રીતે આપણે બેચાર દિવસ તો કાઢી શકીએ. દરમ્યાન જો ચોરનો પત્તો ન મળે તો તે ઉચાપત કર્યાનું તહોમત કદાચ મારે માથે આવે અને મારી બદનામી થાય. શું કરવું ? તમારો શો મત પડે છે ?' ઇન્દુપ્રસાદે ધીમેથી પોતાની હકીકત સમજાવી.

'જરા મુશ્કેલ કામ છે.' થોડી વાર વિચાર કરીને નિરંજન બોલ્યો. 'ખાસ મુશ્કેલી તો એ કે વખત ઘણો ટૂંકો છે અને મારા હાથ પર બીજાં ઘણાં કામ છે. અઠવાડિયાથી નગરશેઠ પૂનમચંદના ઘરમાં થએલી ચોરીની શોધમાં છું. આજે વળી એક બીજા ખબર મળ્યા છે. આપણો બિહારી પાકે પાયે છૂપી ખબર મેળવી લાવ્યો છે કે આજ રાત્રે બૅંકમાં ચોરી થવાની છે. એ ચેલકો પણ ઉસ્તાદ બનતો જાય છે.' નિરંજને હકીકત સમજાવી, અને પછી કંઇક યાદ આવ્યું હોય તેમ પુછ્યું, 'અરે, પણ સુરેશ ને મહેશ કેમ દેખાતા નથી ?'

'એ પણ એક ઉચાટ છે.' ગમગીન ઘાંટે ઇન્દુપ્રસાદ બોલ્યા. 'રોજ પેઠે આજે પણ સાડા છ વાગ્યાના ફરવા ગયા છે તે હજી નથી આવ્યા: સાડા અગિયાર વાગ્યા. વરસાદ તુટી પડ્યો છે ને છત્રી સરખી યે નથી લઇ ગયા. વળી બીછાનાં પાથરવા હમણાં મોહનને બોલાવ્યો તો તે પણ નથી જણાતો; નહિતર તેને મોકલત.'

'એમ કે ?' છેલ્લા શબ્દો સાંભળી નિરંજને પોતાની હમેશની તીણી શોધક ઢબે પુછ્યું. અને પછી વાતના પ્રવાહમાં વળી બોલ્યા, 'હમણાં હમણાં ચોરીઓ કંઇક વધી પડી છે; કંઇક ભેદી રીતે થતી લાગે છે, અને બધી યે ચોરીઓ એક જ માણસ કરતો જણાય છે. ઠીક, ચલો ત્યારે—તમે કંઇ ઉચાટ ન કરતા હું . . . .'

એટલામાં સુરેશ હાંફળોફાંફળો આવી પહોંચ્યો.

'અરે ! સુરેશ, અત્યારે ?—આમ કેમ ? આ પગે શું થયું ?' નિરંજને એને જોઇ કહ્યું.

'અને મહેશ ક્યાં ?' ચિંતાતુર અવાજે ઇન્દુપ્રસાદે પુછ્યું.

'એ બધું પછી. મહેશ જરા જોખમવાળી જગ્યાએ છે. ચારપાંચ માણસની મદદ લઇને મારી સાથે ચાલો.' સુરેશે હાંફતાંહાંફતાં કહ્યું, અને પછી નિરંજનને ઉદ્દેશીને બોલ્યો, 'તમે પણ અત્યારે બરાબર ટાંકણે હાજર છો. તમારા જ કામને લગતી બાબત છે.'


સુરેશ રસ્તો બતાવતો જતો હતો, અને બધા તેની પાછળ ઝપાટાબંધ ચાલતા. રસ્તામાં સુરેશે બધી હકીકત સમજાવી.



પ્રતિબિંબ

નદીનાં જળે સંસારના મેલ ધોઈ ઉદ્યોગી ધોબણ પોતાની પ્રામાણિક મહેનત બળદ પર લાદી, તે ઉપર લાડકા દીકરાને મહારાજાની પેઠે બેઠેલો જોતી ઘર તરફ ચાલી જાય છે. સન્ધ્યાના અનેરા રંગ તેના જીવનમાં તૃપ્તિ અને આનંદ ભરી દેતા તેમને પણ ચિત્રયોગ્ય કરી દે છે. ગરવી ચાલે ઘર તરફ વળતો બળદ પણ મહત્ત્વનું પાત્ર લાગે છે.

સૃષ્ટિવૈભવની આ લહાણ લેનાર દેનાર ચિત્રક કનુ દેસાઈ એક ઉગતો કુમાર જ છે. શાન્તિનિકેતનની છાયામાંથી આ તેનું પહેલું ચિત્ર ગુજરાત સમક્ષ મુકતાં અમે આશા અને આનંદ અનુભવીએ છીએ.



૧ આનંદનો ફુવારો (ફોટો લેનાર : અંબાલાલ પટેલ-આણંદ) ૨ નિશાનબાજી (આશાલાલ શાહ નડિયાદ) ૩ નવો મહેમાન (મગનલાલ પાઠક) ૪ તલ્લીન (જમનાદાસ સુબેદાર-મારુગા : પહેલું ઈનામ) ૫ 'કુમાર'ના રસિયો (રઘાભાઈ પરમાર-જામનગર : ખાસ ઇનામ) ૬ ઉં-ઉં-ઉં-ઍં...અ... (કુંદન-જામનગર : બીજું ઇનામ) ૭ મદારી (કાન્તિ તેતશી ભાવનગર) ૮ ઘરની પાછળ (અજીતસિંહજી ગોહિલ-ભાવનગર) ૯ અભ્યાસ (શિવપ્રસાદ ઠાકોર અમદાવાદ) ૧૦ વિચારમાં (ઠાકોરભાઈ છોટાભાઈ-નડિયાદ) ૧૧ બે બહેનો (કાન્તિલાલ શાહ-મુંબઈ): ત્રીજું ઇનામ ૧૨ છબી (નરોત્તમ શાહ મુંબઈ)

૪

આ તરફ પેલો માણુસ અને મોહન દીવો ઠારી ભોંયરામાં ઉતર્યા એટલે મહેશ હળવેથી પોતાની ઓરડીમાંથી બહાર નીકળી સાવચેતીથી પેલી ઓરડીમાં દાખલ થયો. ભોંયરામાંના દીવાનો આભાસ આવતો હતો તેને અજવાળે તેણે ભોંયરાને સામે ખુણે ભીંત પર એક મોટા કાળો ડગલો લટકતો જોયો. ધીમેથી મહેશ તેની પાછળ જઇ ભરાયો.

ભોંયરામાં બંને જણ ખાતા હતા. ખાતાંખાતાં પેલો માણુસ બોલ્યો, 'ખાઇને હું જરા આરામ લઇશ. બરાબર બે કલાક પછી મને ઉઠાડજે. આજે બૅંકનું કાટલું કાઢવાની બધી ગોઠવણ કરી રાખી છે.'

મહેશ ચમક્યો અને કંઇકંઇ તર્કવિતર્ક કરવા લાગ્યો. થોડીવારમાં પેલા બંને જણે ખાઈ લીધું અને પેલો માણુસ સુઇ ગયો. મોહન જાગતો હતો એમ મહેશને જણાયું. સુરેશ મદદ લઇ આવી પહોંચે ત્યાં સુધી શું કરવું તેના અનેક મનસુબા તેણે રચ્યા અને ભાંગ્યા. પોતે કેવી ભયંકર પરિસ્થિતિમાં હતો તેનું એને ભાન હતું. ગમે તેમ પણ આ ભેદ પામવો તો જોઇએ જ. સુરેશ આવ્યા પહેલાં જ આ લોકો ઉઠીને બૅંક માટે ઉપડી જાય તો ભોગ મળે. એમને અટકાવવાને પોતે સમર્થ નહોતો. ત્યારે શું કરવું ?

ત્યાં ને ત્યાં ઉભા રહી મહેશે તર્કો કર્યા જ કર્યા. બે કલાક વીતી ગયા. મોહને પેલા માણુસને ઉઠાડ્યો. મહેશ પણ સાવચેત બની ગયો. સુરેશ ન આવે તો સમયસૂચકતા વાપરી ગમે તે પળે, ગમે તે જોખમ ખેડીને પણ આ કામનો પાર લાવવાનો તેણે નિશ્ચય કરી લીધો.

જરૂરજોગાં હથિયાર લઇ પેલાએ ઉપર ચડવાની તૈયારી કરતાં પુછ્યું, 'મારો મોટો ડગલો તો ઉપર છે ને ?'

'હા.' મોહને જવાબ આપ્યો.

મહેશ એકદમ ચોંક્યો. પોતે કરેલી ગંભીર ભુલનું તેને ભાન થયું. પોતે સંતાયો હતો એ જ ડગલો પેલા માણુસના ઉપયોગનો હતો ! એકદમ ધીમે પગલે ડગલા પાછળથી સરી જઇને તેણે બહાર જવાનો પ્રયત્ન કર્યો. ઓરડામાં અજવાળું તો હતું જ નહિ. જરા મુંઝવણમાં—જરા ઉતાવળમાં બહાર નીકળતાં તેની ઠેશે ઓરડામાંની કંઇક વસ્તુ આવી અને અવાજ થયો !

આ દરમ્યાન પેલો માણસ ભોંયરાને છેલ્લે પગથીએ આવી પહોંચ્યો હતો. તેને શંકા ગઇ કે અહીં સંતાએલું કોઇક નાસે છે. એવામાં વીજળીનો ચમકાર થયો અને તેના તેજમા તેણે મહેશને બહાર નીકળતો જોયો.

શીકારી કુતરાની ઝનુનથી તે મહેશ પર ધસ્યો. તેના રાક્ષસી હુમલા આગળ મહેશે ઝીલેલી ટક્કર નકામી હતી. તે લથડ્યો, નીચે પડ્યો અને પેલાના કદાવર શરીર નીચે ચંપાઈ રહ્યો.

ગરબડ સાંભળી મોહન ઉપર આવ્યો. વીજળીનો એક બીજો ચમકારો થયો તેને અજવાળે તેણે મહેશને ઓળખ્યો અને તેનાથી એકાએક બોલાઇ જવાયું, 'અરે !'

પણ એટલામાં તો એણે મહેશને જમીન પર પડતો જોયો. પેલા માણસે પોતાના ઘુંટણ મહેશની છાતી પર ભીંસ્યા હતા અને છરો કાઢતો હતો !

એક ક્ષણમાં મોહનના મગજમાંથી વિદ્યુત્‌વેગે થોડા વિચારો પસાર થઇ ગયા. બીજી જ ક્ષણે તે નિશ્ચય પર આવ્યો અને ત્યાંથી ઉછળ્યો—જાણે ઉડ્યો, અને પોતાના બધા બળ સાથે પેલા માણસની ગરદનને પાછળથી વળગ્યો. મગરના જડબાંની પેઠે તેના હાથ એની ગરદન ફરતા મડાગાંઠની જેમ ભીડાઇ ગયા !

આ ઓચિંતા હુમલાથી ગભરાઇને અને પછી ગળા ઉપર થતી ભીંસથી ગુંગળાઇને નિર્બળ થઈ પેલો ચત્તાપાટ ભોંય પડ્યો અને મોહન તેની છાતી પર ચડી બેઠો. ત્યાં તો મહેશે ઉઠી આવીને પેલાના હાથમાંનો છરો ઝુંટવી લીધો અને તે પણ એના પર ચડી બેઠો. બંનેએ મળીને તેને બરાબર દબાવ્યો.

મહેશે મોહન સામે જોયું, પણ અંધારામાં તેના મોંપરના ભાવ ક્યાંથી જણાય ? એના અત્યારના આ વિચિત્ર વર્તનથી તેને બહુ જ અજાયબી થઇ હતી. શું બોલવું એ તેને સુઝ્યું નહિ. બંનેનાં મનમાં એક બીજો પણ વિચાર ચાલતો હતો.



આને આમ ને આમ દબાવી રાખવો કે શું કરવું? ક્યાં સુધી દબાવી રાખવો? વખત છે ને . . . .

પણ એટલામાં તો થોડે દૂર દીવાનો પ્રકાશ દેખાયો; થોડીવારમાં પગલાં સંભળાયાં. સુરેશ સાથે બધા ત્યાં આવી પહોંચ્યા.

આ દેખાવ જોઇને સૌ સ્તબ્ધ થઇ ગયા. નિરંજનના માણસોએ પેલાને બેડી પહેરાવી કેદ કર્યો અને બધા ઓરડીમાં થઇ ભોંયરામાં ગયા. ત્યાં પડેલી મત્તા-નાણાં, ઝવેરાત અને કિંમતી વસ્તુઓ જોઇ બધા આભા જ બની ગયા!

'અરે! આજે સવારે ચોરાએલું ઝવેરાત તો આ રહ્યું!' ઇન્દુપ્રસાદ બોલી ઉઠ્યા.

'અને પૂનમચંદ શેઠની ચોરીનો મુદ્દામાલ પણ અહીં જ છે.' નિરંજને નજર ફેરવી કહ્યું.

'હજી તો કાકા,' મહેશ બોલ્યો, 'હમણાં જ બૅંક ફાડવા જવાનો હતો.'

બીજી પણ કેટલીયે ચોરીઓનો કિંમતી માલ ત્યાંથી નીકળ્યો. તપાસ પુરી થઈ એટલે નિરંજને પોતાના ત્રણ માણસોને ત્યાં ચોકી કરવા મુક્યા અને સૌ બહાર નીકળ્યા.

૫

પણ હજી મોહનનો ભેદ જણાયો નહોતો. એની ગમગીન જીંદગી, વિચિત્ર વર્તણૂક અને અહીંની હાજરીનો ખુલાસો જાણવા સૌ આતુર હતા. એણે જાતે જ પોતાની હકીકત કહી.

હું રામપુરમાં ખાનદાન કુટુંબમાં જન્મેલો. અચાનક મારાં માબાપ મને દસ વરસનો મુકી કૉલેરામાં મરણ પામ્યાં, એ વખતે લાગ જોઇ આણે મારૂં હરણ કર્યું. મને એણે ઉછેરી મોટો કર્યો એ પોતાના આ ચોરીના ધંધામાં સહાયક બનાવવાના મનસુબાથી. નાનપણથી જ એણે મને પોતાના ધંધાની તાલીમ આપવા માંડી. પરંતુ કોણ જાણે કેમ, એ કામ તરફ મને બહુ જ તિરસ્કાર છુટતો. પણ એનો દાબ મારા પર એટલો હતો કે મને એણે લગભગ ગુલામ જેવો બનાવી મુક્યો હતો. તેના ગમે તેવા હુકમો પણ મારે ઉઠાવવા પડતા, અને રજ પણ સરતચુક થતાં એ મને ઘાતકીપણે માર મારતો.'

જાણે શાંતિનો ઘુંટડો ભરતો હોય એમ થોડીવાર થાક ખાઈ તેણે ઇન્દુપ્રસાદ તરફ જોઇ આગળ ચલાવ્યું, 'તમારે ત્યાંના ઝવેરાતની એને ખબર પડી ગઇ એટલે એણે મને તમારે ઘેર નોકર તરીકે રહેવાનું ફરમાવ્યું. ચાર જ દિવસમાં ઘરમાં ઝવેરાત ક્યાં રહે છે એનો મેં પત્તો મેળવી લીધો અને આજ સવારે એ ચોરાયું.

'હવે બાકીનું તો તમે સમજી શકશો. મહેશભાઇ પર થતો હુમલો જોઈ મને કાંઇનું કાંઈ થઈ ગયું. અને આ અધમ જીંદગીથી હું આવી તો રહ્યો જ હતો. મને લાગ્યું કે આ છુટવાની ખરી તક છે . . . . હવે તમારે શરણે છું.' છેલ્લા શબ્દો બોલતાં બોલતાંમાં તો તેની આંખમાંથી આંસુની ધારા ચાલી.

ઇન્દુપ્રસાદે તેને સાન્ત્વન આપ્યું. નિરંજને સુરેશ મહેશને પોતાની પાસે ખેંચી તેમના વાંસા થાબડી કહ્યું, 'શાબાશ છે છોકરાઓ; આ નામચીન ચોરને પકડવાનો જશ તમારી હિંમત અને બાહોશીને ઘટે છે.'

-ઉપેન્દ્ર ભટ્ટ


ન્યૂ યૉર્ક



ન્યૂ યૉર્કમાં આવેલું અમેરિકન મ્યૂઝિયમ આફ નૅચરલ હિસ્ટરીનું મકાન

ઇ. સ. ૧૯૨૧ પહેલાં દુનિયામાં મોટામાં મોટું શહેર લંડન ગણાતું હતું. પણ ઇ. સ. ૧૯૨૧ માં નવા વસ્તીપત્રકો રચાયાં ત્યારે જગતને જાણ થઈ કે ન્યૂ યૉર્કે લંડનને વસ્તીમાં તો આંટી દીધું છે. એ વખતે લંડનની વસતી ૪૪ લાખની હતી જ્યારે ન્યૂ યૉર્કની વસ્તી ૫૬ લાખની હતી !

લંડન બ્રિટિશ સામ્રાજ્યનું રાજધાનીનું શહેર છે. પણ ન્યૂ યૉર્ક દુનિયામાં મોટામાં મોટું શહેર હોવા છતાં, નવાઇની વાત એ છે કે, તે રાજધાનીનું નગર નથી. યુનાઇટેડ સ્ટેટ્સનું રાજધાનીનું શહેર તો વૉશિંગ્ટન. વૉશિંગ્ટનની વસ્તી ત્રણ લાખ ત્રીસ હજારની છે. જેમ લંડનમાં મહારાજાધિરાજ પંચમ જ્યૉર્જ વિરાજે છે તેમ ન્યૂ યૉર્કમાં કોઈ મહારાજા વિરાજમાન થતા નથી. અરે મહારાજા તો શું, પણ સાધારણ અમીર ઉમરાવ કે જમીનદાર પણ ન્યૂ યૉર્કમાં રહેતા નથી. છતાં તાજુબી તો એ છે કે દુનિયામાં જેની જોડી ન મળી શકે એવા મહાન લક્ષ્મીપતિઓ ન્યૂ યૉર્કમાં જ મહાલે છે. કાર્નેગી ને રૉકફેલર કે જેને આંટે એવી જબરદસ્ત સખાવત કરનારા કોઈના પણ નામની નોંધ ઇતિહાસે હજી લીધી નથી એવા ધનપતિઓ ન્યૂ યૉર્કમાં વસે છે. કાર્નેગી કે રૉકફેલર કોઈ ગામ કે પ્રાંતના ધણી નથી. પણ તેઓ તો કોલસા, ઘાસલેટ, રૂ કે ઘઉં, રેલ્વે કે પોલાદના રાજામહારાજાઓ તરીકે જગવિખ્યાત છે. મોટામોટા મહારાજાઓના પાયતખ્તમાં ચડી આવનાર મુસાફર રાજમહેલ તો જરૂર જોવા જાય છે. અને રાજાનો વૈભવ, જાહોજલાલી, દમામ, મોજશોખ જોઇ છક થઈ જાય છે. પણ ન્યૂ યૉર્કમાં તો એક રાજાને બદલે એવા અનેક રાજાઓના મહેલો પડેલા છે. એ બધા મહેલો માત્ર બહારથી જ જોઇને પરદેશીઓ તો દિઙ્મૂઢ બની જાય છે.



ન્યૂ યૉર્ક શહેરનો નકશો

ન્યૂ યૉર્કમાં બ્રૉડ વે કરીને મોટો રાજમાર્ગ છે. તે રાજમાર્ગ પર ગગનચુંબી આલેશાં મકાનો ખીચોખીચ ખડકાયાં છે. નાનામાં નાના માળાની ઉંચાઇ ૨૫૦ ફુટની એટલે કુતુબમીનારા જેટલી હોય છે ! અને મોટામાં મોટા બાવન મજલાવાળા વૂલવર્થ



૬૧૨ ફુટ ઉંચું ન્યૂ યૉર્કનું સિંગર બિલ્ડિંગ

મકાનની ઉંચાઇ લગભગ ૮૦૦ ફીટ છે! વૂલવર્થ બિલ્ડિંગમાં દિવસે જ્યારે કામ ચાલતું હોય છે ત્યારે ૨૫૦૦૦ માણસો—એટલે લગભગ વીરમગામ કે બારડોલી જેટલાં માણસો કામ કરે છે! વૂલવર્થ બીલ્ડિંગ તો મોટું ધીકતું વેપારી શહેર જેવું જ આપણને ભાસે! એ એક જ ભવ્ય મકાનમાં જુદીજુદી જાતની દુકાનો, ભોજન–વિશ્રાંતિ–ગૃહો, વાળ કાપવાની સલૂનો, દુકાનો, હમામખાનાંઓ અને દરેક પ્રકારના મુત્સદ્દીઓ, વિજ્ઞાનશાસ્ત્રીઓ, ધંધાદારીઓ વગેરેની ઑફિસો હોય છે!

આ ૨૫૦૦૦ની વસ્તીવાળા આલેશાં મકાનમાં આવવાજવાનાં તેમ જ ઉપર ચડવાનાં સાધનો તરીકે રેલગાડી, મૉટરગાડી કે ઘોડાગાડી નકામી હોવાથી લિફ્ટ વાપરવામાં આવે છે. અને જેમ રેલ્વેમાં કેટલીક ગાડીઓ મેલ કે ફાસ્ટ તરીકે ઓળખાય છે તેમ આ લિફ્ટમાં પણ કેટલીક ફાસ્ટ અને મેલ લિફ્ટ પણ હોય છે! લિફ્ટમાં બેઠા કે તરત જ વચમાં ક્યાંયે થોભ્યા સિવાય લિફ્ટ એકદમ વીસમે માળે જઇ થોભે છે! આ વૂલવર્થ બિલ્ડિંગમાં બાવનમા માળાપર રહેનારની ઓરડીમાં અનેક વાર વાદળાં ઘુસી જતાં હશે! આવા કૃત્રિમ વાતાવરણમાં માણસને રહેવું કેમ ગમતું હશે? કેમ જાણે મોટા જંગી ઝાડ પર પક્ષીઓ ડાળીએ ડાળીએ માળા કરીને વસ્યા ન હોય, એમ આ શેઠીઆ અમેરિકનો રહેતા લાગે છે. પૃથ્વીથી ૮૦૦ ફુટ ઉંચે રહેનારને પૃથ્વીનું નીરખીને દર્શન પણ ન થાય. શું માણસને માણસ મટી તિર્યંચ થવું ગમતું હશે? બાગબગીચાનો લાભ આમવર્ગ પણ મેળવી શકે તે ખાતર સ્વર્ગીય મોજશોખો જમીન પર ઉતારવા માટે તનતોડ મથનારા અમેરિકનો જમીન આસમાન એક કર્યા વિના જંપે તેવા નથી. પણ તેઓ બિચારા કરે શું?

ન્યૂ યૉર્ક શહેર મૅનહટ્ટન ટાપુ પર આવેલું છે. મૅનહટ્ટન ટાપુને લીધે ન્યૂ યૉર્કમાં આગબોટોની સગવડ ખાતર સુંદર ગોદીઓ રચાઇ છે. ન્યૂ યૉર્કની આસપાસ ૮૮ ચોરસમાઇલ સુધીમાં આગબોટો સહીસલામત નાંગરી શકાય એવી સગવડો કરવામાં આવેલી છે



ન્યૂ યૉર્કનો જંગી મૅનહટ્ટન પુલ

પણ મૅનહટ્ટન ટાપુ ન્યૂ યૉર્કની આજની જાહોજલાલીના પ્રમાણમાં ઘણો જ નાનો છે. એ ટાપુની લંબાઈ ૧૨।। માઇલ અને પહોળાઇ સરાસરી દોઢ માઇલની છે. આવા નાના ટાપુ ઉપર છપ્પન લાખ માણસોને વસાવવા માટે પક્ષીઓના માળા જેવા એક પર એક માળાની થપ્પી ન લગાવે તો બીજું કરે પણ શું?




જગતમાં સૌથી વધુ ધમાલવાળો ન્યૂયૉર્કનો લત્તો : બ્રૉડ વે—સિક્સ્થ ઍવન્યૂ

જેમ મુંબઇનો ટાપુ ફીરંગીઓને ૧૨ પાઉંડમાં સસ્તામાં મળી ગયો હતો તેમ ન્યૂ યૉર્કવાળો મૅનહટ્ટન ટાપુ પણ સત્તરમી સદીમાં અમેરિકાના મુળ વતની રેડ ઇંડિયનો પાસેથી ચાર પાઉંડમાં ડચ લોકોએ પડાવી લીધો હતો! ત્રણ સો વરસમાં ચાર પાઉંડની જાગીરની કીંમત આજ અબજો પાઉંડ થઈ ગઈ છે! ખરેખર વખતની બલિહારી છે. ડચ પાસેથી ૧૬૭૪માં એ ટાપુ તહનામાની રૂએ અંગ્રેજોના હાથમાં આવ્યો, અને અમેરિકામાં લોકસત્તા પ્રવર્તવા લાગી ત્યારથી ન્યૂ યૉર્કની જાહોજલાલી વધવા લાગી.

ઇ. સ. ૧૮૨૪ સુધી દર વર્ષે અમેરિકામાં પાંચ-સાત હજાર માણસો પરદેશોથી કાયમની વસવાટ કરવા આવતા હતા. પણ આજે સો વરસ પછી તો, જોકે એશિયાવાસીઓ માટે યુનાઇટેડ સ્ટેટ્સનાં બારણાં બંધ છે તોપણ, દર વર્ષે દસથી બાર લાખ માણસો કાયમની રોજી કમાવાના ઇરાદાથી યુનાઇટેડ સ્ટેટ્સમાં ઉતરી પડે છે!

યુનાઇટેડ સ્ટેટ્સનું મુખ્ય બંદર ન્યૂ યૉર્ક છે, અને ત્યાં દરરોજ ત્રણથી ચાર હજાર આવા પરદેશી માણસો કાયમના રહેવા આવવાના ઉદ્દેશથી ઉતરે છે. પરિણામ એ આવ્યું છે કે ન્યૂ યૉર્ક બધી યૂરોપિયન પ્રજાની આશ્રયભૂમિ થઈ પડ્યું છે. ન્યૂ યૉર્કમાં લગભગ બધા યે દેશના વતનીઓ કાયમના ધામા નાખીને જામી ગયા છે. ન્યૂ યૉર્કની અરધી જ વસ્તી અમેરિકનોની છે. બાકીની અરધી વસ્તી પરદેશીઓની છે! યાહુદી, ઇટાલિયન, રશિયન, અંગ્રેજ, જર્મન, ચાઇનીઝ, સ્વિસ વગેરે કોમોએ ન્યૂ યૉર્કના ખાસ લત્તાઓ પચાવી પાડ્યા છે. જેરૂસલેમમાં યાહુદીઓની જેટલી વસ્તી છે, તે કરતાં પંદરગણી વસ્તી ન્યૂ યૉર્કમાં યાહુદીઓની છે! જેટલા ઇટાલિયન રોમમાં રહે છે તેટલા જ ઇટાલિયનો ન્યૂ યૉર્કમાં રહે છે! ચીના મજુરો તો હજારોની સંખ્યામાં ન્યૂ યૉર્કમાં જામી ગયા છે. ન્યૂ યૉર્કમાં જર્મન ત્રણ લાખ, આઇરિશ ત્રણ અને અંગ્રેજ દોઢ લાખ વસ્યા છે. ટુંકમાં ન્યૂ યૉર્ક યૂરોપની બધી પ્રજાનો અખાડો—શંભુમેળો બનેલું છે. ન્યૂ યૉર્કમાં કેટલી જાતના માણસ વસતા હશે તેનો ખ્યાલ ત્યાં સીત્તેર જુદી જુદી ભાષા બોલાય છે તે પરથી



ન્યૂ યાર્કનો બીજો મોટો પુલ : બ્રુકલિન બ્રિજ

આપણને સહેજે આવશે. ત્યાં વર્તમાનપત્રો અને માસિકો બાર જુદી જુદી ભાષામાં છપાય છે!

આવા રાક્ષસી જબરદસ્ત ગામનાં તમામ માણસો રાયથી માંડીને રંક બધાં યે ખાધેપીધે સુખી હશે ?

જ્યાં એક સ્થળે કુબેરનો ભંડાર ભરચક ભરાવા લાગે, ત્યાં એટલું તો નિર્વિવાદ માની લેવું કે બીજી જગ્યાએ લક્ષ્મી તળીઆઝાટક થયા વિના રહે જ નહિ. જે ન્યૂ યૉર્કમાં રેલ્વેના, પોલાદના અને ઘાસલેટના અબજાધિપતિ રાજા રહે છે તે જ ન્યૂ યૉર્કમાં પંદરથી વીસ લાખ માણસો બેકારીને લીધે—પરદેશીઓની કટાકટીની હરીફાઇમાં ન ટકવાને લીધે ભુખે ટળવળે છે. ખાવાને સુકો રોટલો યે ન મળતો હોવાથી તથા કડકડતી ટાઢ ખમવાની તૈયારી છતાં મુઠી હાડકાંને સુવા છ ફુટનો ઓટલો ય મળતો ન હોવાથી રાતના લાખો માણસો ખ્રીસ્તી મિશન ઘરોમાં પાદરીઓનાં પ્રવચન સાંભળવા ઘુસે છે અને માથું નીચું નાખીને અને વાંસો લંબાવીને પડી રહે છે, અને અન્નક્ષેત્ર ખુલ્યાનો ઘંટ વાગે ત્યારે કડકડતી ભુખ મટાડવા રાતના બાર અને બે વાગ્યે ભુખ્યા વરૂની માફક ત્યાં તુટી પડે છે અને પશુજીવન ગાળી જીંદગી ગુજારે છે. અરે ન્યૂ યૉર્કમાં ગગનભેદી મહેલોવાળા સરીઆમ રાજમાર્ગ છોડીને, ગરીબ રશિયન, સ્વિસ કે ચીનાના મહોલ્લામાં જઇએ તો તે મહોલ્લાના સાંકડા રસ્તા અને અંધારા, હવાઉજાસ વગરનાં અને ભેજથી ભરેલાં ઘરોને જોઇ આપણને એમ જ થાય કે શું ન્યૂ યૉર્ક નરકભૂમિ તો નહિ હોય!

છગનલાલ જોષી



ન્યૂયૉર્કની એક હૉટેલ

'ઢાંઢા' થયા પહેલાં



૯
જમણો કે ડાબો ?

જે માબાપનો સૌથી નાનો છોકરો હોય છે તે જલદી મોટો થતો જ નથી. મારી દશા એવી જ હતી. હાથે જમવાનું પણ શીખવાનું હોય છે એનો ખ્યાલ સરખો મને આવ્યો ન હતો. બાઇ ખવડાવે, આક્કા ખવડાવે, અથવા વહિની (ભાભી) ખવડાવે. કેટલી યે વાર બાબા ચીડાઇને કહેતા, ' આટલો મોટો ઘોડા જેવો થયો છે, ને હજી પોતાને હાથે જમતો નથી !' આવી ટીકાથી મને માઠું તો લાગતું, પણ એને પરિણામે પોતાના જીવનમાં કે ટેવમાં ફેરફાર કરવાનું તો મને સુઝ્યું જ નહિ. એક દિવસ ઘરનાં બધાં લોકોએ એક કાવતરૂં રચ્યું. આખો દિવસ કુદમકુદા કરીને સાંજે હું ઉંઘી ગયો હતો. ત્યાંથી મને ઉઠાડીને રસોડામાં લઇ ગયાં. મારી આગળ એક થાળી મુકવામાં આવી. ત્યાં વિષ્ણુએ ચીમીને બોલાવીને કહ્યું, ' ચીમી, આ થાળીમાં ભાતદાળ ભેળવી તૈયાર કર.' ચીમી મારી ભત્રીજી, મારા કરતાં દોઢ વરસે નાની. ચીમીએ ભાતદાળ તૈયાર કર્યાં. પછી વિષ્ણુએ ચીમીને કહ્યું, ' હવે આ દત્તુને જમાડ. ' ચીમીએ એક કોળિયો હાથમાં લઇને મારા મોઢા આગળ આણ્યો. મેં ઠંડે પેટે મોઢું ખોલીને કોળિયો લીધો. બધાં હસવા લાગ્યાં: ' ભત્રીજી કાકાને ખવડાવે છે, છતાં એ શરમાતો નથી ! ' પછી મને ખબર પડી કે મારી ફજેતી થઇ છે ! એટલે હું શરમાયો અને બીજો કોળિયો લેવાની ના પાડી. તે જ ક્ષણે પોતાને હાથે જમવાનો મેં નિશ્ચય કર્યો.

પણ કયે હાથે જમાય છે એની કોને ખબર ? હું મુઝાયો. સામે બેઠેલાંના તરફ મેં જોયું, અને તેમનું અનુકરણ કરવા જતાં ડાબો હાથ થાળીમાં નાખ્યો. અરીસામાં જેમ થાય છે તેવું થયું. વિષ્ણુએ બીજીવાર ટીકા કરી, 'જુઓ, આ ઘોડાને જમણો હાથ કયો ને ડાબો કયો એ પણ સમજાતું નથી.' પછી હું પિતાશ્રી પાસે એમની જોડે બેસીને જમવા લાગ્યો. બેત્રણ વાર ભુલો કર્યા પછી મન સાથે નક્કી કર્યું કે એ શાસ્ત્રમાં આપબુદ્ધિ કામની નથી. પછી તો રોજ જમતાં પહેલાં પિતાશ્રીને છડેચોક પુછતો, જમણો હાથ કયો ? એકવાર જમણો હાથ એઠો થયો એટલે આપણે સુરક્ષિત. એક દિવસ અચાનક મેં એક શોધ કરી કે મારા જમણા કાનમાં બે મોતીની એક વાળી હતી. મેં સિદ્ધાંત તારવી કાઢ્યો કે જે બાજુના કાનમાં વાળી છે તે જમણી બાજુ. એ બાજુના હાથે જમાય. પછી તો રોજ જમવા બેસતાં પહેલાં હાથ બંને કાનને અડકાડી જોતો ને જે કાનમાં મોતી હાથ આવે તે બાજુના હાથે જમવાનું શરૂ કરતો ! જમણા કાનની મારી આ તપાસ કોઇના ધ્યાનમાં ન આવી, કેમકે બહુ ચાલાકીથી હું એ કામ પતાવી દેતો.

નાનપણમાં અમારે બૂટ પહેરવા પડતા. અમારૂં ઘર જુની ખાનદાનીવાળું. તેમાં અંગ્રેજી ફૅશનનો પ્રવેશ થએલો ન હતો. અંગ્રેજી ફૅશન સાથે જે એક રૅાફ હોય છે અને ગરીબો પ્રત્યે તુચ્છતાનો ભાવ હોય છે તે અમારા ઘરમાં આણનાર કોઇ હતું નહિ. છતાં દેખાદેખીથી કેટલીક પરદેશી વસ્તુઓ તો આવી જ ગઇ હતી. મારે નસીબે એક રેશમી ફ્રાક અને વિલાયતી બૂટ પહેરવાનું આવ્યું. ફ્રાક તો જાણે પહેરતાં મુશ્કેલી ન પડી, પણ બૂટમાં જમણો ડાબો એવી બે નાતો હતી. (ગુજરાતી ' જમણા ' શબ્દનો ધાત્વર્થ જોતાં ' જમણો બૂટ'નો શો અર્થ થાય ? જમણો એટલે જે વડે જમાય છે તે.) મારે રોજ સવારે ઉઠીને પિતાશ્રીને પુછવું પડતું કે જમણો કયો ને ડાબો કયો ? એમણે કેટલા યે દિવસ

સુધી પગ અને બૂટના આકારનું સાદૃશ્ય સમજાવવાનો પ્રયત્ન કર્યો; પણ મારા મગજમાં કેમે કર્યે એ ઉતર્યું જ નહિ.

હું નથી માનતો કે પિતાશ્રીની સમજાવવાની શક્તિ ઓછી હશે. એમ પણ નથી માનતો કે મારી સમજશક્તિ છેક બુઠી હશે. છતાં એ શાસ્ત્ર હું શીખી જ ન શક્યો. એમની સમજાવવાની દિશા અને મારી સમજવાની દિશા જુદી પડતી; એનો મેળ ખાતો નહિ. માનસશાસ્ત્રના અભ્યાસીઓએ આવા દાખલા કેટલા યે જોયા હશે. કોઈ ગણિતનો વહેવારૂ દાખલો બે જણ મોઢેથી ગણતા હોય ત્યારે બંને જણની ગણવાની દિશા જુદી જુદી હોય છે અને એક શું કરે છે તે બીજો સમજી શકતો નથી.

પછી તો બંને બૂટ અભેદબુદ્ધિથી ગમે તેમ હું પહેરવા લાગ્યો, અને થોડા જ દિવસમાં એમનો આકાર મેં એવો તો કરી મુક્યો કે પછી પિતાશ્રી પણ ઓળખી ન શકે કે કયો જમણો ને કયો ડાબો!

૧૦

સીતાફળીનું બી

મેં કહ્યું છે કે સતારામાં અમારા ઘર પાછળ સીતાફળીનું એક ઝાડ હતું. ફળ આવવાની મોસમ શરૂ થાય એટલે રોજ જઇને અમે ફળ તપાસીએ. ફળ તોડવા જઈએ એટલે દાદી કહે, ' આ ફળ હજી આંધળાં છે. એને તોડો મા. એની આંખો જરા મોટી થવા દો. આંખો ખુલે એટલે ફળ પાકે.' ગોંદુનું મન નાનપણથી યાંત્રિક શોધો કરવા તરફ દોડતું. તેથી જ આગળ જતાં એ રસાયણ, પદાર્થવિજ્ઞાન અને ફોટોગ્રાફીમાં પ્રવીણ થયો. એક દિવસ ગોંદુ કહે, ' આપણી આંખો સારી નથી. એ હાલે છે. એ કાઢી નાખીને તેને ઠેકાણે સીતાફળીની આંખો બેસાડવી જોઇએ ! ' પિતાશ્રીએ તસવીરનું યંત્ર (કૅમેરા) ઉભું કર્યું કે રત જ ગોંદુ કહે, 'આપણા પગ સારા નથી. વાંકાચુંકા હોય છે. એ કાપી નાખીએ ને એને બદલે કૅમેરાના સીધાસટ પગ બેસાડી દઇએ. પછી ચાલવાની બહુ મઝા આવશે ! '

એક દહાડો સીતાફળ ખાતાંખાતાં એક બી મારા પેટમાં ગયું ! મેં જઇને કેશુને કહ્યું, ' હું સીતાફળીનું બી ગળી ગયો. હવે શું થશે ? ' વાત વિષ્ણુએ સાંભળી. મશ્કરી કરવાની આવી સુંદર તક એ છોડે ? એણે મોઢું વ્હીલું કરી કહ્યું, ' અરેરે ! આ શો ગજબ કર્યો ? હવે તારી ડુંટીમાંથી ઝાડ ઉગશે ! ' ' અને પછી અમે,' કેશુએ ઉમેર્યું, ' એ ઝાડ પર ચઢીને સીતાફળ ખાશું. અને જેમજેમ અમે ફળ તોડીશું તેમ તેમ તારા પેટમાં વેદના થશે. અમે ખાતા હોઈશું ને તું રોતો હોઈશ ! '

હું સારી પેઠે ડરી ગયો અને રોવા જેવો થઇ ગયો. મેં મનમાં વિચાર કર્યો, શું આવું કોઈકાળે બનતું હશે ? અંદરથી જવાબ મળ્યો, ' હા હા, એમાં કંઈ શક છે ? પેલુ ચિત્રશાળાવાળું ચિત્ર છે એમાં સાપની પથારી પર સુતેલા વિષ્ણુની ડુંટીમાંથી પણ કમળનું ઝાડ ઉગ્યું છે. ' વધુ ખાતરી કરી લેવા માટે ચુપચાપ દાદી પાસે જઈ ને મેં પુછ્યું, ' આજી, કમળનાં બીયાં હોય ખરાં ? ' આજીએ કહ્યું, ' હાસ્તો. એને કમળકાકડી કહેછે. અપવાસને દિવસે એની લાપશી કરીને ખવાય છે.'

હવે મારી સોળે આના ખાતરી થઈ ગઇ કે આપણા પેટમાંથી સીતાફળીનું ઝાડ ઉગવાનું, ને ગમે ત્યારે કેશુ એનાં ફળ તોડીને ખાવાનો. ત્યાર પછી કેટલા યે દિવસ સુધી હું રોજ મારૂં પેટ તપાસતો કે ક્યાંયે અંકુર તો ઉગ્યો નથી ?

૧

સરૂનાં ઝાડ

હિમાલયમાં ફરતાં ધરાસુ પાસે એક એવા વિચિત્ર જંગલમાં હું પહોંચી ગયો હતો કે આસપાસ નજીકમાં ક્યાં યે વસ્તી ન હોવા છતાં મને લાગ્યુ કે અહીં જ મારૂં ઘર છે. જાણે આ ભવમાં કે પૂર્વ ભવમાં હું અહીં ખૂબ રહ્યો છું. આ અદ્‌ભુત અનુભવનું અથવા ભાવનાનું કારણ શોધવાનો મેં ઘણો પ્રયત્ન કર્યો છે. પણ હજુ કંઇ કારણ કે સંબંધ હાથમાં આવતો નથી. મનમાં એક શંકા ઉઠે છે કે કારવાર પાસે સરૂનાં ઝાડનું ઉપવન મેં નાનપણમાં જોયું હતું તેની સાથેની કંઇક સરખામણી મનમાં ઉત્પન્ન થઇ હશે. આ સરૂ પાર્કનો મારો પ્રથમ પરિચય આવો છે.

એક દિવસ ભાઉ (કેશુ) અને હું બે જણ સમુદ્રકિનારે જરા વહેલા ફરવા ઉપડ્યા. દિવસ રવિવારનો

હતો, એટલે સાડાત્રણ વાગ્યે જ સમુદ્ર ભણી ચાલ્યા. ડાબી બાજુ દૂર સુધી જવાય એવું હતું જ નહિ. માંડ પોસ્ટ ઑફિસ સુધી જવાતું; એટલે અમે જમણી બાજુનો કિનારો પકડ્યો. રસ્તામાં લીસી રેતી પથરાએલી જોઇ લાકડી વતી એના પર કેટલાં યે વચનો લખી કાઢ્યાં. પણ થોડોક પવન આવે એટલે લખેલું બધું ભુંસાઇ જતું. સુકી રેતીમાં ચાલતાં પણ મુશ્કેલી પડતી, એટલે પગ એની મેળે ભીની રેતી તરફ જવા લાગ્યા. ત્યાં લખવાની મઝા કંઈક ઓર જ હતી. અમે શું લખતા હતા ? 'ગોબ્રાહ્મણપ્રતિપાલક છત્રપતિ શિવાજી મહારાજકી જય,' 'અંગ્રેજો આપણા દુશ્મન છે, તેમને મારવા જ જોઇએ.' મોરોપંતની એક આર્યા મેં લખી કાઢી હતી તે પણ આજે બરાબર યાદ છે, કેમકે તે લખતાં ઘણો વખત ગયો હતો. તે નીચે મુજબ:

ગરુડ જસા ગગનાતુનિ વેગે ઉતરોનિ પન્નગા ઝડપી
તૈસા ભીમબળાનેં દુ:શાસનકંઠ અગ્નિને દડપી

ભાઉએ તરત જ બીજી લીટી ફેરવીને નીચે પ્રમાણે લખી:

તૈસા ભટ્ટબળાનેં ઉન્હ ઉન્હ પોળ્યા તુપા મધેં દડપીં

ભટ્ટને ત્યાં જમતો રાખી અમે આગળ ચાલ્યા. છીપો વીણીએ, પસંદ કરીએ અને ફેંકી દઇએ. અલકમલકની વાતો કરીએ. અમે કેટલા યે દૂર ગયા. ત્યાં એક કદી ન જોએલું એવું દૃશ્ય અમે જોયું. એક સુંદર નદી સમુદ્રને આવીને મળતી હતી. નદી-સમુદ્રનો સંગમ એટલે મૂર્તિમંત કાવ્ય. પહેલી વાર જ્યારે જોઇએ છીએ ત્યારે એ કાવ્યનો કેફ જ ચડે છે. સંગમની શોભા જોતાંજોતાં સૂર્યાસ્ત થવા આવ્યો. પછી તો પુછવું જ શું ? સોનેરી રંગ ચારેકોર પથરાયો. ઝાડો પર પણ સોનેરી લીલા રંગની કાંતિ ફેલાઈ. સમુદ્ર તો જાણે સોનાના રસનું સરોવર છલકાતું હોય તેવો શોભવા લાગ્યો. ઉપમાઓ તો આજે સુઝે છે. તે વખતનું મુગ્ધ હૃદય ઉપમા દ્વારા અંતરના ભાવને વહેવડાવીને હલકો કરી શકતું નહોતું. દુ:ખનો વેગ હલકો કરવાની જેટલી જરૂર હોય છે તેટલી જ જરૂર આનંદની ઊર્મિ શમાવવાની પણ હોય છે. નહિ તો એનો કેફ અનિવાર થઇ જાય છે.

વખત કેટલો વહી ગયો એનું ભાન ન રહ્યું કેશુને કે ન રહ્યું મને. જ્યાં અમે પહોંચ્યા હતા ત્યાં એક બાજુ દરિયો અને બીજી બાજુ સરૂનું ગાઢ જંગલ હતું. ભરતી વધી અને સમુદ્રનાં મોજાં સરૂનાં ઝાડનું પાદપ્રક્ષાલન કરવા લાગ્યાં. હવે પાછા કેમ કરીને જવાય ? હિંમત રાખીને કિનારે કિનારે થોડુંક પાછા ચાલી જોયું, પણ મોજાં તો ઉલ્લાસમાં હતાં. પાણી વધવા લાગ્યું. ઘનઘેરાં ઝાડોની વચ્ચે થઇને તો રસ્તો નીકળે એમ હતું જ નહિ. અને પાણીમાં થઇને જઇએ તો તે વધવા માંડેલું. ભારે મુંઝવણ થવા લાગી. ભાઉ મારા તરફ જુએ ને હું ભાઉ તરફ. અસ્ત થતા સૂર્યનું મોં જોવાનો આનંદ ક્યાં અને હવે મુંઝાએલા અમારા બંનેના મુખદર્શનની વિચિત્રતા ક્યાં ! ઘણી ઘડભાંજ કર્યા પછી અમે નક્કી કર્યું કે આવ્યા એ રસ્તે તો જવાય જ નહિ. નદીને કાંઠે કાંઠે ઉપલાણે જવું જોઇએ. પછી જે થવાનું હશે તે થશે. નદીનું પાણી પણ ભરતીને લીધે વધતું હતું, કેમકે એ ખાડી હતી. પણ સમુદ્રકિનારે તો પાણી સામું ઉછળતું હતું. એના કરતાં આ કંઇક સારૂં. નદીને કિનારે કિનારે અમે ખુબ ચાલ્યા. જેમ અંદરના ભાગમાં જઇએ તેમ જંગલ ઘનઘોર વધવા લાગ્યું. પ્રકાશ વધે એવું તો હતું જ નહિ.

સંધ્યાકાળનો ઓસરતો પ્રકાશ બહુ જ ગમગીનીભર્યો અને ગંભીર હોય છે. બધા ગૂઢ ભાવો એમાં જાગૃત થાય છે. માટે જ ઋષિઓએ એ કાળ વ્યવહારમાંથી મુક્ત થઇને ધ્યાનચિંતનમાં ગાળવાનું વિધાન કર્યું હશે. સંધ્યાસમયની ગંભીરતા મધ્યરાત્રીની ગંભીરતા કરતાં યે ઉંડી હોય છે, કેમકે સંધ્યાકાળ વર્ધમાન હોય છે, જ્યારે મધરાત ઠરેલ હોય છે.

આગળ જતાં જમણી બાજુએ એક કેડી દેખાઈ. એ રસ્તે જઇએ તો આખરે કારવાર પહોંચાશે એ વિષે શંકા ન હતી. પણ એ કેડી જંગલમાંથી આરપાર પહોંચી જશે એની ખાતરી કોણ આપે ? અને આ સરૂના જંગલમાં અંધારામાં રસ્તો કપાય પણ કેમ ? મારી હિંમત ચાલી નહિ. મેં ભાઉને કહ્યું, 'મારે એ રસ્તે નથી આવવું. આપણે હજી થોડા કિનારે કિનારે જ ચાલ્યા જઇએ. ક્યાંક ઝુંપડી કે ઘર મળી જશે તેમાં રાત ગાળીશું. પછી સવારની વાત સવારે. ભાઉ કહે, 'તને ખ્યાલ નથી. આપણે પાછા ન જઇએ તો ઘેર કેટલી ફિકર થશે! સૌ આપણને શોધવા નીકળી પડશે

ને રાત આખી રખડશે. ગમે તે ભોગે પાછા તો જવું જ જોઇએ. ' ભાઉની વાત સાચી હતી. આખરે અમે હામ ભીડી અને તે ગહન કાંતારમાં ડુબકી મારી.

સરૂ વિના બીજું એકે ઝાડ સમ ખાવાને પણ ન મળે. સળી જેવાં લાંબાં લાંબાં પાંદડાંમાંથી સરૂનાં ઝાડ સો . . . . એવો લાંબો અવાજ દિવસ રાત કાઢ્યાં જ કરે. અમે ઉઘાડે પગે ચાલતા હતા. દોડતા હતા કહીએ તો ચાલે. રસ્તા પર સરૂનાં કાંટાળાં ફળ ખુબ પથરાયાં હતાં. વધતો અંધકાર, પવનનો બીહામણો અવાજ, કાંટાળાં ફળોવાળો રસ્તો, અને ઘેર શું થતું હશે એની ચિંતા— આવા સરંજામ સાથે અમે ચાલ્યા. અર્ધો રસ્તો વટાવ્યો હશે ત્યાં તો સાવ અંધારૂં થઈ ગયું. અમે મુંઝાયા હતા, પણ બેમાંથી એકે ગભરાયો ન હતો. આવા પ્રસંગમાં જે કાવ્ય રહેલું હોય છે તેનો આસ્વાદન લઈ શકીએ એવા અરસિક અમે ન હતા. ટાંટિયાને બમણો વેગ આપ્યો અને આખરે સહીસલામત મ્યુનિસિપલ હદમાં આવી પહોંચ્યા. પછી તો કશી અગવડ ન હતી. પણ રસ્તા પરનાં ફાનસ આંખને બિલકુલ ગમે જ નહિ. ઘેર પહોંચ્યા ત્યાં તો બધાં અમારી રાહ જોતાં હતાં. રસોઇ ઠંડી થઇ ગઇ હતી. અમને શોધવા તો કોઇ ગયું ન હતું. ચોરની જેમ ચુપચાપ જઈ ને પાટલે બેઠા.

રાત્રે એ જંગલનાં સ્વપ્નાં આવ્યાં કે નહિ એ આજે યાદ નથી.

['મધપુડા ' પરથી] **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

માનશો ?

જીરાફની જીભ લગભગ દોઢ ફુટ લાંબી હોય છે.

આ વરસે હીંદુસ્તાને ૭૫ લાખ રૂપીઆની તો પરદેશી સીગારેટો પીધી ! એટલાં નાણાં પરદેશ મોકલ્યાં, અને કાળજું બાળ્યું તે નફામાં !

અમેરિકામાં દરરોજ ૨૦૦ નવી શોધો થાય છે.

અઢી તોલા સોનામાંથી પચાસ માઇલ પહોંચે એવડો લાંબો તાર ખેંચી શકાય છે.

એક અમેરિકન દાક્તર કહે છે કે જુદી જુદી જાતનાં ગાયન સંભળાવીને માનસિક દરદો દૂર કરી શકાય છે.

દક્ષિણ દિશા તરફ પગ કરીને સુનારને ઘસઘસાટ ઉંઘ આવે છે !

જુનું અંગરખું

મારૂં જુનું અંગરખું ! મારો ઘણા કાળનો મિત્ર ! મારો અવળાસવળા વખતનો સંગાથી !

મને તે બહુ પ્રિય છે; કારણ અનેકાનેક વખત ધોકાથી ધોવાઇને એ સુંવાળું બન્યું છે. દુ:ખમાં મારા હૃદયના ઘા ઉપર તેણે મલમપટ્ટો કર્યો છે. લાંબા કાળના વપરાશથી મારા શરીરની સાથે તે એકાકાર થયું છે. તે ભપકાદાર નથી, કિંમતી નથી, સુવાસિત નથી, પણ શરીરને બંધબેસતું છે.

હું તેને ભુલી શકતો નથી કારણકે તે મારૂં છે. અંગરખાનું નામ તેણે સાર્થક કરી બતાવ્યું છે, કારણ તે મારૂં અંગ–રખું જ બની રહ્યું છે. જેની પાસે જુનું, દુ:ખની ઝડીમાં ભીંજાઇને પહેરવાનું જુનું અંગરખું નથી તેની મને દયા આવે છે. મારા થાકમાં તે વિસામો છે; હું ગરીબની તે લાકડી છે.

આ ચંચળ જમાનામાં નાટકો, સીનેમા અને હોટેલની ઘેલછામાં ઘર ભુલી જવાયું છે એમ કહેવાય છે; પણ હું એ નહિ માનું. ખોટા નશા ઉતરી ગયા પછી, ક્ષણિક રંગરાગની ધુન ઘટી મીઠું ઘર, ઓશરીનો હીંડોળો અને જુનું અંગરખું. નાટક અને સીનેમા ઉપયોગી નથી એમ હું નથી કહેતો;–પણ હદમાં: પરંતુ શાન્તિના સંપૂર્ણ ઉપભોગ માટે, વિશ્રામ અને સાચા આશ્વાસન માટે તો ઘર, તાપણી અને જુનું અંગરખું. એના જેવા બીજા મિત્રો નથી.

મારૂં જુનું અંગરખું ! મારા સુખની નિશાની ! મારા સ્નેહનું સુચક ! **પ્રભુદાસ**

કહેવાય છે કે

ચીનમાં છોકરીઓનાં નામ પાડવામાં નથી આવતાં. માત્ર એના જન્મના ક્રમ પ્રમાણે પહેલી, બીજી, ત્રીજી એવા નામે છોકરીઓ ઓળખાય છે.

મીસરના લોકો બાળકનું નામ પાડવા માટે ત્રણ મીણબત્તીઓ સળગાવી તે ત્રણનાં અમુક નામ પાડે છે. પછી એ ત્રણમાં જે સૌથી છેલ્લી બુઝાય એ મીણબત્તીનું નામ જે પાડ્યું હોય તે જ નામ બાળકનું રખાય છે.

મુસલમાનભાઇઓ બાળકનાં નામ પાડવા માટે પાંચ જુદાં જુદાં નામની ચીઠીઓ લખી કુરાનમાં નાખે છે, અને પછી તેમાંથી એક ઉપડાવી તેમાં જે નામ નીકળે તે નામ બાળકનું પાડે છે.

જો હોત રાજા—

દેવી ! કદિ હોત કની હું રાજા,
સ્વપ્નો રચું ને કરૂં એ જ સાચાં;
આકાશ તારા ચમકે રૂપાળા,
વીણી ગુંથી હોત જ હારમાળા :

ને હોત તું યે કદિ મ્હાન રાણી !
દેતે અમોલો શિરતાજ આણી;
કે દેશદેશાવરથી વિશાળ,
અર્પ્યો મને હોત વસંતકાલ:

ને હું કદિ હોઉં મહાન રાજા,
સંગ્રામ ખેડી કંઈ શત્રુ સાજા
બાંધી બધા પાય સમક્ષ આણી,
‘જીવાડ કે માર’ વદું જ વાણી:

તું હોત રાણી ! મધુરો રસીલો
આણ્યો હતે પોપટ શુભ્ર લીલો;
એને પઢાવી વળી નામ મારૂં,
એકાંતમાં સુણત મંદ ચારૂ :

જો હોઉં રાજા ! નચવું પરીઓ,
બોલાવરાવું જલસુન્દરીઓ;
કે વ્યોમગંગા મહીં એક વાર
ચાંદાની પીઠે કરતે વિહાર :

ને હોત રાજા ! તુજ માટ મેના
લાવી ઘડાવું શણગાર એના;
સોના રૂપાની સળીઓ મઢાવું,
હીરાકણી પીંજરમાં જડાવું :

તું હોત રાણી ! કુમળી કળીની
ટંગાતી ઝુલો, મૃદુ વાદળીની
ગાદી મઝેની નકી તું ભરાવે,
ત્યાં અપ્સરાનાં દુકુલો બિછાવે :

રાજાજી રાણી નથી તો ય ભાળ,
સામ્રાજ્ય કેવું ઉરનું વિશાળ !
એ દેશ એવો નથી કંઈ માઝા;
તું નિત્ય રાણી હું થઇશ રાજા !

હું યે સજું જીવનપંથ ન્યારા,
સંતોષ મારે—મૃદુ હાસ્ય તારાં;
પ્હેલાં બનું હું જ નૃપાળ જેવો,
રાણી બનાવું, પછી લ્હાવ લેવો :

તારા ઝગે છે તુજ નેત્રમાં આ,
સ્વપ્નાં શમે છે તુજ સ્નેહમાં શાં !
ને રાજરાણી: બની એકવર્તી
સંસાર રાજ્યે થવું ચક્રવર્તી.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

પઢીઆરજીનું નવું પુસ્તક

સ્વર્ગનાં પુસ્તકોથી લોકપ્રિય થએલા સ્વ. અમૃતલાલ સુંદરજી પઢીઆરનું અપ્રકટ પુસ્તક ‘સ્વર્ગનો પ્રકાશ’ ૧-૬-૦ ની કીંમતે (પાકુ પુંઠું-૩૨૫ પાનાં) સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે પ્રકટ કર્યું છે. એમનાં બીજાં પુસ્તકોની પેઠે સરળ વ્યવહારૂ ભાષામાં ધર્મબોધ આપનારૂં આ પુસ્તક કુટુંબોએ વસાવવા જેવું છે.

સ્વીકાર

એક સત્યવીરની કથા: લેખક મોહનદાસ ગાંધી: પ્રકાશક ભગિનિસમાજ, મુંબાઇ-૪.

શ્રી કૃષ્ણ ચંદ્રોદય કથા: લેખક પ્રકાશક-ફુલચંદ ઝવેરદાસ શાહ નડિયાદ ૦-૬-૦.

ઉત્સાહ જામનગર સેવકમંડળની ‘સમાજ સેવક પત્રિકા’ ની પહેલી ભેટ

સુમન હસ્તલિખિત(સાઇક્લોસ્ટાઇલ)દ્વિમાસિકનો દીવાળી અંક

જ્ઞાતિબંધુ ,, ,, માસિકનો ,,

ખડાયતા ગોત્ર સમીક્ષા. લે. ભોગીલાલ ગાંધી ૦-૩-૦.

ભારત સરસ્વતીમંદિર-કરાંચી-નો ત્રીજા તથા ચોથા વર્ષનો અહેવાલ.

ગુજરાત મિત્રમંડળ સ્કુલ-ખડકપુર-નો છઠ્ઠો વાર્ષિકરીપોર્ટ.


ચુડાની સનાતન ધર્મ અંગ્રેજી શાળાનો રીપોર્ટ.

સુરત સેવામંડળનો પાંચમા વર્ષનો અહેવાલ.

ઉઘાડી આંખે જંગલમાં



લેખક



ગજાનન ઉ. ભટ્ટ


જંગલના નિવાસ સિવાય સ્કાઉટિંગ પૂર્ણ નથી એવો સ્કાઉટિંગનો એક અગત્યનો સિદ્ધાંત છે. હિંમત, સ્વાશ્રય તથા નિરીક્ષણશક્તિ ખીલવવા માટે વિદ્યાર્થીઓએ દર અઠવાડિયે એક અથવા બે રાત જંગલમાં ગાળવી ઘણી જ અગત્યની છે. ગીચ જંગલમાં અંધારી રાત્રીએ, તાપના ભડકાની ફરતા બેસી વીરરસની વાતો સાંભળવામાં જ વીરતાની ખરી કેળવણી છે. ઘુવડના હૃદયભેદક અવાજથી, શિયાળવાંના રૂદનથી, તમરાંના તીણા તમતમાટથી ભીષણ બનેલી કાળી રાત્રિએ પાસે સુતેલી ટુકડીના રક્ષણાર્થે પહેરો ભરવો તે જ યુવકોનાં હૃદયમાં હિંમતના અને વીરતાના ભાવો કુદરતી રીતે પ્રકટાવે છે. એ આનંદ જેટલો અનુભવથી મળે છે તેટલો વાંચનથી સમજાય એમ નથી.

અનુભવ

જંગલના નામથી જ આપણો જનસમાજ ભડકે છે; તો ત્યાં રાત ગાળવાની તો વાત જ તેમને ગળે કેમ ઉતરે? પણ હું અનુભવ ઉપરથી ખાતરી આપું છું કે સાપ વગેરે જંગલી જીવો, જનાવરો તથા પ્રાણીઓથી જેટલા આપણે ડરીએ છીએ તેના કરતાં તેઓ આપણાથી વિશેષ ડરે છે. જે સ્થળે માણસોનો પગરવ થાય તથા રાત્રે તાપણું કરવામાં આવે તેવે સ્થળેથી આવાં હિંસક પ્રાણીઓ એકેક માઇલ દૂર જતાં રહે છે. આવાં ભયંકર સ્થળોમાં પાંચપાંચ રાત્રિ સોથી દોઢસો કુમારસૈનિકો સાથે જમીન ઉપર પથારી કરીને નિર્વિઘ્ને પસાર કર્યા પછી જ ઉપલી હકીકતની ખાતરી આપું છું. વાઘ અને દીપડા માણસ ઉપર આવતા જ નથી. તેમણે માણસનાં લોહી ચાખ્યાં હોય તો જ તેઓ ભયંકર છે. આપણે તેને જોઇએ તેના કરતાં તેઓ આપણને ઘણા જ વહેલા જોઈ લે છે અને દૂર ચાલ્યાં જાય છે. જો કોઇપણ ચીજનો જંગલમાં ડર હોય તો તે સર્પ, વીંછી, મધમાખી, ભમરી અને મચ્છરોનો જ છે. સારાં તાપણાંથી એ બધાં ઘણાંખરાં દૂર થઇ જાય છે. સુવાના તંબુ અથવા સ્થળની આજુબાજુ કાથાનું જાડું દોરડું ગોળ પાથરવામાં આવે તો સર્પ તેને ઓળંગીને અંદર આવતા નથી એવું પણ માનવું છે.

નિરીક્ષણ

પણ જંગલમાં જઇને કરવું શું? કુમાર સેનાની કેટલી યે ટુકડીઓને, ત્યાં જઇને આખો દિવસ માત્ર રાંધીખાવામાં તથા એક સ્થળેથી બીજે સ્થળે લાંબી મુસાફરી કરવામાં જ પસાર કરતી મેં જોઇ છે. એ લોકો આસપાસની કુદરતનું નિરીક્ષણ તો બીલકુલ કરતા જ નથી. ખરા સ્કાઉટ થવું હોય અને કુદરતના ખરેખરા બાળક બનવું હોય તો રાત અને દિવસના મળી પાંચ માઇલથી વિશેષ મજલ કરવી જ નહિ. ત્યારે આટલી ધીમી મુસાફરી દરમ્યાન શું કરવું? હું એ જ ભારપૂર્વક કહેવા માગું છું. એ મુસાફરી ઉઘાડી આંખે કરવી જોઇએ. ઘણી જ ચીવટથી ચોમેર અવલોકન કરતા રહેવું જોઇએ. ઉઘાડી આંખ, જીજ્ઞાસા અને ચીવટવાળી અવલોકનશક્તિ માણસમાં હોય તો જંગલની કેટલી યે નજીવી લાગતી ચીજોમાં આપણને રસ અને જ્ઞાન મળી આવે. આ નીચે એવા કેટલાક દાખલાઓ તરફ ધ્યાન ખેંચું છું.


કરોળીઆનો ૧૫ ફૂટ લાંબો હવાઈ દોર
એક થોરથી બીજા ઉપર

આવા હવાઈ દોર આપણે જંગલનાં ઝાડો પર ઘણીવાર લટકતા જોઇએ છીએ. પણ કરોળિયાએ તે કેવી રીતે બનાવ્યો હશે તેનો વિચાર તમે કદિ કરી જોયો છે ?



ઉંચે ઝાડ પર લટકતા આવા સુઘરીના માળા ઉપર પણ કોઇએ કદિં વિચાર કર્યો છે ? તેણે તેમાં કરેલી પરાળની ઝીણી ગુંથણી ધ્યાનથી નીહાળી છે ? જાણે કોઇ ગૃહસ્થના મકાન જેટલી જ તેમાં સુઘરી અને સુઘરાએ સગવડ અને ગોઠવણ કરી હોય છે! તેના ઉપલા અડધા ભાગમાં માળ જેવું હોય છે. તેમાં સુઘરી ઉપરના બાંકોરેથી ઇંડાં મુકે છે, અને બારીમાં ઈંડાં સેવતી બેસે છે. જ્યારે માળના નીચેના ભાગમાં હીંચકા જેવી બેઠક કરી સુઘરો બેસે છે; અને પવનમાં જ્યારે માળો હલે છે ત્યારે અપૂર્વ આનંદ ભોગવે છે ! માળાની રચના એવી મજબુત અને સરસ કરી હોય છે કે તાપ કે વરસાદની હેરાનગતી તેમને બીલકુલ નડતી નથી.

બુલબુલ આવા ટોપલી જેવા ઉઘાડા માળા બાંધે છે. જ્યારે 'ટેઇલર બર્ડ' (દરજી–પક્ષી) ત્રણ પાંદડાંને નીચેના ચિત્રમાં બતાવ્યા મુજબ શીવી ઘણો જ સરસ માળો બનાવે છે. આવાં પક્ષીઓને માળા બાંધતાં જોવાં તે પણ એક જાતનું શિક્ષણ છે. આ દરજી–પક્ષીઓ આપણે ત્યાં થાય છે અને જ્યાંત્યાંથી દોરા ઉપાડી લઈ જતું દેખાય છે. એ માળા બહારથી જેટલા સુઘડ હોય છે તે કરતાં પણ અંદરથી તો ઘણા જ સ્વચ્છ, સુંવાળા અને સુંદર હોય છે. બચ્ચાં માટે રૂ અને રેશમના પોલ અંદર ગોઠવેલા હોય છે. સ્વચ્છ બીજાનાં રાખવાનું શિક્ષણ આપણને ત્યાંથી જ મળી રહે તેમ છે. કાગડા તો માત્ર જાડાં જાડાં સાંઠીકડાં અને રાડાં જ ભેગાં કરે છે, જ્યારે ખીસકોલી લુગડાંના ગાભાનો જ માળો બનાવે છે. ખીસકોલી ઉંદરને મળતી જાતની છે છતાં માળા બનાવે છે તે વાત ધ્યાન ખેંચે તેવી છે !

કુદરતમાં કિલ્લેબંધી

છીપલીઓ અને શંખલાં તો આપણે ઘણાં જોઇએ છીએ. તેઓ જીવડાંનાં હાડપીંજર નથી પણ કિલ્લા છે. પોતાનાથી મોટાં જીવડાં પોતાને ખાઇ ન જાય એટલા માટે ઝીણી ઇયળો આવાં શંખલાંમાં રહે છે. મોટા કરચલા મોટા શંખમાં રહે છે. તેઓ શંખનો 'સબ–મરીન' તરીકે ઉપયોગ કરે છે. શીકાર કરતી વખતે બહાર પંજા કાઢે છે અને ભયની વેળાએ શંખમાં દાખલ થઇ જાય છે. મોટી મોટી છીપોની અંદર કાળુ માછલી રહે છે એ વાત તો જગજાહેર છે. આ જ પ્રમાણે કેટલીક ઇયળો બાવળના થોરની શૂળોને સરખી કાપી તેનું શંકુ આકારનું ઘર બનાવે છે ! આવાં ખોખાં તલ–બાવળિયાની નીચે પડેલાં ઘણાં મળી આવે છે. નીચે પડેલી સુકી શૂળો અને લાકડાના કટકામાં તે એવું તો ભળી જાય છે કે તે તરફ આપણું ખાસ ધ્યાન ખેંચાતું નથી; પણ અવલોકનદૃષ્ટિવાળા કુમારની નજરે તે તરત ચડશે. એ માળાનું મોં બેવડા મોંના ખડિયા જેવું હોય છે. આ બનાવટમાં ઇયળોની યુક્તિ એ હોય છે કે તેમાં કીડી મંકોડી જેવાં જે કંઈ નાનાં જંતુ પેસે



તે પાછાં નીકળવા ન પામતાં પોતાનો ખોરાક થઇ પડે! તમને નવાઈ લાગશે કે ઇયળ પોતાના આ ઘરની સાથે જ બધે મુસાફરી કરે છે! એક બહુ જ નાજુક ઇયળ બાવળની સુળો એકસરખી કેવી રીતે કાપે, તેને કેમ જોડે અને પોતાના ઉપયોગમાં લે તે વિચારવા જેવું છે.

કુદરતમાં રંગ અને આકૃતિથી થતું રક્ષણ

નાનાં જીવડાંનું સંરક્ષણ કુદરત ઘણી રીતે કરે છે. કેટલાંકનો આકાર તથા રંગ એવો બનાવેલો હોય છે અને તે સાથેનાં ચિત્રોમાં બતાવ્યા પ્રમાણે, ખડમાં ફુલમાં અને પાનમાં એવાં ભળી જાય છે કે તેમને ઓળખવાં એ ઘણું જ કઠણ કામ છે. જે જંગલમાં જે રંગનાં ફુલો થતાં હોય ત્યાં તેવા જ રંગનાં પતંગિયાં થાય છે. લીલું ઘાસ જ્યારે રંગે લીલું મટી પીળું થાય છે ત્યારે તેમાં રહેતી ખડમાકડી પણ લીલી મટી પીળી બની જાય છે! આ કુદરતની કેટલીબધી કૃપા!

આવા કુદરતી અનુકૂળ રંગોથી રંગાઇ ગયેલ જંતુઓને પક્ષીઓ તથા કાચંડા જલદી પકડી શકતા નથી! કારણકે તેઓ છેતરાઇ જાય છે.

કુદરતની આ યુક્તિનો ઉપયોગ કરી માણસોએ પણ લડાઇના વખતમાં લશ્કરો માટે એવા પોષાક તૈયાર કર્યા છે કે જે પહેરવાથી લડવૈયા દૂરથી દેખાઈ જતા નથી! અને અચાનક હલ્લો કરે છે.

આવી તો અનેક જાતની વિવિધતાથી જંગલ ઉભરાતું હોય છે. પણ બંધ આંખે ફરનાર આમાંનું કશું જોઇ શકતો નથી.

[ભાઇશ્રી ગજાનન ભટ્ટની પેઠે પોતાના અનુભવો કે જોએલી હકીકતોનાં વર્ણનો લખવાની દરેક કુમાર ટેવ પાડે તો ખરેખરી માહીતીઓનો એક ઉપયોગી ભંડાર એકઠો થઇ શકે. ભાઇશ્રી ભટ્ટે પોતાના ચિત્રના જ્ઞાનનો કેટલો સરસ ઉપયોગ કર્યો છે (અને સ્કાઉટિંગમાં ચિત્રવિદ્યા કેટલી ઉપયોગી છે) તે ઉપલા લેખમાં એ ભાઇએ જાતે જ દોરેલાં ચિત્રો જોવાથી સમજાશે. અવલોકનશક્તિને અને ચિત્રને કેટલો નજીકનો સંબંધ છે તેની ઉપલાં ચિત્રો સાબીતી છે. એ ચિત્રોમાં અમે જાણીજોઇને કશો ફેરફાર કર્યો નથી, કારણકે તે સાદામાં સાદી રીતે દોરેલાં છતાં સફળતાપૂર્વક પોતાની હકીકત દર્શાવી આપે છે.

—તંત્રી]

અથાણું

'પા રૂપીઆના કેટલા આના?' શિક્ષકે પાટિયા પર દાખલો લખીને કહ્યું, 'કોણ જવાબ વહેલો લખે છે, ચાલો જોઇએ?' વિનુએ લખીને તરત સ્લેટ ઉંધી વાળી.

શિક્ષક—તારો જવાબ વાંચ જોઉં, વિનુ.

'ચાર અને ચોરાશી.' વિનુએ વાંચ્યું! (મં. અ. શાહ)

*

મુલ્લાં નસિરૂદ્દીનની આ વાત છે. એક દિવસ તેણે એક ઉમરાવને ત્રણ દાડમ ભેટ આપ્યાં. બદલામાં ઉમરાવે તેને સારૂં ઇનામ આપ્યું.

થોડા મહીના પછીથી તેણે એ જ ઉમરાવને ભેટ આપવાનો વિચાર કર્યો. આ વેળા તેણે ગાજર પસંદ કર્યાં. પણ એના એક મિત્રે તેને અંજીર ભેટ આપવાની ભલામણ કરી. તેથી સારાં અંજીર લઇ તે ઉમરાવને ઘેર ગયો. ઉમરાવ આ વેળા કંઈ ખુશ સ્વભાવમાં નહોતો. મુલ્લાંને જોઇ એણે પોતાના માણસોને હુકમ કીધો કે એ જ અંજીર એના માથામાં મારવાં.

એકેક અંજીર માથામાં લાગતું જાય ને મુલ્લાં ઇશ્વરનો આભાર માને અને બોલે, 'મિત્ર સુખી રહો, મિત્ર ઘણું જીવો.'

ઉમરાવે અજાયબ થઇ મુલ્લાંને આનું કારણ પુછ્યું.

'સાહેબ,' મુલ્લાંએ જવાબ દીધો, 'આજ હું આપને માટે ગાજરની ભેટ લાવનાર હતો. પણ ભલું હોજો મારા મિત્રનું કે તેણે મને અંજીર લઇ જવા કહ્યું. તેમ ન કર્યું હોત તો આજ મારૂં માથું જ ફુટી ગયું હોત!'

ઉમરાવે ખુશ થઇ તેને સારૂં ઇનામ આપ્યું.

(ન. સો. ગોળવાળા)

ધોળાં કપડાં

પ્રકાશની અસર કપડાં ઉપર કેવી થાય છે એ તરફ આપણું ધ્યાન હજુ ગયું નથી. આપણે ગમે તે ઋતુમાં ગમે તે રંગનાં કપડાં પહેરીએ છીએ—પછી ભલે તે રંગ ઋતુ કે શરીરને પ્રતિકૂળ હોય. સાધારણ રીતે અમુક જાતના સ્વભાવને અમુક રંગ વધુ ગમે છે; અને કળાની દ્રષ્ટિએ એ ખોટું નથી. પણ કેટલાંક તો મેલ ચડે તે ન દેખાય તેટલા સારૂ કાળાં કે બીજા કોઇ રંગનાં કપડાં પહેરે છે એ કેટલું ખોટું ?

શુભ શરદ ઋતુમાં શ્વેત વસ્ત્ર પહેરવાનો મહિમા ગણવામાં આવ્યો છે. વૈષ્ણવ મંદિરમાં પણ કૃષ્ણ-ભગવાનને ધોળા વાઘા પહેરાવાય છે અને કૃષ્ણ-લીલામાં પણ શરદુત્સવનો રાસ શ્વેત વસ્ત્રમાં સજ્જ થઇને લેવાય છે.

શરદઋતુમાં વરસાદ વરસ્યા પછીનું આકાશ અને વાતાવરણ તદ્દન નિર્મળ-ધૂળ વગરનું સ્વચ્છ હોય છે; તેથી ચંદ્રમાનું અજવાળીઉં ધોળુ દુધ જેવું નીકળે છે. દુધ અને પૌઆની ઉજાણી ચાંદનીમાં બેસી કરવામાં પણ રૂચિર કળા સમાઈ છે. માણસ કુદરતને અનુકૂળ બને એ રંગની કળાનો એક હેતુ હશે ખરો.

ધોળો રંગ કુદરતી અને આરોગ્યદાતા છે એનો વિચાર પશ્ચિમના એક દાક્તરે કર્યો છે. તેણે જોયું કે ઉત્તર ધ્રુવના હિમ પ્રદેશનું રીંછ ધોળું શા માટે છે? મેક્સિકો વગેરે ગરમ પ્રદેશનાં લોક ધોળો પહેરવેશ શા માટે પહેરે છે? એ સમજ્યો કે ધોળાં વસ્ત્રો શિયાળામાં વધુ ગરમ અને ઉનાળામાં વધુ શીતળ રહે છે. ધોળો રંગ કાળા કરતાં પ્રતિબિંબ વધુ સારી રીતે પાડી શકે છે; અને ગરમીનું વહન બહુ ઓછું કરે છે. એટલે ઠંડા પ્રદેશમાં ધોળા ઢાંકણથી રીંછનું રક્ષણ વધુ સારી રીતે થાય છે. શીત પવનના ઝપાટાઓ સામે ધોળો રંગ એના શરીરની ગરમી સાચવી રાખે છે અને ઉનાળામાં ઘામ તડકાની ગરમીને પ્રતિબિંબ પાડી પાછી ફેંકી દે છે.

વળી ધોળો રંગ—એટલે ધોળાં કપડાં સૂર્યના પ્રકાશને અંદર આવવા દે છે. એ તો સૌકોઇ જાણે છે કે ધોળા રંગનો પડદો પ્રકાશને દાખલ કરે છે અને કાળા રંગનો પડદો અંધાર્યુઘોર કરી દે છે.

આ સઘળા વિચારથી તેને એમ લાગ્યું કે બધી ઋતુઓમાં આપણે ધોળાં કપડાં પહેરવાં લાભકારક છે. આજ વીસ વરસ થયાં તે ધોળાં કપડાં જ પહેરે છે.

એકવાર તેણે એક નવાઈભર્યો પ્રયોગ આદર્યો. તેણે ત્રણચાર કુંડામાં ફુલછોડનાં કેટલાંક બી રોપ્યાં અને દરેક કુંડાને ધોળું, રાતું, લીલું, વાદળી અને કાળું એમ જુદાજુદા રંગનું પાણી પાયું. જે કુંડાને ધોળું પાણી પાયું હતું તેનાં બી બીજાં કુંડાંઓ કરતાં વધુ વહેલાં ઉગી નીકળ્યાં; કારણકે ધોળા રંગે પ્રકાશને ખુબ આવવા દીધો હતો.

આ પ્રયોગથી એની ખાતરી થઇ કે કપડાંનો રંગ એ આપણા શરીર અને સ્વભાવ સાથે ગાઢ સંબંધ ધરાવે છે માટે કપડાંની બાબતમાં રંગની પસંદગી એ એક ઉપયોગી વાત છે.

શરીરની ચામડી ઉપર પ્રકાશનાં કિરણ પરભાર્યાં જેમ વધુ ઢોળાય તેમ સારૂં. અને તેનો સઘળો આ-ધાર વસ્ત્રોના રંગ અને વણાટ ઉપર છે. સુરજના તેજમાં ધોળાં કપડાં પહેર્યાં હોય ત્યારે જાણે આપણે પ્રકાશમાં નહાઇ જ રહ્યા છીએ એમ લાગે છે. કાળાં લુગડાંમાં ચામડીને મુદ્દલ તેજ મળતું નથી. કદાચ શોક પાળવા સારૂ તેને અનુકુળ કાળો રંગ ખાસ પસંદ કરાયો હશે.

આથી એ દાક્તરને ખાતરી થઇ છે કે શિયાળા તેમ જ ઉનાળામાં ધોળાં વસ્ત્રો પહેરવાથી પ્રજાનું આરોગ્ય વધુ સારૂં રહે છે અને તેમાં પણ ઉગતાં બાળકોએ, માંદાંઓએ અને જેઓને ઘર અંદર રહે-વાનું હોય તેમણે તો ધોળાં વસ્ત્રો જ પહેરવાં સારાં છે.

કોઇ પણ રોગ મટાડવામાં સૂર્યપ્રકાશ કેટલો આબાદ અસરકારક છે તે હવે સમજાયું છે. એટલે ઝીણાં ધોળાં કપડાં પહેરવાથી સૂર્યનાં કિરણ શરીર ઉપર પડી શકે છે. તેમાં પણ હાથે કાંતેલા સુતરનાં અને હાથે વણેલાં વસ્ત્રો વધુ પ્રકાશ પાડે છે; કારણ કે હાથે વણેલાં કાપડમાં છિદ્રો હોય છે તે સૂર્યનાં કિરણ શરીરમાં દાખલ કરે છે, અને હાથનો વણાટ પોચો હોય છે તે ઉનાળામાં પરસેવો ચુસીને શરીરને શીતળ કરે છે. આથી પરસેવો શરીરમાં મરવા પામતો નથી કે શરીર તપી જતું નથી.

આપણે ઘણીવાર બારીઓને કાચ જડાવીએ છીએ. કાચની બારીઓ જોકે પ્રકાશને આવવા દે છે તો પણ સુરજનાં તાજગી અને પ્રાણ આપનાર 'અલ્ટ્રા વાયોલેટ' નામનાં કિરણોને દાખલ થવા દેતી નથી. એટલે બારીઓમાં કાચ મુકાવવા અને તેમાં યે રંગીન કાચ જડાવવા એ તો આરોગ્યની નજરે બીલકુલ નુકસાનકારક છે.



તાજી હવા લો તાજી હવા
પાસે ન આવે દરદ કે દવા

અને માંદાઓને તો કોઈ દિવસ રંગીન કપડાં પહેરાવવાં જ ન જોઇએ; તેમ જ અંધારા ઓરડામાં પણ રાખવાં ન જોઇએ. ધોળાં કપડાં પહેરીને તેઓ રોજ થોડાક કલાક બહાર સુરજનાં કિરણોમાં ફરે કે તેજછાયાવાળા વૃક્ષ નીચે થોડુંથોડું બેસે એ બહુ જ તંદુરસ્તી બક્ષનારૂં છે. નાનાં બાળકો જો સૂર્યપ્રકાશમાં ધોળાં કપડાં પહેરી ન ફરે તો તેમની વધ અને તંદુરસ્તી અટકે છે એટલું જ નહિ, પણ તેઓ નબળાં, ઠીંગણાં અને રોગનાં જંતુઓ જલદી લાગે એટલાં નાજુક તબિયતનાં થઇ જાય છે.

જો રંગીન કપડાં પહેરવાં હોય તો ફૂલગુલાબી જેવા આછા રંગો જ વાપરવા; ઘેરા નહિ. માત્ર મોં અને હાથ પ્રકાશમાં રહે એટલું બસ નથી. મોં અને હાથ મળીને તો આખા શરીરનો દસમો ભાગ પણ થતો નથી. શરીરનાં બધાં જ અવયવોને હમેશાં થોડાઘણા તેજમાં નહાવાના ઘણી જરૂર છે.

આથી એટલું તો સમજાયું હશે કે પગનાં મોજાં, હાથમોજાં, કૉલર નેકટાઈ તેમ જ કાળા રંગના કોટ-વાસ્કોટ એ બધું હિંદુસ્તાન જેવા ગરમ પ્રદેશમાં આરોગ્યને નુકસાનકારક છે. વળી સૂર્યનાં કિરણો શરીરમાં દાખલ થઇ શકે તે સારૂ માત્ર ઝીણા એક જ વસ્ત્રની—અને તે પણ ઢીલા વસ્ત્રની જરૂર છે. શરીરને કોબીચના ગોટાની જેમ તંગ કપડાંથી જકડી લેવામાં કશો સાર નથી,—ઉલટી ઇજા છે.

બંગાળામાં હાથકંતામણ અને હાથવણાટની ઝાકળ જેવી ઝીણી અને ધોળી મલમલ પહેરાય છે, ત્યાંની સ્ત્રીઓ બહુધા એક જ વસ્ત્રવડે પોતાનું ડીલ ઢાંકે છે, તથા પુરુષો ઉઘાડે માથે ફરે છે તેનો અર્થ હવે આપણે સમજી શકીએ છીએ.

'હોલબુટ' પહેરવા કરતાં પગને હવા પ્રકાશમાં છુટા રાખે તેવાં ચંપલ પહેરવાં શા સારૂ વધુ સારાં છે તે પણ હવે તમે સમજી શકશો. આમ છતાં યે આપણી

સુધરેલી સ્ત્રીઓ શા માટે એડીવાળા બુટ પસંદ કરતી હશે? પશ્ચિમિયા પોશાકના આપણા શોખીન જુવાનોને આવી કેટલીક વાતો સમજવાજોગ છે.

બાળકોને પણ ઢીંગલાં--પુતળાંની માફક ઢગલાબંધ કપડાં વડે શણગારવામાં કાંઇ જ ફાયદો નથી. તેમને એક ઝીણું ધોળું કે આછા રંગનું આચ્છાદન બસ છે.

કાળા અને ધોળા રંગથી આપણી મનોવૃત્તિ અને લાગણીમાં ઘણીવાર જોવા જેવો ફેરફાર થાય છે. ધોળાં વસ્ત્રો ઉતારી એકદમ કાળાં પહેરો અથવા કાળાં ઉતારી એકદમ ધોળાં પહેરો અને તમારા મન ઉપર દેખીતો ફેર પડશે. ધોળા પોશાકથી મન ઉપર સુખ ઉપજાવે તેવી ખુશનુમા તાજગી આવી જાય છે, અંતઃકરણ પ્રફુલ્લ રહે છે.

એક વૈજ્ઞાનિક કહે છે કે સૂર્યપ્રકાશવાળા દેશો હમેશાં ઉલ્લાસ અને આનંદથી ભરપુર હોય છે, કારણકે સૂર્યનો પ્રકાશ ઇન્દ્રિયોને વધુ કાર્યરત અને ઉત્સાહી રાખે છે તથા વિચારો અને વૃત્તિઓને વધુ ઉચ્ચ બનાવે છે.

આપણા આળસુ અને કૃત્રિમ જીવન ગાળતા હિંદવાસીઓ પોતે શું અને કેટલું ગુમાવ્યું છે એ સમજી હજી પાછા વળી નજર નાખે અને જે દેશમાં જન્મ ને ઉછેર લીધો તે દેશનાં હવાપાણીને અનુકૂળ રહી પોતાની પ્રકૃતિ જાળવે એ કેટલું આવશ્યક છે?

લીલો મેવો

આપણી પૃથ્વીને એક બીજો નાનકડો ચંદ્ર (ચંદ્રક) છે એવી હમણાં શોધ થઇ છે. એ ચંદ્રક માત્ર ૪૦૦ થી ૫૦૦ ફુટ પહોળો છે; તેની ઝડપ દર સેકંડે ૩ા માઇલની છે અને પૃથ્વીની આસપાસ એક દિવસમાં આઠ વાર ફરી વળે છે. પૃથ્વીથી ૨૫૦૦ માઇલને અંતરે પોતાની કક્ષામાં એ ફર્યા કરે છે. એને વિષે હજી વધારે તપાસ ચાલુ છે.

દક્ષિણ આટલાંટિકના ટ્રિસ્ટાં દ કુનાહા નામના ટાપુમાં ત્રણ વરસે માત્ર એક જ વખત ટપાલ વહેંચાય છે!


બેટી નૉર્ટન નામની અઢી વરસની એક અમેરિકન કન્યા તરવામાં તથા ડુબકી મારવામાં બહુ કાબેલ છે.

ફ્રાન્સનો રાજા છઠ્ઠો ચાર્લ્સ બહુ શોકાતુર રહેતો હતો તેને આનંદમાં લાવવા માટે ઇ. સ. ૧૩૯૦માં ગંજીપાની શોધ થઇ.

બાઇસિકલ પહેલવહેલી ઇ.સ.૧૮૬૬માં પારીસમાં શોધાઇ.

વિમાન સળગી જાય કે તુટી પડવાનો પ્રસંગ આવે તે વેળા તેમાંથી કુદી પડી જીવ બચાવવા માટે તેમાં ‘પૅરેશુટ’ નામની એક હવાની છત્રી રાખવામાં આવે છે. તે જાપાનીઝ રેશમી કાપડની બનેલી હોય છે અને તે ખોલવાથી તેમાં હવા ભરાઇને તેને આધારે લટકેલો માણસ ધીમેધીમે નીચે ઉતરી આવે છે.

સાનફ્રાન્સિસ્કોની એક બૅંકે પોતાના આંગણા આગળની જમીનમાં એક ઘડીઆળ એવી રીતે ગોઠવી છે કે રસ્તે જતાંઆવતાંને નીચું જોતાં જ ટાઇમ માલુમ પડે. રાત્રે એમાં દીવો સળગે છે.



બહુ જોરથી કદિ બગાસું ખાતા નહિ.

મારા એક ઓળખીતાને એક દિવસ સવારના પહોરમાં બહુ જોરથી બગાસું આવ્યું. મોં ખુબ જોરથી ઉઘડવાને લીધે જડબાંના સાંધાનું હાડકું ઉતરી ગયું! પણ એ બહુ ચપળ તેથી હકીકત તરત સમજી ગયા અને બે હથેલીઓથી બે જડબાં દબાવી હિકમતથી સાંધો બેસાડી દીધો. પરંતુ એ વાત કરતા હતા કે એક માણસનું જડબું એ રીતે બગાસું ખાતા ખડી ગએલું તેથી મોં ઉઘાડું જ રહી ગએલું! બંધ થાય જ નહિ. આખરે હાડવૈદ પાસે જઇને સાંધો બેસાડ્યો.

આપણાં મોંનાં બે જડબાં પેટીનાં ઢાંકણાંની પેઠે ઉઘડે છે ને બીડાય છે. બંને જડબાંના છેડાના સાંધાઓ એકબીજામાં આંકડીઆની પેઠે ભરાઇને ઢાંકણાના મિજાગરા જેવા બની રહેલા હોય છે. પ્રભુએ આ રચના કરીને તેનું રક્ષણ પણ સારી રીતે કરેલું હોય છે; છતાં શરીરના બીજા ભાગ પર પણ જેમ અણ ઘટતું દબાણ, વજન, કે ધક્કો પહોંચતાં તે સાંધામાંથી ઉતરી કે ખડી જાય છે, તેમ ઉંઘ કે થાકના તાનમાં ને તાનમાં બહુ જોરથી બગાસું ખાવાને લીધે જડબાં માપ કરતાં વધારે ઉઘડી જવાથી ખડી જાય છે. માટે જરા ચેતતા રહેજો.

‘નેપથ્ય’

જ્ઞાનલીલા

ભાદરવાની જ્ઞાનલીલાના ઉત્તર મોકલનારા ૩૪ જણમાંથી પ્રભુદાસ જીવરાજ ગાંધી–મુંબઈ એ એક જ જણે શરૂઆતના નવે સવાલોના ઠીક સાચા ઉત્તરો મોકલ્યા છે. એમને ઈનામ રવાના થશે.

ભાદરવાના પ્રશ્નોના ખરા જવાબ—**ગણિતગમ્મત :** ચોરો છ રૂપિયા લાવેલા; ૧૦૦ નંગની સાત ગાંસડી નીચે મુજબ: ૧, ૨, ૪, ૮, ૧૬, ૩૨, ૩૭; નવ આંકડાઓના ચોરસ અનેક રીતે ગોઠવી શકાય. **શબ્દ ફેરવણી:** વસંત, વખત, લખત, લખણુ, માખણુ, માળણુ. **શબ્દ ગોઠવણો:** નીચે બતાવી છે તે મુજબ **શબ્દચોરસ**

તા	ક ર **મો**	ઉ પ ના મ
સા ૨ સ	મ **હ** ર	પ ર ગ જુ
કા મ ણુ ગા રૂં	આ સ **ન** સી બ હે **ક**	ના ગ પુ ર
દે હા ઈ	ના **દા** ન ચ **૨** ક	મ જુ ર ણુ
૨	**સ** મ જુ લ **મ** ચ ક	
	આ **ચ** બો	
	દ મ ન	

શબ્દશિરચ્છેદ : (ગું)જન; (કિં)મત; (ક)મળ; (૨)મણુ; (૨)ક્ષણુ. **ઓળખી કાઢો :** શાન્તિ; મૌન.

એ જ્ઞાનલીલાનો દસમો સવાલ એવો હતો કે કુમારના અંકમાં આવી ગએલાં સૌથી શ્રેષ્ઠ ત્રણ ત્રણ ચિત્રો, વાર્તાઓ, લેખો અને કાવ્યો પસંદ કરી મોકલવાં. એનું ઈનામ જુદું આપવાનું અમે ઠરાવ્યું છે. એ પ્રશ્નના ઉત્તર મોકલનારા કુલ ૧૪ જણમાંથી ૭ જણના ઉત્તરો ઠીક જણાયા છે. તે દરેકના ઉત્તર તેના નામ સાથે આ નીચે છાપીએ છીએ. અમારી ઇચ્છા છે કે 'કુમાર'ના ગ્રાહકો પોતે જ એનો નિર્ણય લખી મોકલે કે એ સાતે ય જણમાં સૌથી સારી પસંદગી કરવા માટે કોને ઇનામ આપવું ? જેના નામને સૌથી વધારે મત મળશે તેને ઇનામ મળશે.

છોટાલાલ નરસિંહભાઇ પટેલ અંબેટા.
ચિત્ર: ભરત અને મૃગ, પ્રલય, ભગવાન બુદ્ધ.
વાર્તા: એક જુની કથા, કલોજી, બીકણુ (?) છોકરો.
લેખ: કાકા થયા પહેલાં, કેવું સારૂં? નરકેસરી નેપોલિયન.
કાવ્ય: એક જ દે ચીનગારી, કૌમાર, મારે જાવું.

પૂર્ણાનંદ મણિશંકર ભટ્ટ–અમદાવાદ.
ચિત્ર: પ્રલય, ભરત અને મૃગ, ધુરંધરના સ્કેચ.
વાર્તા: કલોજી, ભયંકર ચોકીદારો, ભાઇબેનની વાત.
લેખ: સુરેન્દ્રનાથ, ઝાંસીની રાણી, કાકા થયા પહેલાં.
કાવ્ય: ભવિષ્યવેત્તા, ઓળખ, ઘોડો.

બચુ તથા બાબુ–વાંકાનેર
ચિત્ર: દિલીપ અને સિંહ, છત્રપતિ શિવાજી, ભરત અને મૃગ.
વાર્તા: કલોજી લુણસરીઓ, કિરીટ, ભયંકર ચોકીદારો.
લેખ: વીરાંગના લક્ષ્મીબાઇ, નેપોલિયન, છત્રપતિ શિવાજી.
કાવ્ય: બાદલવીર, ગીરનાં જંગલ, કૌમાર.

પ્રીતમલાલ જી. પટેલ–વાંકાનેર
ચિત્ર: ભગવાન બુદ્ધ, વીરાંગના લક્ષ્મીબાઈ, ભરત અને મૃગ.
વાર્તા: કલોજી લુણસરીઓ, મગર સાથે બાથંબાથી, બાદલવીર.
લેખ: વીરાંગના લક્ષ્મીબાઈ, નેપોલિયન, છત્રપતિ શિવાજી.
કાવ્ય: ભવિષ્યવેત્તા, ગીરનાં જંગલ, અમારો દેશ.

શામજી લવજી આલગિયા–ભાવનગર
ચિત્ર: પ્રલય, દિલીપ અને સિંહ, ભરત અને મૃગ.
વાર્તા: એક જુની કથા, મહેશ, હેમલો ભૂત.
લેખ: પ્રવાસ, કાકા થયા પહેલાં, ઝેરનો પ્યાલો પીનાર.
કાવ્ય: એક જ દે ચીનગારી, તલાવડી, ભરત અને મૃગ.

શાંતિલાલ હીરાલાલ શાહ–મુંબઇ.
ચિત્ર: ગાંધીજી, ભગવાન બુદ્ધ, દીલીપ અને સિંહ.
વાર્તા: બલિદાનની ભૂમિ, પંજપ્યારા, હેમલો ભૂત.
લેખ: કાકા થયા પહેલાં, રવીન્દ્રનાથની ચીનયાત્રા, અમૃતસરનું સુવર્ણમંદિર.
કાવ્ય: ભવિષ્યવેત્તા, હીરાનું ભણતર, અમારો દેશ.

ચાંપસિંહ વિજપાર–ઘાટકોપર.
ચિત્ર: ગાંધીજી, દિલીપ અને સિંહ, ડયુક્સ નોઝ.
વાર્તા: મગર સાથે બાથંબાથી, વેર કેમ લેવાય ? હેમલો ભૂત.
લેખ: દેશબંધુ, સુરેન્દ્રનાથ, વીરાંગના લક્ષ્મીબાઇ.
કાવ્ય: ભવિષ્યવેત્તા, બાદલવીર, અમારો દેશ.

નવા સવાલ

નીચેના નવા પ્રશ્નોનું પરિણામ આવતા વરસના પહેલા (પોષના) અંકમાં પ્રગટ થશે. ઇનામ એ વરસમાં ગ્રાહક હશે તેને જ મળી શકશે. જવાબો માગશરની પુનમ સુધીમાં મળી જવા જોઇએ.

શબ્દગોઠવણ

		૧		
	૨	૩	૪	
૫	૬	૭	૮	૯
	૧૦	૧૧	૧૨	
		૧૩		

બાજુએ ગોઠવેલા આકાર અને આંકડાઓના નંબર પ્રમાણે ગોઠવવાથી નીચે મુજબના અર્થોવાળા શબ્દો નીકળી શકે: ૧,૩,૭,૧૧,૧૩=હિંદુસ્તાનનું જાત્રાનું સ્થળ; ૫,૬,૭,૮,૯=એક હસ્તલિખિત માસિક–જેનું સૂચન કુમારમાં આવી ગયું છે; ૨,૩,૪=એક રાગનું નામ; ૧૦,૧૧,૧૨=વિદ્વાન; ૪,૮,૧૩=ધનિક.

શબ્દચોરસ

નીચે આપેલા અર્થ પ્રમાણેના, ત્રણ અક્ષરનો એક એવા

ત્રણ શબ્દોનો એક શબ્દચોરસ બનાવો જેની લીટીઓને આડી ઉભી ગમે તેમ વાંચતાં એકસરખી વંચાય: (૧) એક દેશ (૨) એક નાની કોમ (૩) વિધિ. (ભટ પૂ. મ.)

(૧) કુમારમાં આવેલી વાર્તાનું નામ (૨) હિંદુસ્તાનની નદી (૩) સમુદ્રની મર્યાદા. એ ત્રણ અર્થવાળા ત્રણ શબ્દોનો બીજો શબ્દચોરસ બનાવો. (જ. વિ. પટેલ)

સગપણ શોધી કાઢો

'તારી સાસુ મારી સાસુને સાસુ કહી બોલાવે છે' એમ એક બાઇએ કોઇ માણસને કહ્યું; તો એ બંને વચ્ચે શી સગાઈ? અને જો કોઇ માણસે કોઇ બાઇને એમ કહ્યું હોય તો એ બંને વચ્ચે પણ શી સગાઈ?

(નાનાલાલ પાટડીઆ–રાણપુર)

અ એ મા છે, **બ** એની દીકરી છે; **ક** એ કોઈ જુદા જ કુટુંબનો બાપ છે, **ડ** એનો દીકરો છે. બન્યું છે એવું કે **ક**, **બ**ને પરણ્યો છે અને **ડ**, **અ**ને પરણ્યો છે. તો એમનાં છોકરાં એકબીજાંને શાં સગાં થાય? (ત્રિભુવન–જેતપુર)

શરદ ઋતુ ઉતરીને હેમંત બેઠી છે. આ વખતની શબ્દ-ફેરવણી પણ **શરદ**માંથી **હેમંત** બનાવવાની છે. વચ્ચે માત્ર બે જ શબ્દો નવા ઉમેરવાની છુટ છે.

પસંદગી

ઉપર જે સાત જણનાં નામ સાથે તેમણે દરેકે પસંદ કરેલાં કુમારનાં શ્રેષ્ઠ ચિત્રો, કાવ્યે, વાર્તાઓ, લેખો વગેરેની યાદી આપી છે તેમાંના કોને એકને ઇનામ આપવું એ બાબત તમારી પસંદગી નોંધી મોકલો. આ પસંદગીની ગણત્રી પણ જ્ઞાનલીલાના ઉત્તરમાં ગણાશે.

ઓળખી કાઢો

જગતની સૌ પ્રજા કરતાં સમૃદ્ધિમાં હું શ્રેષ્ઠ છું. મારૂં શિર ઉત્તરધ્રુવને પણ માથે છે, મારૂં ધડ બંગલાના પેટમાં છે, અને પગ તો અમરાવતીને છેક છેડે છે. આખા જગત પર હું ફેલાએલી છું; તો હું કોણ?

એક નારીજાતિના હથિયારને નરજાતિનું રૂપ આપતાં પક્ષી બની જાય છે; અને એવી જ રીતે નારીજાતિના એક પક્ષીને નરજાતિનો પ્રત્યય લગાડતાં ઘરની વપરાશની એક વસ્તુ બની જાય છે તો એ બંને શું હશે?

મારે અને તમારે થોડા વખતથી સંબંધ જોડાયો છે. હું બે ધંધા કરૂં છું; પણ એ બંને ધંધાના નામના પહેલા અક્ષરોમાં જ માત્ર ફેર છે; બાકીના એકસરખા છે. મારો પહેલો અને છેલ્લો અક્ષર પણ એકસરખો જ છે. ઓળખી શકો છો? (શા. લ. આલગિયા)

ગણિતગરૂમત: (૧) એવાં ચાર તોલાં (પૂર્ણાંકવાળાં) શોધી કાઢો કે જે વડે ૧ શેરથી ૧ મણ સુધીનું ગમે તેટલું વજન એક ધારણે જોખી શકાય. (૨) એક ખેડુતને કોઇએ પુછ્યું કે તમે કુટુંબમાં કેટલાં માણસ છો? તો એણે જવાબ આપ્યો કે અહીં છીએ એટલા ઘેર છીએ; એના અડધા ખેતરે છે ને એના અડધા ગોદિયાંમાં છે; તું આવે તો સો થઇએ. તો મુળ **ત્યાં** કેટલાં માણસ હાજર હશે?

શોધી કાઢો: નીચેનાં બે વાક્યોમાં ઉપજાતિ છંદની શીખામણની કવિતાની બે લીટીઓ ગુંચવાઈ ગઈ છે.

વિવા રચાયા ને ચાર રીઉણી
રીદ્ધિના લેશ કાપુ વિપતવિ

આ વખતનું નવા સવાલ મોકલવાનું ઇનામ શામજી લવજી આલગિયા–ભાવનગર–ને મળે છે.

હરીફાઈઓનાં પરિણામ

ફોટોગ્રાફીની હરીફાઇનું પરિણામ

ઘણી લાંબી મુદતે પણ બહાર પડી શકે છે એટલો જ સંતોષ બાદ કરતાં તે વિષે બીજું ઘણું અસંતોષ ઉપજાવે એવું છે. કમેરા વાપરનારા માત્ર કૅમેરાના બળ ઉપર જ ભરોસો રાખી પોતાની અક્કલ હોશિયારી કે વિચારનો બહુ જ થોડો ઉપયોગ ને વિકાસ કરતા દેખાય છે. એક પણ વસ્તુ, પ્રાણી કે પદાર્થનો ફોટોગ્રાફ લેતાં પહેલાં—ચાંપ દાબતાં પહેલાં આખા ચિત્રનો, તેના મહત્ત્વનો કે ઉપયોગિતાનો, અથવા તેમાં દેખાતી સુંદરતા કે આકર્ષણનો જરા પણ ખ્યાલ કર્યા વગર જેઓ કામ કરે છે તે પૈસા અને વખત બંને બગાડે છે.

સૃષ્ટિમાંથી ચિત્ર ચુંટી કાઢવાની વિરલ શક્તિ પ્રાપ્ત કરવાને કૅમેરા એક ઉત્તમ સાધન છે; પરંતુ તેનો ઉપયોગ બહુ વિચારપૂર્વક અને રસિક વૃત્તિથી ન કરવામાં આવે તો તે ખાલી ભાર રૂપ છે.

આ વખતની હરીફાઇમાં માનવછબીની માગણી હતી અને ઘણા બંધુઓએ તેમાં ભાગ લીધો હતો. છતાં હરીફાઈમાં દાખલ કરવા યોગ્ય બધી શરતો પુરી કરતા ફોટોગ્રાફ બહુ જ થોડા નીકળ્યા છે. તે આ અંકમાં બીજે ઠેકાણે છાપવામાં આવ્યા છે તેના ઉપર, નીચેના વિવેચનની નજરે સૌ વાચકો જોશે તો ઘણું શીખવાનું મળશે.

નં. ૧ બાળકોને તદ્દન સામે રાખવાને બદલે બીજી દિશા ગોઠવી કંઇ રમત કરતાં લીધાં હોત, પાછળ એકાદ ઝાડની ભૂમિકા પડે એમ કર્યું હોત તો ચિત્ર વધુ આકર્ષક બનત. વસ્તુ તરીકે પસંદગી સારી થઇ છે. નં. ૨ ની નિશાનબાજીમાં નાના બાળકને રમવા જેવડું તીરકામઠું અને લાંબી સોટી જેવું બાણ યોદ્ધા જેવા યુવાન હાથમાં કેવુંક ભળે? વનવાસી જેવો પોશાક કર્યો છતાં માથા પરની ગોઠવણ ભળતી થઇ નહિ. મનુષ્ય–આકૃતિને ઉઠાવ આપે એવી રીતે પાછળનો

દેખાવ લેવાયો હોત તો ઠીક થાત. નં. ૩ કશી યોજના વગર લીધેલો ફોટોગ્રાફ: બાળક વિષે ફોટોગ્રાફરના મમત્વ સિવાય કશું જ આકર્ષણ નથી. નં. ૪ બારીના પ્રકાશનો ઉપયોગ. પુસ્તકની ગોઠવણી, બેસનારની કલ્પના અને બધું યે છાયા પ્રકાશની ચતુર યોજનાવાળુ છે. કપડાંની ઘડીઓ પણ ચિત્રરચનામાં ભાગ આપે છે. એ ચિત્રને હરીફાઈનું પહેલું ઇનામ મળે છે. નં. ૫ મુખ્ય આકૃતિ છુટી સ્પષ્ટ દેખાય એવી રીતે પાછળની ગોઠવણ: ચિત્રમાં જરા વિનોદ લાવવાનો યત્ન વગેરે આકર્ષક બાબતો છે. (ખાસ ઇનામ) નં. ૬ પ્રસંગ પર જ કેમેરા તૈયાર રાખનારને કઇને કંઈ પાડવાનું સુઝે છે. પણ તેમાં છબીના બધા કાયદા પળાતા નથી, એટલે બાકીનો ભાગ ઘણીવાર અણગમો પણ ઉપજાવે છે. (બીજું ઈનામ.) નં. ૭ મદારી સામો ન દેખાય અને ફોટો પાડનારની તેને ખબર પણ ન હોય તેવો બીજી કોઇ સ્વાભાવિક સ્થિતિમાં હોત તો આ ચિત્ર સરસ ગણાત. નં. ૮ થાંભલા પાસે ઉભેલ કુમારની ઉભા રહેવાની છટા ફોટોગ્રાફરોને નવીન સુચના છે; પણ પાછળ દેખાતો ખાળનો નળ વિચારમાં અનુકૂળ થતો નથી. કોઈ પણ ઉપાયે ગંદકીના વિચાર લાવતી વસ્તુઓ છબીમાં ન જ આવવા દેવી જોઇએ. નં. ૯ ચહેરો અને ભાવ બંને ઠીક છે, પણ બધાં પોતાનાં મોં સામેનાં સામે શામાટે રાખે છે? નં. ૧૦ છબી તરીકે ઠીક, પરંતુ હાથનું અંતર કેમેરાની નજીક થવાથી તે મોટો પડયો છે. આવા દોષ આગળથી બરોબર વિચાર કરનાર દૂર કરી શકે છે. નં. ૧૧ છબી તરીકે સરસ, પણ ફોટોગ્રાફી દોષવાળી. ચિત્ર સુસ્પષ્ટ લાવવા પુરતી કૅમેરાની ગોઠવણ ન રહી તેથી એમ બન્યું. (ત્રીજું ઇનામ.) નં. ૧૨ ફોટોગ્રાફી સારી, છાયા પ્રકાશની યોજનામાં જરા યે વિચાર કર્યો નથી. બેસનારનો ચહેરો ભાવશૂન્ય થઇ ગયો છે.

રંગોળીની હરીફાઈ

માટે અમે બહુ ઉમેદ રાખી હતી, પરંતુ જે નમુના આવ્યા તે પરથી દેખાય છે કે કોઇ રંગોળીનો આશય ખરેખર સમજ્યાં જ નથી. રંગોળીનું ચિત્ર ઘરના આંગણામાં દોરી શકાય એવું, સહજ મળી આવતા રંગોની જ ગોઠવણવાળું, સાદું, સૂચક ભાવનાવાળું સ્વકલ્પિત જોઇતું હતું; તેને બદલે બહાર પડેલી ચોપડીઓમાંથી કાલીઘેલી નકલો અને રંગ તથા આલેખનની અતિ અટપટી ગોઠવણવાળાં ચિત્રો આવી પડયાં. આખરે અલ્પ સંતોષ લેવાને નીચેનાંઓને બે સાદાં ઇનામો આપીએ છીએ. (૧) વરજીવનદાસ છગનલાલ કંપાણી ઉ. વ. ૧૪ : રંગુન (૨) બહેન સરલાદેવી પ્રતાપરાય દેસાઇ ઉ. વ. ૧૪ : સુરત.

ઝાડના રોપા પરોઢિયે ચારથી છ વાગ્યા સુધીમાં સૌથી વધારે ઝડપે ઉગે છે.

એક શેર મધ એટલે ૫૬૭ માખમાખીઓની જન્મથી મરણ સુધીની કમાણી.

ઉગતી પ્રજા

ઉમરેઠનું ચોથું વિદ્યાર્થીસંમેલન

'નિર્દોષ ને આનંદમય જીવન ગાળવું એના જેવું તન્દુરસ્તીને પોષક બીજું કાંઈ નથી. શરીરના કે મનની કેળવણી એકલી બસ નથી. તેને અર્થે સૌન્દર્યની ભાવના પોષવી જોઇએ અને હૃદય સંસ્કારી તથા રસિક હોવું જોઇએ. ચિત્રકળા સંગીત વગેરે આપણા જીવનમાં એવા રસ રેડે છે અને નવું ચેતન લાવે છે.

—પ્રમુખ પ્રો. મોહનલાલ દવેના ભાષણમાંથી.

દર સાલની જેમ આ વરસે પણ એટલા જ ઉમંગથી ઉમરેઠ વિદ્યાર્થીમંડળે પોતાનું ચોથું સંમેલન ભર્યું હતું એ એમના ઉત્સાહ અને એકનિષ્ઠાનો પુરાવો છે. તેમની સંમેલન ભરવાની વ્યવસ્થિત અને નિયમિત ગોઠવણથી ગુજરાતના ઘણા વિદ્યાર્થી સેવકો અને ઉગતી પ્રજામાં રસ લેનારા સજ્જનો આકર્ષાઇ ત્યાં ગયા હતા. પ્રમુખ શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે તરફથી તેમને ઘણી અનુભવી શીખામણો મળી. ઉપરાંત જ્ઞાનસત્રની વ્યાખ્યાનમાળામાં શ્રી રામનારાયણ પાઠકનું પ્રવચન, અ. મલકાનીએ કરેલો ઉપયોગી વાર્તાલાપ, શ્રી કનૈયાલાલ વકીલની, કલાના સંસ્કાર જીવનમાં ઉતારવાને થએલી સચોટ અપીલ, ગ્રામ્ય જીવનની અભિરૂચિ પ્રેરનારૂં શ્રી ધૂમકેતુનું પ્રોત્સાહક વ્યાખ્યાન તથા વ્યોમેશચંદ્ર પાઠકજી તરફથી સરલ તરલ વાણીમાં અપાએલી લગ્નમીમાંસા—એ બધાં નવાં આકર્ષક અને ઉપયોગી ભાષણો હતાં. એ સિવાય વિદ્યાર્થીઓ ઉપરાંત આખા ગામને મહત્ત્વની અને ઉપયોગી સલાહ આપનારૂં શહેરસુધારા વિષેનું અનુભવી પ્રવચન તો ડૉ. હરિપ્રસાદે કર્યું. ઉમરેઠવાસીઓ એમની સીધીસટ વ્યવહારૂ વાતો ધ્યાનમાં લેશે તો તેમના આરોગ્યસુખના ગણેશ સત્વર મંડાશે.

વિદ્યાર્થીઓની આનંદબજાર, નાટયપ્રયોગો, ચિત્રો અને હસ્તલિખિત માસિકોનું પ્રદર્શન, વિનોદવાટિકા વગેરે ઉત્સવ અને ઉલ્લાસ બતાવી રહ્યાં હતાં. ઉમરેઠના વિદ્યાર્થીમંડળે આ વખતથી 'ગુજરાત કલા ચંદ્રક' આપવાની શરૂઆત કરીને ગુજરાતના ઉગતા વિદ્યાર્થી કલાકારોમાંથી જે શ્રેષ્ઠ નીવડે તેને રૂપાનો ચાંદ આપવાનું ઠરાવ્યું છે. તે મુજબનો આ વખતનો ચંદ્રક કપડવણજવાળા ભાઇ સોમાલાલ શાહને મળ્યો છે. ભાઇ સોમાલાલમાં કળાનો એક નવીન જ પ્રકાર ખીલતો દેખાય છે. એની ઉપર હાલની લોકરંજની રૂઢીની છાપ પડી તે ઝંખવાય નહિ એમ ઇચ્છીશું.

[અનુસંધાન પાન ૪૩૮ મે]

બાળ વિભાગ



સીસોટી



જરાક જેટલી સીસોટી ને
મેં તો ફુંકી જોરમાં;
આભમાં પડછંદા ઉઠ્યા
ત્યાં તો ચારે કોરમાં.
સીસોટી તો એમ બોલી,
સડસડ સડસડ સડ્ડુડુ;
ધરતીનાં પડ જ્યાં ત્યાં તો
ધડધડ ધડધડ ધડ્ડુડુ.
સીસોટી તો એમ બોલી,
સડુડ સડુડ સડ્ડુડુ;
મેહુલીઓ ત્યાં ગરજી ઉઠ્યો,
ગડુડ ગડુડ ગડ્ડુડુ.
સીસોટી તો એમ બોલી,
સ ડ્ ડ્ ડ્ સ ડ્ ડ્ ડ્;
સાતે સાગર ગાજ્યા ત્યાં તો
હ ડ્ ડ્ ડ્ હ ડ્ ડ્ ડ્.

ત્રિભુવન વ્યાસ

ધ્રુવ

એક હતો છોકરો. તેનું નામ ધ્રુવ. ધ્રુવ પોતાની મા પાસે જ રહેતો હતો. સુનીતિને ધ્રુવ એ એકનો એક છોકરો. એટલે આખો દિવસ ધ્રુવને ઉછેરવામાં જ તે મશગુલ રહેતી. સાંજ પડે આસપાસના ઘણા છોકરાઓ ધ્રુવ સાથે રમવા આવતા, અને વાતો કરતા. છોકરાઓની વાતો તે શી હોય ? ચકલી, મીંદડી, વરૂ કે શિયાળ. એમની વાતો કર્યા કરે. અને થાકી જાય એટલે પોતાનાં માબાપ વિષે કહ્યાં કરે. આજે મારી બાએ દહીંથરાં ખાવા આપ્યાં, મારા બાપા મને મન્દિરે તેડી લઈ ગયા એવું એવું. ધ્રુવ પાસે પોતાની માના વહાલની વાતો પાર વગરની હતી, પણ ઘરમાં પિતા તો હતા જ નહિ. એ મા પાસે જઈ બોલ્યો : 'બા, બા, મારા બાપા કોણ છે ? એ ક્યાં રહે છે ?' માએ જાણે તે સાંભળ્યું જ ન હોય એમ બીજી વાત ચલાવી. પણ છોકરો શાનો છોડે ? આખરે એક નિસાસો મુકી માએ કહ્યું, 'બાપુ, જેને બધા લોકો રાજા રાજા કહે છે તે જ તારા પિતા છે.'

'ત્યારે આપણે અહીં કેમ ? ચાલો આપણે બાપાને ત્યાં જઈએ.'

'ના બાપુ, આપણાથી ન જવાય.'

'કેમ વારૂ ? પેલો લોમશ કહેતો હતો કે રાજાનું મકાન ભારે સુંદર અને મોટું છે. શું ત્યાંના પહેરેગીર આપણને અંદર ન જવા દે ? હું પહેરેગીરને કહીશ કે મારે બાપાને મળવું છે. પછી એ શાનો આપણને રોકે ? તું ડરીશ નહિ મા, હું તારી સાથે છું.'

'ના બાપુ, આપણાથી ન જવાય. ત્યાં નાની રાણી છે, તે તને મારશે.'

'કેમ ? રાણી રાજાનું નહિ માને ? હું રાણીને કહીશ કે હું તને મળવા આવ્યો નથી; હું મારા બાપાને મળવા આવ્યો છું. પછી ?'

ધ્રુવના લવારા અધવચ છોડી મા આંગણે ગઈ અને ત્યાં પૂજામાં બેસી ગઇ. ધ્રુવ બાપાને મળવા ગયો. ધ્રુવને રોકવાની હિંમત પહેરેગીરે કરી નહિ. 'બાપા, બાપા,' કરી તે સીધો રાજા પાસે ગયો. ધ્રુવનું મોઢું એટલું બધું એની મા જેવું હતું કે એને ઓળખતાં રાજાને વાર લાગી નહિ. રાજાની આંખમાં આંસુ આવ્યાં. ધ્રુવને ઝટ ઉપાડી લઈ એને પોતાના ખોળામાં બેસાડી દીધો, અને બહુ જ હેતથી રાજા ધ્રુવના કાલાકાલા બોલ સાંભળવા લાગ્યો. પહેરેગીરે ધ્રુવને રોક્યો નહિ, પણ ધ્રુવ આવ્યાની વાત દોડતા જઇ નાની રાણી સુરૂચિને કહેવા જેટલો વફાદાર એ હતો! રાણી ક્રોધે ભરાઇ. ધ્રુવને રાજાના ખોળામાંથી હડસેલી પાડ્યો. રાણી કહે, 'રાજાના ખોળામાં બેસવાનું તારા નસીબમાં હોત તો મારે પેટે જનમ્યો નહિ હોત?' ધ્રુવને ગરીબાઇનો અનુભવ હતો, પણ અપમાનનો ન હતો. તે તેજસ્વી બાળક રોતોરોતો મા પાસે આવ્યો.

૨

'તેથી જ તો હું તને કહેતી હતી કે આપણાથી ત્યાં ન જવાય. આપણે ક્યાં ભગવાનનું પૂજન કર્યું છે કે તપ કર્યું છે, કે રાજાના ખોળામાં બેસવાનું તારા ભાગ્યમાં હોય?'

'પણ બા, તારે પેટે હું જન્મ્યો એ ઓછું ભાગ્ય છે એમ મને નથી લાગતું. આપણે આજ સુધી ભગવાનનું પૂજન નહિ કર્યું હોય તો હવે કરીશું. હું ભગવાનનાં દર્શન કરીશ અને તેને કહીશ કે 'ભગવાન, મને એવી જગ્યા આપ કે જ્યાંથી કોઈ રાણી મને ઉઠાડી શકે જ નહિ!'

'બાપુ, ભગવાનનું દર્શન એટલું સહેલું નથી. મોટા મોટા ઋષિમુનિ તેને માટે કેટલુંયે તપ કરે છે.'

'બા, તપ એટલે શું? મારાથી તે નહિ થાય? મને લાગે છે કે હું કરી શકીશ.'

'બેટા, સાધુ લોકો હિમાલયમાં જઇ બરફમાં એક પગે ઉભા રહે છે; એકલી હવા ખાઇ રહે છે; કેટલાક સવારથી બપોર સુધી પાણીમાં જ ઉભા રહે છે, અને જપ કરે છે. તું તો નાનો બાળક. તારાથી એ બધું કેમ થાય?'

'કેમ ન થાય, બા? આ જો, હું ચાલ્યો.'

૩

હિમાલયનો ઉંચો ઉંચો પહાડ. એની બાજુએ થઇને એક પગ મુકવા જેટલી કેડી. તે ઉપરથી એક નાનો સરખો બાળક ઉતાવળે પગે ચાલતો હતો. દૂર એક ઝાડ નીચે ધોળી ધોળી દાઢીવાળા સાધુઓ ધુણી સળગાવીને બેઠા હતા. કેટલાકે સફેદ કામળ ઓઢી હતી. અને કેટલાક આખા શરીરે ભભૂતિ ચોળીને બેઠા હતા. એક જણના હાથમાં બે તુંબાંવાળી વીણા હતી. એ ગાતો અને બીજા બધા તલ્લીન થઇને સાંભળતા હતા. ધ્રુવને દૂરથી આવતો જોઇ ગાનારે પોતાનું ગાયન બંધ કર્યું. બધાની દૃષ્ટિ એ બાળક તરફ ગઈ. નારદે ધ્રુવને પુછ્યું, 'બચ્ચા, તું ક્યાંથી આવ્યો છે? આમ ક્યાં ચાલ્યો?'

ધ્રુવ બોલ્યો, 'હું સુનીતિનો દીકરો. રાજાને મળવા ગયો, ત્યાં રાણીએ મને લાત મારી. હવે હું તપ કરવા જાઉં છું. મારે ઇશ્વર પાસેથી અચળ સ્થાન મેળવવું છે.'

'બચ્ચા, ગુરુ પાસેથી મંત્ર લીધા વગર તપ નહિ થાય.'

'ત્યારે મહારાજ, તમે જ મને મંત્ર કહોને. તમને તો એ જરૂર આવડતો હશે.'

ધ્રુવની શ્રદ્ધા જોઈ નારદ ખુશખુશ થયા. નારદ મુનિએ ધ્રુવના કાનમાં બાર અક્ષરનો મંત્ર કહી દીધો અને કહ્યું, 'પ્રલ્હાદ, પરાશર, પુંડરીક, વ્યાસ, અંબરીષ, શુક્ર, શૌનક, ભીષ્મ, દાલ્ભ્ય, રૂકમાંગદ, વસિષ્ટ, વિભીષણ અને હું એ બધા એ જ મંત્રનો જાપ કરીએ છીએ.'

ધ્રુવ આગળ ચાલ્યો અને નારદનું ગાયન ફરી શરૂ થયું.

૪

છ મહીના સુધી ધ્રુવે શું ખાધું શું પીધું એ હું જાણતો નથી. પણ સવાર ને સાંજ, બપોરે ને રાત્રે 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ બાર અક્ષરના મંત્રનો જાપ બરાબર ચાલતો હતો. જપ કરતી વખતે આંખ મીંચીને બેસવું જોઇએ એ તો ધ્રુવ જાણતો જ

ન હતો. પણ ઇશ્વરની ભક્તિમાં એનું મન એટલું તો લીન થઈ ગયું હતું કે આંખ ઉઘાડી રાખવા છતાં એ કશું જોઈ શકતો ન હતો.

એમ કહેવાય છે કે કોઈ માણસ તપ કરવા બેસે એટલે ઇન્દ્રના પેટમાં બીક પેસી જાય છે; એના હૈયામાં ધબ ધબ ધબ થાય છે; રખેને આ માણસ તપ કરીને મારૂં સ્થાન લઇ લે, એમ માનીને તે તપમાં વિઘ્ન નાખે છે.

ધ્રુવ બેઠો હતો ત્યાં એકાએક મોટા મોટા રાક્ષસો આવીને ઉભા અને 'હાઉ, હાઉ' કરવા લાગ્યા. એક કહે એને આપણે શેકીને ખાઇ જઇએ. બીજો કહે, 'ના ના, આ તો બાળક છે. એનું માંસ કુમળું હશે; એ તો કાચું ને કાચું ખવાય.'

ધ્રુવે મોઢું સરખું ફેરવ્યું નહિ. એના હૈયામાં શ્રદ્ધા અને ભક્તિ જાગતી હતી. એ શાનો ડરે? ઇન્દ્રની ફજેતી થઇ અને ધ્રુવનું તપ વધ્યું. ઇન્દ્રે વિચાર કર્યો, આ રીતે છોકરાને ગાંઠી ન શકાય. પોતાની મા ઉપર એની શ્રદ્ધા અપરંપાર છે. કોઈ અપ્સરાને એની માનો વેશ આપી એને લલચાવીએ તો જ કંઇ પત્તો ખાય. ઇન્દ્રની આજ્ઞાથી એક અપ્સરા સુનીતિનું રૂપ ધારણ કરી ત્યાં આવી ઉભી. ધ્રુવે એને મા જાણી પ્રણામ કર્યા. તે રોતીરોતી બોલી, 'બેટા, છોડી દે આ તપ. પેલા રાક્ષસો તને ખાઇ જશે. ઘેર આવીશ તો તને કેટલુંયે સુખ મળશે. રાણીએ લાત મારી તેથી શું થયું? આપણે ફરીથી એના બારણા આગળ ન જઇએ એટલે થયું.'

માતાનાં આ વચન સાંભળી ધ્રુવ ચોંકી ગયો. એણે કહ્યું, 'બા, આજ સુધી તારી શીખામણ આવી ન હતી. ધારેલું કામ હમેશાં પુરૂં જ કરવું એમ તું જ કહેતી હતી ને? સુખને તુચ્છ ગણવું એમ કેટલીયે વાર તેં મને કહ્યું છે. માન ખોઇએ એના કરતાં જાન જાય તે બહેતર એ આપણી કુળપરંપરા છે, એમ ક્યારનું તેં મને કહ્યું હતું. પછી આજે કેમ અવળી સલાહ આપે છે?'

બીચારી અપ્સરા મુંઝાઈ ગઈ. સુનીતિનો વેશ તે લઇ શકી. પણ સુનીતિની મોટાઈ તે ક્યાંથી લાવે? ધ્રુવની સાદાઈ અને શુદ્ધતા જોઈ તેનું હૈયું પીગળી ગયું. આવા નિર્દોષ બાળકને છેતરવા હું આવી એ કેટલું ખરાબ કામ મેં કર્યું એમ એના મનમાં થઈ ગયું. અપ્સરા પગે પડીને બોલી, 'મને માફ કરજે, નાના યોગીરાજ, ઇન્દ્રે મને મોકલી હતી.' ધ્રુવનું ધ્યાન એટલું બધું એકાગ્ર હતું કે ઇન્દ્ર ઉપર ક્રોધ કરવાનું પણ એને મન ન થયું. ધ્રુવે પેલી અપ્સરાને કહ્યું, 'મા, તારા ઇન્દ્રને કહે કે તારૂં ઇન્દ્રપદ હું નથી લેવા માગતો. મારે તો એવું સ્થાન જોઇએ છે કે જ્યાંથી બીજું કોઇ મને ઉઠાડે કે બીજો તપસ્વી મને ખસેડી દે એવી ઇન્દ્રની પેઠે બીક સરખી પણ મારા મનમાં ન રહે. મારા તરફથી ઇન્દ્રને અભય છે.

૫

છ મહીના પુરા થયા. એકાએક પ્રકાશ દેખાવા લાગ્યો. શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરી ચતુર્ભુજ વિષ્ણુ પ્રગટ થયા, વિષ્ણુએ કહ્યું, 'બેટા, તારે શું જોઇએ છે?'

'તારી ભક્તિ.'

'તે તો છે જ. બીજું તારે શું જોઇએ છે?'

'ભગવાન, અચળ સ્થાનની અભિલાષા રાખીને હું અહીંઆં આવ્યો, પણ મોટા મોટા ઋષિમુનિને દુર્લભ એવું તારૂં દર્શન મને થયું. હવે બીજું શું માગું? કાચ ખોળવા ગયો ત્યાં રત્ન જડ્યું એના જેવી મારી સ્થિતિ થઈ છે. હું કૃતાર્થ છું. હવે મારે બીજું કશું નથી જોઈતું.'

ધ્રુવે કહ્યું કે મારે બીજું કશું નથી જોઈતું, પણ એના મનમાં એક અભિલાષા રહી હતી. એના હૈયામાં ભક્તિનો એટલો બધો ઉભરો આવ્યો હતો કે એને ભગવાનની સ્તુતિ કરવાનું મન થયું હતું. પણ ધ્રુવ બાળક નહોતો ભણ્યો કાવ્ય કે નહોતો ભણ્યો વ્યાકરણ. તે છંદ પણ જાણતો ન હતો અને અલંકાર પણ જાણતો ન હતો. ભગવાનથી અજાણ્યું શું રહે? ભગવાને પોતાના શંખનો ધ્રુવના ગળાને સ્પર્શ કર્યો ને તરત જ ધ્રુવને દિવ્ય વાણી સ્ફુરી. તે ગાવા લાગ્યો :

યોન્ત: પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તામ્
સંજીવયત્યખિલશક્તિધર સ્વધામ્ના

અન્યાંશ્ચ હસ્તચરણશ્રવણત્વગાદીન્
પ્રાણાન્નમો ભગવતે પુરુષાય તુભ્યમ્
(અર્થ) અંતર્પ્રવેશી મમ ગાઢ સુષુપ્ત વાચ,
પ્રેરી રહે સકલશક્તિધર સ્વતેજે
ને અન્ય હસ્તપદકર્ણત્વચાદિ પ્રાણ;
તે હે પુરુષ ભગવંત નમું છું તુંને.

"આવી રીતે મારામાં પ્રવેશ કરી મારી સુતેલી વાણીને જગાડનાર અને મારા કાન, હાથ, પગ વગેરે સર્વ ઇન્દ્રિયો તેમ જ મારા પ્રાણમાં પણ જીવન રેડનાર જે કોઇ પ્રભુ તું છે તેને હું વંદન કરું છું."

આવી સ્તુતિથી સંતુષ્ટ કોણ ન થાય? ભગવાને ધ્રુવને ઉઠાડી કહ્યું, 'ચાલ મારી સાથે. પેલો ઉત્તરમાં અચળ તારો દેખાય છે એ જ સ્થાન તને આપું. આજથી તને બધા લોકો ધ્રુવલોક તરીકે ઓળખશે અને સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા અને અરૂંધતી સહિત સપ્તર્ષિ રોજ તારી પ્રદક્ષિણા કરશે.

એ ચળકતા આસન પર ધ્રુવ હજી બેઠો છે, અને ત્યાંથી બધી દુનિયાઓને ભક્તિના પાઠ ભણાવે છે. ગમે ત્યારે જુઓ, તે ઉત્તરમાં ધ્રુવ * જ છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ઉગતી પ્રજા (ચાલુ)

ડરબનવાળા મહુંમ શેઠ પારસી રૂસ્તમજીના હિંદુસ્તાનના ટ્રસ્ટીઓએ, ગુજરાતની રાષ્ટ્રીય શાળાઓ વચ્ચે 'રમતોની હરીફાઈ' કરાવવા માટે ગુજરાત વિદ્યાપીઠને ૨૦૦ રૂપિયા આપ્યા છે. એ રકમમાંથી વિદ્યાપીઠના મુદ્રાલેખવાળું ચાંદીનું એક ધ્યાનચિહ્ન (શીલ્ડ) બનાવડાવવું, અને દર વરસે જે શાળા રમતોની હરીફાઇમાં સૌથી વધારે પરાક્રમ બતાવી જીતે તેની પાસે એક વરસ સુધી એ ધ્યાનચિહ્ન રહે એવી વિદ્યાપીઠે યોજના કરી છે.

એ અનુસાર ગઈ તા. ૪-૧૦-૨૫ના રોજ થએલી રમતોની હરીફાઈમાં જુદીજુદી રાષ્ટ્રીય શાળાઓના આશરે ૧૨૫ વિદ્યાર્થીઓ ઉતર્યા હતા, અને તેમાંથી આ વર્ષ માટેનું ધ્યાનચિહ્ન અમદાવાદની પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ જીતી ગઈ છે.

ઉપલી યોજનામાં 'ગુજરાત જીમખાના' જેવી એક અગત્યની ભાવી સંસ્થાનું બીજ રોપાયું હોય એમ અમને લાગે છે; અને અમારી ખાતરી છે કે દર વર્ષે આ રમતોમાં ભાગ લેનાર શાળાઓની સંખ્યા વધતી જશે અને મરદાની રમતો તથા કસરતોનો શોખ વધારે ને વધારે જામતો જશે.

—આવતી તા. ૨૨મી નવેંબરે અમદાવાદમાં યુવકસપ્તાહ તથા કલાપ્રદર્શન અમદાવાદ યુવક-સંઘ તરફથી ભરાશે તે ૨૯મી સુધી ચાલશે.

—વનસ્પતિશાસ્ત્રના વિદ્વાન જ્ઞાતા અને પ્રખ્યાત ગુજરાતી **શ્રી** જયકૃષ્ણ ઇન્દ્રજી પાસે વનસ્પતિ સંબંધી જ્ઞાનના જે અમૂલ્ય ખજાના છે તે શીખવા ઉત્સુક કોઇ હોય તો તેવા પાંચ વિદ્યાર્થીઓને, એક વરસ સુધી ત્યાં કચ્છમાં એમની પાસે રહેવા તથા ખાવાપીવાની બધી સગવડો શેઠ **શ્રી** ગોકળદાસ ખીમજી ખાદીવાળા-કચ્છ માંડવી-એ આપવા જાહેર કર્યું છે. આવી અણમૂલી તકનો લાભ લેવા ઉગતી પ્રજાને અમારી ભલામણ છે.

—અખાડાઓની પ્રવૃત્તિઓને વધુ સ્થાયી, વ્યવસ્થિત અને લોકમાન્ય બનાવવાના હેતુથી અમદાવાદમાં 'વ્યાયામમંડળ' સ્થપાયું છે. અમદાવાદના બધા અખાડાઓ તેના અંગીભૂત બનીને તેની છાયા નીચે હવેથી કામ કરશે.

—ભગિનિ સમાજનું કલાપ્રદર્શન ૧૯૨૬ના જાન્યુઆરીના બીજા અઠવાડિયામાં મુંબઇ માધવબાગમાં ભરાશે.

—૨૧મા અંકમાંની 'ભયંકર ચોકીદારો'ની વાર્તા અંગ્રેજી પરથી ઉતારનાર ઉપેન્દ્ર ભટ્ટ નહિ પણ અનંત પંડયા છે.

નવી ઈનામી હરીફાઈ

તમે કરેલી એક સરસમાં સરસ મુસાફરીનું વર્ણન લખી મોકલો. (૧) લખાણ 'કુમાર'ના એક પાનાથી વધવું ન જોઇએ. (૨) લેખ માગશરની અમાસ સુધીમાં અમને પહોંચવો જોઇએ. (૩) પરિણામ આવતા વરસના પહેલા (પોષ ૧૯૮૨ના) અંકમાં પ્રકટ થશે. (૪) પાંચેક રૂપિયાની કિંમતનું એક પુસ્તક ઈનામ તરીકે અપાશે. (૫) એ વરસમાં જે ગ્રાહક હશે તેનો જ હક ઈનામ પર રહેશે.

દેશાવરના ગ્રાહકો

'કુમાર'નું ત્રીજું વર્ષ પુરૂં થવાને હવે તો એક જ મહીનો રહ્યો. તે પહેલાં તમારૂં લવાજમ અમને મળી ચુક્યું હશે તો જ તમને નવા વરસનો પહેલો અંક પોસ્ટ થઈ શકશે. વી. પી. તો તમને કરી શકાતાં નથી; કારણકે પાછળથી શરૂઆતના અંકો તરત જ ખુટી પડે છે અને ઘણાંને નિરાશ થવું પડે છે; માટે ચેતો.

વળી આવતા વરસના અગાઉથી ગ્રાહક થનારા માટે એક નવી ઇનામી યોજના આવતા અંકમાં પ્રકટ થશે. તમે દૂર દેશાવર છો, એટલે એનો લાભ તો આ અંક પહોંચતાવેંત લવાજમ રવાના કરો તો જ તમે લઇ શકો "કુમાર અમદાવાદ" એ નામનો ૧૧ શિલિંગનો પોસ્ટલ ઑર્ડર મોકલવો એ સૌથી સહેલો રસ્તો છે.

* ધ્રુવ એટલે સ્થિર. સુનીતિને પેટે જ ધ્રુવનો જન્મ થઈ શકે છે, અને સુરૂચિ અને સુનીતિ વચ્ચે અદેખાઈ તો હમેશાં ચાલે છે એનું રહસ્ય તમે સમજો છો ખરા?



માધુકરી

સત્ય જ પ્રભુના પ્રાણ અમારા, સત્ય જ અંગ અમારાં;
સત્ય જ રક્ત વહે અમ નસમાં, સત્ય જ વ્રત અમ ન્યારાં!

વાટે ઘાટે છાતી ફાટે થાય સ્મશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ રૂએ પણ પાછું જુએ ન મરણિયા!

કીર્તિ અમોલી ભારત કેરી આજ અમારે હાથે:
ઓ વીરા! જગને ઝુલવવી આ ગરવી ગુજરાતે! —કવિ ખબરદાર

અમર તપો

કાઠિયાવાડના પાટનગર સમા તે નગર ઉપર ઇશ્વરની અમીનજર મંડાએલી. નગરના મહાલયોના ઝરૂખા અને માનવીઓનાં વદન જાહોજલાલીની રોશનીથી ઝળહળતાં.

એક દિવસ એકાએક કરુણાજીની કરુણા વહેતી બંધ થઇ. નગરની રોશની ઉપર અંધકાર છવાયો. અને એ વિપત્તિ વેળાએ એક રાક્ષસે આવી 'માણસ ખાઉં'ના ભીષણ પડકાર કરવા માંડ્યા.

નગરવાસીઓ ભયભીત બન્યા અને તેમની સમૃદ્ધિના ભંડાર ઉઘાડા મુકી, એ રાક્ષસના પંજામાંથી છટકવા નાસભાગ કરવા લાગ્યા. નગર નિર્જન વેરાન બની ગયું. પણ એ વિકરાળ વેરાનની વચ્ચે અડગ ઉભો રહ્યો એક એ નગરનો માલિક; અને બીજાં, તેની ઓથે પડ્યાં હતાં પોતપોતાનાં ઝુંપડાંમાં થોડાં ગરીબગુરબાં અને અપંગઅનાથો.

એ નૃપાલના હાથમાં ખડ્ગ હતું. ખડ્ગ વીંઝતો વીંઝતો તે રાક્ષસની સામે લડતો હતો, અને એની હુંફે નાસી ન શકેલા નગરવાસીઓ નીરાંત અનુભવતા.

એ રાક્ષસ તે પ્લેગનો પિશાચ. તેના ઝેરી શ્વાસે માણસો નીચે પડવા માંડ્યાં. નગરમાં કાળો કેર વર્તી રહ્યો. ઘેરઘેર પ્લેગની પથારીઓ પડી.

હિંમત ન હારેલો રાજા પીડાતાં પ્રજાજનોને આશ્વાસનનાં અમૃત સીંચવા, શેરીએ શેરીએ, ગલીએ ગલીએ ને ઝુંપડે ઝુંપડે ઘુમવા લાગ્યો. તેની આંખોમાંથી નીતરતી દયા, હમદર્દી અને વાત્સલ્ય ઝીલી, દર્દીઓ અપાર સુખ પામતા.

એક દિવસ, નૂર વિનાના એ નગરને સંધ્યાદેવી નૂરની કલગી પહેરાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહી હતી. એ વેળાએ એ વ્હાલો પિતા ગરીબોની ઝુંપડીઓમાં પગલાં માંડતો હતો.

એક ઝુંપડામાં એક ડોશી ભોંયે પડી હતી. તેના છેલ્લા શ્વાસ ચાલતા હોય એવું ગમગીન વાતાવરણ હતું. પથારી પાસે બે નાનાં બાળકો ભીની આંખે ટળવળતાં હતાં.

રાજાએ અંદર જઇ ડોશીમાના ખબર પુછ્યા. 'માડી, કાંઇ ચિંતા ન કરશો. પ્રભુમાં ચિત્ત પરોવજો. આ બચ્ચાંને સંભાળનારો હું બેઠો છું. તમને કાંઈ જોઇએ છે?'

દીવામાં નવું દીવેલ પુરાયું હોય તેમ. શુદ્ધિ જાળવી રહેલાં એ ડોશીએ આંખો ઉઘાડી. તેણે બાપુને જોયા. આંખોમાં અનવદ્ય હરખ અને સુખ ચળકતાં લાગ્યાં.

'બાપુ, હવે કાંઈ અબરખા નથી રહી. આ છોકરાં તમને ભળાવીને હું તો જાઉં છું.' તુટતા શબ્દોમાં ડોશીમાએ જવાબ દીધો. શોકથી ઘેરાયેલાં નીચાં નયન ઢાળી બાપુ ઉભા હતા.

ત્યાં તો જાણે અસહ્ય દુઃખ થતું હોય તેમ, ડોશીના અંતરમાંથી એક દારૂણ નિસાસો છુટ્યો, 'રે, આ મહલાં મારો જીવ લ્યે છે. કોઇ એને ટાળો!'

રાજાજીએ આંખ ઉંચી કરી. ડોશીમાને મચ્છરના ત્રાસથી તરફડતાં જોયાં. પાસે જ ઉભેલા કામદારને બજારમાંથી દોડાદોડ તૈયાર મચ્છરદાની લઈ આવવા આજ્ઞા કરી. કામદાર દોડ્યો.

બાપુને પાછળથી વિચાર આવ્યો: કદાચ નહિ મળે. મોડું થશે. ડોશીમા વધારે પીડાશે.

ઈશારતથી અનુચર મોકલી કામદારને પાછો બોલાવ્યો. નવી આજ્ઞા આપી કે મારી મોટરમાં બેસી હજુર બંગલે જાઓ અને રિયાસતમાંથી મચ્છરદાની લાવો. ત્યાં ન હોય તો મારા પલંગ ઉપરથી ખેંચી લઇ આવો—જલદી આવો.

મોટર દોડી. રિયાસતની બધી મચ્છરદાનીઓ એ જ ઉપયોગ અર્થે બહાર ગઇ હતી. કામદાર રાજાજીના પોતાના પલંગ ઉપરથી મચ્છરદાની લઇને પાછો આવ્યો. રાજાજીએ

પોતે તે ડોશીમા ઉપર બાંધી !

ડોશીમાએ સુખનો, સંતોષનો, શાતાનો શ્વાસ લીધો. રાજાજી ફરીવાર દીલાસો આપી પાછા ફર્યા.

બીજે દિવસે સવારમાં દરબારી ફરમાન નીકળ્યું :

પ્લેગના દર્દીઓને માટે
જોઇએ તેટલાં નવાં દવાખાનાં ઉઘાડો.
દરેકને પલંગ અને મચ્છરદાની આપો.

પ્રજાના હૈયામાંથી આશીષ ઉઠી: રાજાનું રાજ્ય અમર તપો.

એ નગર રાજકોટ. એ રાજા લાખાજીરાજ. (મળેલું)

સમરાંગણનાં સ્મરણો

ઇજીપ્તમાં બીરલ મહાદતની પાસે અમારે દુશ્મનોનો ભેટો થએલો. પરિણામ બંનેમાંથી એક પણ પક્ષનો સર્વાંગ વિજય ન ગણાય તેવું આવેલું. દુશ્મનો અમને ચુકવી નીકળી ગયા. પછી અમે અમારા પક્ષનાં ઘાયલ થએલાં અને મૃત્યુ પામેલાં માણસોને એકઠાં કરવા રોકાયા હતા, અને દુશ્મનનાં જે દશબાર માણસો કેદ થએલાં તેની વ્યવસ્થા કરતા હતા. પતીઆલાના કમાન્ડિંગ ઑફિસર મેજર જીસળખાં વીરોચિત મૃત્યુ પામેલા તેમને માટે હું મારા બે સાથીઓ સાથે કબર ખોદાવતો હતો. એટલામાં મારે કાને એક વ્યથાગ્રસ્ત પણ વીરોચિત શબ્દ આવ્યો. મેં ઘોડો દોડાવી જે નાળા પાસેથી તે શબ્દ આવતો હતો ત્યાં જઈ તપાસ કરી, તો એક ટર્કિશ અમલદાર પોતાના શરીર ઉપરના બારતેર ભાલાના ઘાથી શોભતો લગભગ બેભાન અવસ્થામાં લોહીના તળાવમાં પડેલો ! મને જોઇ તેણે અવાજ કર્યો કે 'મોહા! મોહા!' (પાણી ! પાણી !) મેં નીચે ઉતરી તેને મારી પાણીની કોટલી આપી. અમને પણ ત્રણચાર દહાડાથી પાણી મળેલું ન હોવાથી તેમાં માત્ર ચારપાંચ ઘુંટડા થાય તેટલું જ પાણી બચેલું હતું; અને તે અણીને વખતે પીવા મેં ઘણો મનોનિગ્રહ રાખી સાચવેલું. તેણે ઘણી ત્વરાથી કોટલી લીધી, પણ મોં પાસે હાથ ગયો ત્યાં અચકાયો, અને મને પ્રશ્ન કર્યો, 'આપે છેલ્લું પાણી ક્યારે પીધું છે ?' મેં તેના મનના સાંત્વન માટે કહ્યું કે 'હમણાં જ.' પણ વાત તેને ગળે ન ઉતરી. તેણે પુછ્યું કે 'આપનાં પાણીનાં ઉંટ ક્યાં છે.' મેં કહ્યું કે તે તો બીજે રસ્તે ગયાં છે અને અમે તમારી ખબર સાંભળી બીજે રસ્તે આવ્યા છીએ. તેણે પુછ્યું, 'તમને છુટા પડ્યે કેટલો સમય થયો ? સાચું ન કહો તો ધર્મના સમ.' મેં કહ્યું ચાર દિવસ. એટલે એણે પાણી પીધા વગર કોટલી મને પાછી આપી ! મેં આગ્રહ કર્યો કે તમને તમારી ફોજથી જુદા પડ્યે એથી પણ વધારે વખત થયો છે, અને તે ઉપરાંત તમને બારતેર ઘાની પીડા છે, માટે તમે જ પીઓ; અને નહિ પીઓ તો હું ઢોળી દઈશ ! આખરે અમે બનેએ અરધું અરધું પાણી પીધું ! એ અફસર તે ઇજિપ્તના પૂર્વ ફોજના વડા જમાલપાશાનો પુત્ર. પછી તો અમે બંને મિત્રો થયા.

તેની આગલી જ રાતનો બનેલો કિસ્સો કહું. મારો ઘોડો અને હું બંને અતિ તૃષાતુર થએલા. મારું તો જે થાય તે ઠીક, પણ તરશથી જો ઘોડો પડે તો એ ૩૫ માઇલના રણની રેતીનો પ્રવાસ પગપાળો પુરો કરી ઘેર પહોંચવાની મારી શક્તિ નહોતી તેનું મને પુરું ભાન હતું. તે જ દહાડે પતીઆલા અને હૈદરાબાદ લાન્સર્સનાં ૩૦થી ૪૦ ઘોડાં તરશથી પડી ગએલાં તે પાછાં ઉભાં થયાં જ નહિ. સૈનિકો બીચારા તૃષાથી પીડાતા ઘર તરફ ઢસડા કરતા પાછા વળેલા. મેં ગમે તેમ કરી મારા ઘોડાને પાણી પાવા નિશ્ચય કર્યો. નકશો જોતાં એ રણમાં એક જ કુવો તુર્કોના કેમ્પની પછવાડે અમારા કેમ્પથી ત્રણ માઇલ દૂર હતો તેમ જણાયું. ત્યાં શી રીતે પહોંચવું ? હુકમ વગર કેમ્પ છોડવો તે પણ ગુન્હો. સદ્‌ભાગ્યે રાતના અમારી મોટી સેનાના બચાવ માટે, આસપાસ એકએક માઇલ દૂર 'આઉટપોસ્ટો' બેસાડેલી, તેના સંત્રીઓ જાગે છે કે કેમ તે જોઇ આવવાની ફરજ મારે માથે આવી. તેમનું નિરીક્ષણ કરી આવી મેં છાનામાના દુશ્મનની (તુર્કોની) છાવણી તરફ મારો ઘોડો હંકાર્યો. અંધારી રાત હતી. મને તારા ઓળખવાનો સહજ પરિચય હોવાથી હોકાયંત્રથી નિશાન માંડી કુવા તરફની દિશા પકડી. દુશ્મનોની બે આઉટપોસ્ટોની વચ્ચેથી સદ્‌ભાગ્યે વગર ટપાયેં પસાર થઇ ગયો. તેમના મુખ્ય દળના કેમ્પથી પા માઇલ દૂર જ કુવો હતો, એટલે મારે અવાજ ન થાય તે માટે પાળા ચાલવાની ફરજ પડી. વીશેક મિનિટની શોધ પછી કુવો જડયો. એક ફુટેલી ડોલ બહાર પડેલી તેથી કુવાની ભાળ લાગી. સાફો માથેથી ઉતારી, તેનું દોરડું બનાવી એક ડોલ ખેંચી પાણી કાઢી ચાખ્યું તો ખારું ધુધવા અને ગંધાતું ! મેં તો માત્ર હોઠ પલાળ્યા ને ઘોડાને ડોલ પાઇ. પાણી જોઇ ઘોડો ઉતાવળો થવા મંડયો, અને તે કુવામાં પડશે અથવા અવાજ કરશે તો દુશ્મન જાણી જશે તે ભીતિ પેદા થઈ. આખરે હું પોતે કુવામાં ઉતર્યો. ગોઠણ સમાણું પાણી હતું. ડોલો ભરતો જાઉં અને ઘોડાને આપું. પણ હું ભરું ત્યાં તો ઘોડો ઉપર પડતો આવે. એટલે એક હાથે તરવાર કાઢી તેને રોકતો જાઉં અને બીજે હાથે નીચે નમી ડોલ ભરું. ઘોડે અઠ્ઠાવીસ ડોલ પાણી પીધું ! એ રીતે પાણી પાઇ પાછો ફર્યો. કોઇને કશી ખબર ન પડી અને આબરૂ રહી.

આ મહાદતનું યુદ્ધ પુરું કરી અમે ઘાયલો અને કેદીઓને લઈ ઘેર પહોંચ્યા ત્યારે છ દિવસ થએલા. પાછા ફરતાં એક સવાર નામે કરસનસિંહનો ઘોડો થાક ને તરશથી પડી ગએલો. ઘોડો હમણાં ઉઠશે એવી આશામાં તેઓ તેની પાસે આખી

રાત બેસી રહ્યા, તોયે ઘોડો તો ન ઉઠયો; અને દુશ્મન ત્રણ માઇલની અંદર હતા એટલે એક ખાડો ખોદી આખો દિવસ તે ભાઇ તેમાં ગુપ્ત બેસી રહ્યા! બીજે દિવસ રાતના પશ્ચિમ તરફ કૅમ્પ છે એમ જાણી, ચંદ્રને નિશાને બધાં હથિયાર, ઘોડાનું જીન અને કારતુસ વગેરે માથે ઉપાડી ચાલવા માંડયું. ચારેક કલાક ચાલ્યા ત્યાં થાકયા, એટલે પાંચ મિનિટ વિસામો લેવા બેઠા ત્યાં આંખ મળી ગઈ. બેત્રણ કલાક સુઇ રહ્યા. તેઓ જાગ્યા ત્યારે તેમણે તો જાણ્યું કે હું પાએક કલાક સુતો છું. એટલે વળી ચંદ્રને નિશાને ચાલવા માંડયું. પરિણામ એ આવ્યું કે કૅમ્પ તરફ આવવાને બદલે તેઓ દુશ્મનના કૅમ્પની પછવાડે જતા રહ્યા! દિવસ ઉગ્યો ત્યારે ખબર પડી, એટલે વળી ખાડો ખોદી એક દિવસ ગુપ્ત રહ્યા. દરમ્યાનમાં ઘોડો તો પાછો, ઝાકળ પડયું તેથી ભીનાં થએલાં ભોથાં ચુસી, તાજો થઇ, કૅમ્પમાં પાછો આવી ગએલો! આથી અમે માન્યું કે કરસનસિંહ મરાયા. પણ બીજી રાતના કરસનસિંહ પાછા આવ્યા! દુશ્મનનો કૅમ્પ છાનામાના વટાવી આવવામાં સફળ થયા, અને બરાબર દસમે દિવસે નહેરથી પાંચ માઇલ દૂર અમે જ્યાં નહેરનું પાણી છોડી તળાવ બનાવી, દુશ્મનને આવવામાં આવરણ ઉભું કરેલું, ત્યાં આવી પહોંચ્યા. ત્યાં તૃષા છીપાવવા ખારૂં પાણી મોઢે માંડયું અને બેહોશ બની પડયા. બીજે દિવસે અમારી એક પેટ્રોલને તેમનો પત્તો મળ્યો. તે છાવણીમાં આવ્યા અને તેમને સહનશીલતા માટે 'સર્વિયન સિલ્વર સ્ટાર' મળ્યો.

(સૌરાષ્ટ્રમાંથી) **મેજર જોરાવરસિંહજી**

જુવાનીનું બંડ

દરેક દેશમાં અને દરેક કાળમાં બહારના શત્રુઓની સામે ગામ અને દેશનું રક્ષણ કરવાની જુમ્મેદારી યુવકવર્ગ પર જ રહી છે. સ્ત્રીઓ અને બાળકોની આબરૂ જાળવવાને, સંસ્કૃતિનાં સત્ત્વો સાચવવાને પુરાતન કાળથી તે આજ સુધી મોટે ભાગે યુવાનોનાં જ લોહી રેડાયાં છે.

વિગ્રહની ગરમાગરમીની પેઠે સુલેહના શીળા ગાળામાં કંઇ થોડી લડતો લડવાની હોતી નથી. તે લડતો બહાર દેખાતી નથી; પણ આન્તરિક હોય છે. સમાજના આચાર-વિચારની ને આર્થિક પરિવર્તનની, ધાર્મિક સુધારાઓની અને નૂતન સાહિત્યના વિકાસની અનેક પ્રવૃત્તિઓ ચલાવીને સુસ્ત અને ચીલે પડેલી પ્રજાને જાગ્રત કરવાની હોય છે. આ બધા કાર્યમાં પણ યુવાનોને જ આગળપડતો ભાગ લેવો પડે છે. અને જો મનવારોમાં કે ખાઇઓમાં યુવાનોને શરીરનું લોહી રેડવું પડે છે તો સુલેહનાં કાર્યોમાં અંતરનાં મંથન ને સાંસારિક યાતનાઓ ભોગવી ભોગવીને શરીરથી હજારોગણું અણમોલું હૃદયનું રાતું લોહી બાળવું પડે છે.

આપણે સ્વરાજને ઝંખીએ છીએ. જો સ્વરાજ સ્થાપવું હોય અને નભાવવું હોય તો બીજા દેશોમાં તેમ આપણે ત્યાં પણ કાયમના બાહુતો લશ્કરથી નહિ, પણ ગામેગામના સ્વયંસેવકોના દળથી દેશનું રક્ષણ થવું જોઇશે. બીજા દેશો જેવાં સુધરેલાં વૈજ્ઞાનિક શસ્ત્રાસ્ત્રો વાપરે છે તેવાં વાપરતાં આપણે પણ શીખવું જોઇશે. તે માટે યુવાનોમાં સાહસ અને શકિત જોઇએ.

આ સંબંધમાં સમજવું જોઇએ કે અખાડાની કસરતને અને મેદાનની રમતોની સાથે લશ્કરી તૈયારીને ઘણો જ ગાઢ સંબંધ છે. જે સાહસ અને શૂરાતન લડાઇના વખતમાં રણક્ષેત્રમાં વહે છે, તે પ્રાચીન હિંદમાં તેમજ અર્વાચીન યુરોપ-અમેરિકામાં મલ્લકુસ્તીમાં અને મૃગયામાં, વ્યાજ-યુદ્ધમાં અને રમતોની હરીફાઇમાં કેળવાતું ને કેળવાય છે. ઇંગ્લંડમાં કે અમેરિકામાં તમામ રમતગમતો દસ વરસ સુધી બંધ કરી શકાય તો ત્યાંના યુવકો પણ આપણા જેવા જ નિસ્તેજ અને નિર્બળ થઇ જાય; અને લડાઇનો ડંકો વાગે ત્યારે શત્રુની સામે દોડવાને બદલે સર્વે ઘરના ખુણામાં ભરાઇ જાય. તેથી આપણા યુવાનોમાં ખરેખરૂં ક્ષાત્રતેજ પ્રગટાવવું હોય તો કુસ્તી-કસરતના દંગલો અને હૉકી-ફુટબૉલનાં યુદ્ધો, ઘોડેસવારીની શરતો અને ધનુષ્યબાણની લડતો ફરીથી ખેલાવી જ જોઇએ. આ વિષે પણ યુવાનોને હાલનો ચીલો કાપવો જ પડશે અને સાંજે લફરલફર પાટલીએ, મંદ મંદ ગતિથી ગીતડાં ગાતાં કે ગપ્પાં મારતાં મારતાં ચાલવાને બદલે કચ્છ લગાવીને કે શોટર્સ પહેરીને જુવાનીના દાવ ખેલવાને માટે નીકળવું જોઇશે.

જેમ શરીરની તેમ જ મનની કેળવણીમાં પણ જુવાનોને નવો જ પંથ કાપવાની વધારે ને વધારે જરૂર પડશે. હાલ ઘણે ભાગે બી. એ.ની અને પછી વકીલાતની પદવી લેવાનો જે વિશાળ માર્ગ લેવાય છે તે ભુંસી નાખવો જોઇએ. જો યુવાનોને ખરૂં જીવનસાધન મેળવવું હોય, તેમ જ દેશની આર્થિક સ્થિતિ પણ સુધારવી હોય, તો ઘણા ભાગના વિદ્યાર્થીઓને વિજ્ઞાનનો અને હાથમજુરીનો રસ્તો લેવો પડશે. આ વિષે યુવાનો શું બંડ ન મચાવી શકે? આજે જ્યારે દેશમાં તો સમૃદ્ધ કે સંસ્કારી થવાનો થોડો જ અવકાશ છે, અને જ્યારે જીવનમાં સાંગોપાંગ પરિવર્તન કરવાની ગંભીર જરૂર છે, તે વખતે વિદ્યાર્થીઓએ કોઇ પણ રીતે હાલનો ચીલો કાપીને, કંઇ અવનવાં કાર્યો કરવાં જોઇએ. રશિયાની માફક ગામડાંની ખેતીમાં ને કારખાનાંની મજુરીમાં પણ ઝુકાવવું જોઇએ. આ વિશાળ દેશમાં સાહસિક પર્યટન કરીને કંઈ નવી જડીબુટ્ટીઓ ખોળવી જોઇએ ને છેવટે સાધનહીન દશામાં પણ દેશપરદેશ વિચરીને દેશની ઉન્નતિને માટે

કંઈ નવું ભાતું ભરી લાવવું જોઇએ.

ખરેખરૂં બંડ સમાજના જીવનમાં કરવાનું છે. તેને માટે કાં તો નાતનો બહિષ્કાર કરવાને અથવા નાતથી બહિષ્કૃત થવાને થોડાઘણા યુવાનોએ તો તૈયાર થવું જ જોઇશે. આપણા લગ્ન-મરણના ગંધાતા જમણવારો, આપણા બુઢ્ઢાઓના ચોથીપાંચમી વારના વરઘોડાઓ, આપણી વિધવાઓની અસહ્ય અવદશા, એ બધી હિન્દુ સમાજની રૂઢીઓ કયા જુવાન સંસ્કારી હિંદુને સાલતી નથી ?

ગુજરાતના યુવાનો! હજી યે તમે સંધ્યાકાળે ઢીલીપોચી ગતિથી અકાળ વૃદ્ધની માફક હળવે હળવે ચાલશો, કે ખરા મરદ બનવાને માટે અખાડાઓ અને મેદાનો ગજાવશો ? તમે કંઈ ઉમેદ કે ઉત્સાહ વગર યંત્રની માફક જરી કૉલેજોમાં ભણ્યા કરશો, કે દેશપરદેશના વિશાળ સાગરને ખેડીને કંઇ નવાં રત્નો મેળવવાને કોશિશ કરશો ? સરકારથી સ્વતંત્ર થવાને તલસવા છતાં તમારા જ મગજના ભ્રમ અને વડીલોના વારસારૂપ જે રૂઢિઓ તમારા વીર્ય ને પ્રાણના, સાહસ અને શૌર્યના કુમળા અંકુર ઉપર ભયંકર કુહાડા મારે છે, તેને છેદવાને માટે તમે તમારા સમાજની સાથે વિનયપૂર્વક છતાં આગ્રહપૂર્વક લડવાને કમર કસશો કે નહિ ? આના જવાબ પર ઇતિહાસમાં તમારી નામના કે નામોશીનો, અને તમારા દેશની ઉન્નતિ કે અવનતિનો આધાર રહેશે. ચતુર હશે તે ચેતશે, અને અસુરૂં થયું છે તે છતાં અંધકાર થતાં પહેલાં મગજનાં ભૂત અને રૂઢિનાં બંધનોની સાથે બાથ ભીડવાને સમરાંગણમાં ઝુકાવશે.

('સૌરાષ્ટ્ર' પરથી) **ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક**

નિરવધિ પ્રેમ

કહેવાય છે કે એક વખત હ૦ મહમ્મદ પેગંબર સાહેબ નદીમાં સ્નાન કરતા હતા, તેવામાં એક વીંછી તણાતો આવતો નજરે પડ્યો. પેગંબર સાહેબને દયા આવી અને એમણે તરત જ તેને હાથમાં લઇ બહાર કાઢવા માંડ્યો. પણ તેણે ડંખ માર્યો ને પાછો પાણીમાં પડ્યો. વિશ્વપ્રેમી હૃદય ફરી દયાર્દ્ર બન્યું. તે પ્રવાહમાં વેદનાની આગ હોલવાઇ ગઇ. ફરી તેને કાઢવા માંડ્યો ને ફરી તેમને ચટકાવ્યો ને ઉછળી ફરી નદીમાં પડ્યો ને તણાવા લાગ્યો. બીજા ડંખથી પણ તેમની દયા ઓછી ન થઈ. ત્રીજી વખત તેને પકડવા માંડ્યો. તેવામાં એક ભાઇ પાસે ઉભા હતા તેમણે કહ્યું, 'સાહેબ એ દુષ્ટ પોતાની દુષ્ટતા નથી મુકતો તો મારવા દોને.' પેગંબર સાહેબે શાંતિથી જવાબ આપ્યો, 'એ એની દુષ્ટતા નથી મુકતો તો હું મારી ભલાઇ કેમ મુકું ?'

બ્રહ્મદેશ

ચોખા અને સાગી લકડ, એ બે ચીજોએ આપણને બ્રહ્મદેશની ઘણી સારી પીછાન કરાવી દીધી છે. પણ બ્રહ્મદેશની સંપત્તિની યોગ્ય કલ્પના આવવા માટે એટલી ઓળખ અધુરી છે. બ્રહ્મદેશ એકલા હિંદુસ્તાનને જ ચોખા પુરા પાડે છે એમ માનવું એ તો બ્રહ્મદેશની મશ્કરી કરવા જેવું થાય છે. ત્યાં એટલા પુષ્કળ ચોખા પાકે છે કે યુરોપખંડને જોઇતા ચોખામાંના ૬૩ ટકા તો બ્રહ્મદેશમાંથી રવાના થાય છે. દર વર્ષે ૨૦ લાખ ટન ચોખા બ્રહ્મદેશ બહારના દેશને ખાવાને આપે છે. બ્રહ્મદેશનાં જંગલો પણ મોટાં, અઘોર અને મહા મૂલ્યવાન છે. હિંદુસ્તાનનાં સઘળાં જંગલ એકઠાં કરીએ તો તેના કરતાં પણ બ્રહ્મદેશનાં જંગલનો વિસ્તાર ઘણો જ વધારે થાય. એ જંગલમાં મુખ્ય લકડ સાગવાનનાં છે. એમાંથી દર વરસે પાંચ લાખ ટન સાગ કપાય છે.

આખી દુનિયામાં માણેક પુરાં પાડવાનો ઇજારો પણ એકલા બ્રહ્મદેશે જ ઉઠાવેલો છે. જાતવાન અને અસલ માણેક બ્રહ્મદેશની ખાણોમાંથી જ નીકળે છે. યૂરોપમાં બનાવટી માણેક બનવા લાગ્યાં છે. પણ બ્રહ્મી માણેકની બરોબરીમાં તે ઉતરી શકતાં નથી. ગયે વરસે ૧૦ લાખ રૂપિયાનાં માણેક બ્રહ્મી ખાણોમાંથી બહાર પડ્યાં ! બ્રહ્મદેશનો બીજો મોટો ઉદ્યોગ ચીરૂટો તૈયાર કરવાનો છે. ચીરૂટોનાં મુખ્ય કારખાનાં રંગુન શહેરમાં હોઇને તેની તંબાકુનો જથો તો બંગાલ અને મદ્રાસ ઇલાકામાંથી જ મળે છે.

ઑસ્ટ્રેલિયા

ઑસ્ટ્રેલિયાનો વિસ્તાર ૩૦ લાખ ચોરસમાઇલનો છે, અને એની વસ્તી ૫૫ લાખ માણસની છે. એટલે દર ચોરસમાઇલે બે માણસ ! જો કોઈ પણ પ્રજા આ ખંડનાં ખેતીહુન્નર ખીલવે તો જથ્થાબંધ માણસોની ત્યાં જરૂર છે. જાપાને પોતાનાં લાખો માણસોને ત્યાં મોકલી દીધાં છે અને એની સત્તા ઠીક જામી છે. ઇંગ્લંડનાં ઘણાંક કુટુંબો ત્યાં જઇ વસ્યાં છે અને હજુ દર વરસે ઘણા જુવાનો જાય છે. તેઓ સૌ અચ્છા ખેડુતો અને શહેરીઓ થયા છે. આપણી પેઠે ત્યાં પણ શહેરો ગીચોગીચ વસવા લાગ્યાં છે, તેથી ખેતી વધતી નથી અને ગામડાં ભુખે મરે છે. ઇંગ્લંડ તો એને પોતાનું એક સંસ્થાન જ સમજે છે અને થોડા વખતમાં જાપાનને કાઢી મુકવા માગે છે.

દુર્ગુણો ઢોલ વગાડીને નથી આવતા. દુર્ગુણોનું કામ ચોર અથવા ઝેરી જંતુઓ જેવું છે. તેઓ છુપી રીતે અને આપણને અજાણ્યા રાખીને આવે છે. નિર્દોષ બકરીની જેમ આપણી પાસે આવીને ભરાઈ જાય છે, અને કાઢતાં યે જતા નથી.

—**ગાંધીજી**